# રહેજ લઘુ વિસ્તાર આયોજન
# (જિલ્લો વલસાડ)


અહેવાલ લેખન :

દિલીપ પરમાર

સંકલન :

ડૉ. ઠાકોરભાઈ ભા. નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪. ૨૧૬

૧૯૮૭

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧. | પ્રારંભ | ૧ |
| ૨. | પૃષ્ઠભૂમિ | ૧૨ |
| ૩. | લવિની સામાજિક સંરચના | ૨૦ |
| ૪. | લવિની અર્થવ્યવસ્થા | |
| ૫. | આયોજનના સિધ્ધાંતો અને હેતુઓ | ૯૫ |
| ૬. | રહેજ લઘુ વિસ્તારનું આયોજન (સૂચિત) | |
| ૭. | તારણો | ૧૨૮ |

## પ્રકરણ : ૧૧

## પ્રારંભ

આદિવાસીઓ માટેની છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં કહ્યું છે કે લઘુ વિસ્તારો નક્કી કરવા માટે બે માપદંડ હોવા જોઇએ. એક, આવા વિસ્તારોની વસ્તી ૧૦,૦૦૦ હોય અને એમાંથી ૫૦ ટકા જેટલી વસ્તી અનુસૂચિત જનજાતિઓની હોવી જોઇએ. બીજું આવા લાભ કોઇપણ એક તાલુકાનો સળંગ ભાગ હોવો જોઇએ.

### સંશોધનનો હેતુ - વિષય શો હતો ?

ગુજરાત રાજ્યમાં આવા જે જે લઘુ વિસ્તારો આવેલા છે. તેનું આયોજન કરી છઠ્ઠી યોજનામાં જ વિકાસ કાર્યક્રમો શરૂ કરી દેવાના હતા. પરંતુ માત્ર ગુજરાતમાં જ નહિ. બલ્કે ભારતના લગભગ બધાજ રાજ્યોમાં આ નથી થયું. એટલે ગૃહમંત્રાલયની અને રાજ્યના આદિવાસી વિકાસ કમિશ્નરની આશા છે, કે સાતમી યોજનાના પ્રથમ વર્ષ માં જ આ કામ કરી દેવું જોઇએ. જેથી યોજનાનો બાકીનો મોટો સમય એને કાર્યાન્વિત કરવામાં વાપરી શકાય. ગુજરાત રાજ્યમાં લઘુ વિસ્તારો નુ આયોજન કરવાનું કામ આદિજાતિ વિકાસ કમિશ્નરે ગુજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ને સોંપ્યુ છે. આ કામ કેન્દ્ર સ્તરે ઘણી ટુકડીઓમાં વહેંચી દેવામાં આવ્યુ છે. અમારા હિસ્સે વલસાડ જીલ્લાના ગણદેવી તાલુકાના રહેજ લઘુ વિસ્તારનુ સર્વેક્ષણ હાંરિત આયોજન આવ્યુ છે.

### સર્વેક્ષણ સંશોધનના હેતુઓ :

આપેલ લઘુ વિસ્તારની વિગતવાર તપાસ કરવી. તેના પાયા પર લોકોની જરુરિયાતો સમજી તથા બીજી સંબંધિત વિગતો જોઇ તપાસીને તેના અનુસૂચિત જનજાતિઓના વિકાસ માટે આયોજન કરવુ.

સંશોધન ની પ્રવિધિઓ :

સંશોધન અહેવાલ તૈયાર કરવા બે પ્રકાર ની માહિતી ની જરુર રહે છે. એક પ્રાથમિક માહિતી કે જેમાં ક્ષેત્રકાર્ય અને તેના ઉપયોગમાં લેવાતી વૈજ્ઞાનિક સંશોધન પધ્ધતિ, બીજી દ્વૈતિક માહિતી કે જેમાં ગ્રંથાલય નો ઉપયોગ કરી સંશોધન અહેવાલ સંબંધી માહિતી મેળવવામાં આવે છે.

સંશોધન સંબંધી પ્રાથમિક માહિતી મેળવવા માટે ક્ષેત્રકાર્ય કરવામાં આવ્યુ હતુ. આ ક્ષેત્રકાર્ય દરમ્યાન જુદી જુદી વૈજ્ઞાનિક સંશોધન પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સાથો સાથ ક્ષેત્ર વિસ્તારમાંથી મેળવેલ માહિતીમાં માત્ર સંખ્યાધિક પાસાને જ મહત્વ આપવામાં આવ્યુ નથી. પરંતુ ગુણાત્મક પાસાને પણ એટલુ જ બલ્કે સંખ્યાધિક કરતાં વધુ મહત્વ આપવામાં આવ્યુ છે.

આ ક્ષેત્રકાર્ય દરમ્યાન નીચેની જુદી જુદી સંશોધન પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

।૧। અનુસૂચિત :

લઘુ વિસ્તારોમાં વસતા અનુસૂચિત જનજાતિના કુટુંબોની માહિતી એકત્ર કરવા માટે એક પ્રશ્નોની સૂચિ બનાવવામાં આવી હતી. જેના ધ્વારા આદિવાસી કુટુંબના ઘર ઘરવખરી, મિલ્કત, આવક, ખર્ચ, તથા દેવા વિષયક જાણકારી મેળવી હતી. આ ઉપરાંત લઘુ વિસ્તાર જાહેર થવાને કારણે અત્યાર સુધીમાં કેવા પ્રકાર ની મદદ મળી છે. અને કુટુંબલક્ષી ઉત્કર્ષ માટે શુ શુ મદદ ની જરુર છે. વગેરે...

ઉપરોકત અનુસૂચિત ધ્વારા રહેજ લઘુ વિસ્તારના ૩૩ ગામોમાંથી પાંચ ગામ પસંદ કરી દરેક ગામમાંથી વીસ વીસ કુટુંબ લઇ કુલ સો કુટુંબોનો અભ્યાસ કરવામાં આવ્યો

હતો. અનુસૂચિત નો નમૂનો પરિશિષ્ટ - ૧ માં આપ્યો છે.

।૨। મુલાકાત :

લઘુ વિસ્તાર માં વસતા અનુસૂચિતજન જાતિના કુટુંબની આર્થિક પ્રવૃત્તિઓ વિષેના કેટલાક પાસા તેમના સામાજિક ધાર્મિક રીતરિવાજ તેમની સંસ્કૃતિ તેમની મુશ્કેલી અને વિકાસ માટેની યોજનાઓ કેવી હોવી જોઇએ તે માટે ઉંડાણ પૂર્વક ની માહિતી પ્રાપ્ત કરવા લઘુ વિસ્તારમાં વસતા અનુસૂચિત જનજાતિના આગેવાનો, ગામ ના તલાટી, સરપંચ, ગ્રામસેવક, ગામના વેપારી તાલુકાના વહીવટમાં પ્રમુખ સ્થાન ધરાવતા તાલુકા વિકાસ અધિકારી ખેતી વિસ્તાર અધિકારી વગેરેની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત માં સંબંધીનો સાથેની મુલાકાત એ અર્ધ સંરચનાત્મક હતી. એમાં સમાજ જીવન માં કેવા તાણાવાણા છે. તે જાણવા માટે, એક મુલાકાત માર્ગદર્શિકા નો ઉપયોગ કર્યો હતો. એનો નમૂનો પરિશિષ્ટ - ૨ માં આપ્યો છે.

।૩। નિરિક્ષણ :

સંશોધન કાર્યમાં કેટલીક માહિતી પ્રશ્નો કે મુલાકાત ધ્વારા મળતી નથી અથવા તો પ્રશ્નોની આપ લે ધ્વારા જીવન ના અમુક પાસા જાણી શકાતા નથી. આવા સમયે નિરિક્ષણ ઘણું જ મહત્વ નુ કામ કરે છે. લઘુ વિસ્તાર માં વસતા કુટુંબો જીવન ની એવી ઘણી બાબતો નિરીક્ષણ ધ્વારા મળે છે. જેમ કે એક જાતિના બીજી જાતિ સાથેનો સંબંધો એક પેઢી અને બીજી પેઢી વચ્ચેનુ અંતર અને મર્યાદા કુટુંબ ના સભ્યોના અંદરો અંદર ના સંબંધો ઉપાર્જનની પ્રવૃત્તિ તેઓમની ગરીબાઇ, ધાર્મિક શ્રધ્ધા, ટેવ - કુટેવ, વ્યસન વગેરે વિષે સહભાગી અને અસરભાગી નિરીક્ષણ ધ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી.

ઉપરોકત સંશોધન પ્રવિધિનો ક્ષેત્રકાર્ય માં ઉપયોગ કર્યો હતો. સાથોસાથ પોકેટ સંબંધી અન્ય વિગતો માટે વૈંતિયક સ્ત્રોમાંથી માહિતી મેળવી હતી. જેમાં ગ્રંથાલય જુદા જુદા પુસ્તકો, વલસાડ જિલ્લા અને ગણદેવી તાલુકાની ભૂગોળ વગેરે નો ઉપયોગ કર્યો હતો. પોકેટ સંબંધી અધ્યન અને તે માટે નીચેના પુસ્તકો વાંચ્યા હતા.

।૧। Tribal Subplan.
।૨। હળપતિ જાતિ પરિચય
ગુજરાત ના આદિવાસીઓ
।૩। ગુજરાત ના દુબળા.

કોઇપણ સર્વેક્ષણ હેતુ એક થી વધુ હોય છે. જેમાં જ્ઞાન માટે, અધ્યન માટે બ્રાહદ સમાની જાણકારી માટે કે વિસ્તાર અથવા સમુહના વિકાસ માટે આ લઘુ વિસ્તારના અધ્યન પાછળ પણ વિકાસ નો અભિગમ હતો. કેમ કે સરકારની એવી ઇચ્છા છે કે જયાં ૫૦ ટકા થી વધુ આદિવાસી વસતિ વસવાટ કરતી હોય અને જે વિકાસ યોજનાના લાભ થી વંચિત હોય અને હજી સુધી જોઇએ તેવો લાભ મેળવી શકી ન હોય તો તેમની પ્રત્યે વધુ ધ્યાન આપી કંઇક કરવુ જોઇએ અને તેના જ પરિપાકે ભારત સરકારે દરેક રાજયને સૂચના આપી કે જે વિસ્તાર માં ૫૦ ટકા થી વધુ આદિવાસી વસતિ હોય તેમનુ અધ્યન કરી તેમાં વસતી આદિવાસી જાતિના કુટુંબો ગરીબી રેખાથી ઉપર આવે તેવુ આયોજન બનાવવુ આજ મુદ્દા ને કેન્દ્રમાં રાખી આ સર્વેક્ષણ કરવામાં આવ્યુ હતુ.

સંશોધન ક્ષેત્રે જે સમુહો સંખ્યાકિય રીતે વધુ છે. તેના વિષેનુ કામ ઘણુ જ થયુ છે. અને થાય છે. મતલબ કે એક જ્ઞાતિ કે જાતિ ને કેન્દ્ર માં રાખી સંશોધન કાર્ય થાય છે. જયારે પોકેટ વિસ્તાર એ એવો છે કે જેમાં અનુસૂચિત જનજાતિમાં પણ એક થી વધુ આદિવાસી હોય છે. આથી લઘુ વિસ્તાર માં વસતી જુદી જુદી

જ્ઞાતિઓ અને જાતિઓની રહેણી-કરણી રિવાજ, સંસ્કૃતિ અને આર્થિક પાસા વિષે અધ્યન કરવાનુ રસપુર રહે છે.

વળી અમારા કાર્યમાં આવેલ લઘુ વિસ્તાર કુદરતી રીતે પણ ઘણો જ સૌંદર્યમય છે. ભૌગોલિક રીતે કોઇ જગ્યા સપાટ તો કોઇ ડુંગરાળ પ્રદેશ વિસ્તારમાં જંગલ પણ ખરુ ગામની પાસે નદી આ બધુ જ વાતાવરણ ઘણુ આનંદદાયક હોય છે. અને ત્યાં વસતા આદિવાસીઓ પોતાનુ સમગ્ર જીવન કુદરતને ખોળે ધરી દે છે. અને આર્થિક રીતે ગરીબીમાં રહેતા હોવા છતાં માનસિક રીતે અને માનવતામાં ઘણા જ સમુધ્ધ છે. આવા સમુહો વચ્ચે રહેવુ, તેમની વચ્ચે રહીને કામ કરવુ તેમનો નિસ્વાર્થ પ્રેમ મેળવવો એ રસમય છે.

આવા કુદરતી સૌન્દર્ય વચ્ચે કામ કરવાની સાથે ગુજરાતમાં અનામત વિરોધી અને કોમી તોફાનોએ જે સ્વરુપ લીધુ હતુ. તે ગુજરાતના કોઇપણ ખૂણે વસતા લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે અસર કરતુ હતુ. મેં આજ સમયગાળામાં મારુ ક્ષેત્રકાર્ય શરુ કર્યું હતુ. આવા સમયે ક્ષેત્રકાર્ય કરનાર અને માહિતીદાતા બંને ચિંતીત હોય તે સ્વભાવિક છે.

વળી સરકારી કર્મચારીગણ રોષ્ટર પ્રથાના મુદ્દા ઉપર હડતાળ પર જતાં સંશોધન સંબધી આંકડાકીય અને જરુરી વિગતો લેવામાં ઘણી મુશ્કેલીઓ પડી. ગ્રામ કક્ષાએ તલાટી ન મળે, લોકોના મનમાં ભય રહયા કરે વગેરે પ્રસંગો ઘણા દુ:ખદાયક હતા આ બધુ જ સમાજના વિકાસ માટે અવરોધક અને ભાવિ વિકાસ માટે ખતરારુપ છે.

નિદર્શ કેવી રીતે નકકી કર્યો ?

મારા લઘુ વિસ્તારમાં ગામની સંખ્યા ।૩૩। તેત્રીસ છે. પણ તેમાં બે સૂચિત ગામો છે. બધા જ ગામની મુલાકાત લઇ માહિતી એકઠી કરવી મુશ્કેલ છે. વળી સરકારીશ્રીને લઘુ

વિસ્તાર ના આયોજન નો અહેવાલ જલ્દી થી મોકલવાનો હોય વગેરે બાબતો ને નજર સમક્ષ રાખી લઘુ વિસ્તારના બધા ગામો પસંદ ન કરતા સમગ્ર વિસ્તારનું પ્રતિનિધિત્વ જળવાય રહે. તેમ ગામોની પસંદગી કરવી વધુ વ્યવહારુ હતું. આથી ગામોની પસંદગી કરવા મે. સમાજ વિજ્ઞાનની લોટરી પધ્ધતિ નો ઉપયોગ કર્યો આમા લઘુ વિસ્તાર ના દરેક ગામ ।૩૩। ની ચિઠ્ઠી બનાવી. અને તેમાથી જે જે ગામનું નામ આવ્યુ તે ગામોને અભ્યાસ એકમ માટે પસંદ કર્યા. ચિઠ્ઠી મા ।૧। રહેજ, ।૨। પાથરી ।૩। દુવાડા ।૪। વેગામ ।૫। સોનવાડી, એ પાંચ ગામ પસંદ થયા. લઘુ વિસ્તાર ના પાચ ગામ કઇ રીતે છે તે નીચે આપેલ નકશા ઉપર થી વધુ સ્પષ્ટ થશે. । જોઇ શકાશે । સાથોસાથ એક મુદ્દા ની એ પણ સ્પષ્ટતા જણાવવી જુરુરી છે કે રહેજ પોકેટ મા આવેલ ૩૩ ! તેત્રીસ ! ગામમાથી ૫૦ ટકા ગામ નવસારી અને ગણદેવી ની વચ્ચે અને ૫૦ ટકા ગામ ગણદેવી બિલીમોરા ની વચ્ચે આવેલા છે. એટલે જે ગામો પસંદ કર્યા છે. તે બધા જ ગામાંનુ પ્રતિનિધિત્વ કરે છે. તેમ જરુર થી કહી શકાય.

ઉપરોકત પસંદ કરેલ દરેક ગામમાથી વીસ–વીસ કુટુંબ ની રુબરુ મુલાકાત લઇ માહિતી એકઠી કરવાની હતી. આ વીસ કુટુંબ પસંદ કરવાનો પણ માપદંડ હતો. જેમા ગામમા વસવાટ કરતી બધી જ આદિવાસી જાતિના અમુક કુટુંબ પસંદ કરવા. આવા કુટુંબો ખેતીની જમીન ધરાવતા હોય તો અને ન ધરાવતા હોય તેને પણ લેવાના, ધંધો કરતા કે ગૃહઉદ્યોગ મા પડેલા હોય, આમ કુટુંબ પસંદ કરવામા જુદા જુદા દષ્ટિકોણ ને નજર સમક્ષ રાખવામા આવ્યો હતો. અને આ સર્વેક્ષણ મા જે સો કુટુંબ પસંદ કરવામા આવ્યા છે. તે ઉપરોકત બાબતો ને ધ્યાનમા રાખીને જ કર્યા છે. જેથી સમગ્રતય ગામમા વસવાટ કરતા બધાજ આદિવાસી કુટુંબોનુ એક સર્વગ્રાહિ ચિત્ર મળી રહે.

ઉપરોક્ત વૈજ્ઞાનિક પધ્ધતિ ગામ અને કુટુંબોની પસંદગી કરી અનુસૂચિત અને મુલાકાત ધ્વારા મળેલ માહિતી ને સમૃધ્ધ અને વ્યવહારુ આયોજન કરવામા સહાયક બને તે રીતે મૂકવા માહિતી નુ કોષ્ટીકરણ કરવુ જરુરી હતુ. આ કોષ્ટીકર મા એ બાબત ને નજર સમક્ષ રાખવામા આવી હતી કે બધી જ મેળવેલ વિગતો એવી રીતે મૂકવી કે જેથી ગામ અને કુટુંબ નુ આયોજન કરતીવેળા સહાયક બને, આ બધી જ માહિતી ને ગામવાર, જાતિવાર, અને વ્યવસાય પ્રમાણે એમ જુદી જુદી રીતે ગોઠવવા માટે કોષ્ટીકરણ ફ્રેમ તૈયાર કરી હતી. અને એ પ્રમાણે કોષ્ટીકરણ કરી તેમાથી અહેવાલ ને અનુરુપ અનેક કોઠા તૈયાર કરવામા આવ્યા હતા. કોઠાઓની સૂચિ પરિશિષ્ટ- મા આપવામા આવી છે.

પ્રાપ્ત માહિતી ઉપરથી અહેવાલ પાછળ નો મુખ્ય અભિગમ વિકાસ નો છે. આથી ક્ષેત્રકાર્ય ધ્વારા અને દ્વૈતિક સ્ત્રોથી જે માહિતી મળી તેને આયોજન કરવાના સંદર્ભ મા ગોઠવવામા આવી છે. મતલબ કે પ્રકરણોને આ રીતે જ તર્કબધ્ધ અને હેતુપૂર્વક ગોઠવવા છે. લઘુ વિસ્તારમા વસતિ આદિવાસીઓ નુ સમગ્ર ચિત્ર પ્રકાશમા લાવી શકાય તે માટે જુદી જુદી વિગતો ને જુદી જુદી રીતે મૂકી છે. આમ કરવાની તેના બધા જ પાસા વિષે ખ્યાલ આવે તેવો પ્રયાસ છે. તેઓની હાલ ની સ્થિતિ થી શરુ કરી કઇ રીતે રહે છે. શુ ખાય છે, શુ કામ કરે છે, વિકાસ ની ઇચ્છા છે ? એ હોય તો કેવી ? તેમને માટે શુ કરી શકાય વગેરે વિગતોને નીચે દર્શાવ્યા મુજબ જુદા જુદા સાત પ્રકરણો મા વહેંચવામા આવ્યુ છે.

<u>પ્રકરણ : ૧ :</u>

આ પ્રકરણ મા લઘુ વિસ્તાર કઇ રીતે નકકી થયો તેના લક્ષણો શુ છે ? આ સર્વેક્ષણ નો ઉદ્દેશ શુ છે ? કઇ પધ્ધતિ અને પ્રવિધિથી માહિતીનુ સંકલન કરવામા આવ્યુ છે ? માહિતી

એકઠી કરવામાટે ગામ અને કુટુંબ કઇ રીતે પસંદ કર્યા વગેરે બાબતો માં વિસ્તૃત ખ્યાલ આવ્યો છે. સર્વેક્ષણ ની પૂર્વભૂમિકા આ પ્રકરણ થી જાણી શકાય છે.

<u>પ્રકરણ : ।૨।</u>

લઘુ વિસ્તારમાં આવતા તાલુકાનો જૂનો ઇતિહાસ અને હાલ નો ઇતિહાસ તેનો લોકોના ઉત્કર્ષ માં શું ફાળો છે. આ લઘુ વિસ્તાર ક્યાં આવેલો છે. મતલબ કે રાજ્ય, જિલ્લો અને તાલુકામાં તેનું સ્થાન તેનો ઉપરોક્ત સ્થળ, સ્થળ સાથેનો સંપર્ક કઇ રીત નો અને કેવો છે. તે બતાવ્યું છે.

નદીઓ કઇ કઇ છે ? સિંચાઇની અન્ય સુવિધા તળાવ નહેર, હોય તો તે અંગે લખ્યું છે. આમાંથી લોકોપયોગી વસ્તુ શું મળે છે ? તે નોંધ્યું છે. લઘુ વિસ્તાર માં ઠંડી ગરમી વરસાદનું પ્રમાણ આ બધાની લોકો પર કેવી અસર થાય છે ? લોકો ૠતુનો લાભ લે છે તે ~~દર્શાવ્યું~~ દર્શાવ્યું છે.

જંગલ કેવું કેટલા અંતરે ક્યા ખૂણામાં આવેલું છે. વનસ્પતી ઝાડ વગેરે ની નોંધ લોકો ને તેમાંથી શું મળે છે. તે બતાવ્યું છે. અહીં કેવા પશુ પંખી અને પ્રાણીઓ છે. તેનો લોકો ના વિકાસ માં ફાળો આ ઉપરાંત લઘુ વિસ્તાર માં જે સંશોધનો, ખનીજ પદાર્થ રેતી માટી ।પથરો। વગેરે વિષે લખ્યું છે. લઘુ વિસ્તાર ની આજુબાજુ પણ લોકોના આર્થિક ઉપાર્જનમાં મદદરુપ બનતી કોઇ વસ્તુ બનતી હોય તો તે પણ બતાવી છે.

<u>પ્રકરણ : ।૩।</u>

લઘુ વિસ્તારમાં કુલ કેટલી વસ્તી છે. તેમાં બિન-આદિવાસીનું પ્રમાણ પછાત જાતિમાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જન જાતિ વસતી તેમાં સ્ત્રી, પુરુષ, બાળકો કેટલા વગેરે લીધું છે. સ્ત્રી પુરુષ અને બાળકોના પ્રમાણ થી જ કામ કરનારા અને કામ

નહી કરનારા વર્ગ અંગેની જાણકારી મળે છે. નિશાળ જનાર બાળકો કેટલા તેમાં પણ કુમાર – કન્યાનું પ્રમાણ કુલ કુટુંબ સંખ્યા કેટલી અને કુટુંબકદ આ બધા વિષે વિગતો નોંધી છે.

જે જાતિઓ અને જ્ઞાતિઓ વસે છે તેના સમગ્ર જીવન વિષે ચિતાર આપ્યો છે. એકબીજી જાતિ અને જ્ઞાતિ વચ્ચેના સંબંધો એક બીજાને કેટલા અને કેવી રીતે ઉપયોગી થાય છે. એક બીજી જ્ઞાતિ અને જાતિ વચ્ચેનો કાર્યક્રમ, તેમના તહેવારો, મેળા, ધાર્મિક ઉત્સવ વગેરે અંગે નોંધ્યુ છે.

તેમના મહોલ્લા તેની સંરચના આદિવાસી કુટુંબ, કુટુંબકાર્ય, તેમના સગાઇ સબંધ, સ્ત્રી તેનો દરજ્જો, કાર્ય, ભૂમિકા વગેરે ની ચર્ચા કરી છે.

ગ્રામ વિસ્તારનું સંચાલન કરતી ગ્રામ પંચાયત તેના કાર્ય તેનો લોકોના વિકાસ માં ફાળો ગ્રામ પંચાયત ઉપરાંત જાતિપંચ અંગેની માહિતી લખી છે. તેમાં આગેવાનોનું કાર્ય અને ભૂમિકા તાલુકા અને જિલ્લાના ધારા સભ્યો તેમનો વિકાસ નો દ્રષ્ટિકોણ વગેરે જણાવ્યુ છે.

આદિવાસી વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાનુ પ્રદાન ઘણુ જ છે. આ વિસ્તારમાં આવી સંસ્થા અંગેની ...... નોંધ તેનુ કાર્ય વગેરે વિષે લખ્યુ છે. સ્વૈચ્છિક સંસ્થા ઉપરાંત ગ્રામ્યકક્ષા એ જે સહકારી મંડળી છે. તેની નોંધ લીધી છે. સમાજસંઘ સંસ્થા માં યુવક મંડળ, ભજન, મંડળ, અંગે પણ ~~પ્રશ્ન નોંધ્યુ છે.~~ નોંધ્યું છે ~~સ્થા નોંધ કરી છે~~

બાળ એ યુવા વિકાસમાં મહત્વ નો ફાળો આપતી નિશાળ, આશ્રમશાળા, ઉચ્ચ શિક્ષણ આપતી શાળાઓ વિષે ચર્ચા નોંધ કરી છે.

## પ્રકરણ : ।૪।

આદિવાસીઓની ભૌતિક સંસ્કૃતિ તેમના ઘર, તેની લંબાઇ પહોળાઇ, ઉંચાઇ, શાના બનાવે છે. તેમના ઘર, કાચા, ઝુપડાં કેટલા, ઘર કોણ બનાવે ઘરનો અંદાજીત ખર્ચ વગેરે ની નોંધ લીધી છે.

સ્ત્રી – પુરૂષ, બાળકોનો પહેરવેશ. આ ~~પરિવેશ~~ પહેરવેશ ક્યાંથી લાવે તેમના ઘરેણા તેના નામ શું ? ખાય શું , પીએ શું, તેમના વ્યસનો વગેરે ઉપરાંત ખેતી, શિકાર, નાચગાન વગેરે ના સાધનો તે પુરતા છે કે કેમ ? વગેરે વિષે ઉંડાણ પૂર્વક લખ્યુ છે. તેમના વ્યવસાયો, જમીન ધરાવતા કુટુંબો તેમની પાસેથી જમીન ધરાવતા કુટુંબ તેમની આવક ખર્ચ અને દેવા અંગેની ચર્ચા કરી છે. તેઓનુ આર્થિક ચક્ર પ્રમાણ કામ તેમને થતુ ઉત્પાદનનુ વેચાણ. પૈસાની જરૂર પડે તો ક્યાંથી લાવે વગેરે વિષે ચર્ચા કરી છે.

## પ્રકરણ : ।૫।

આયોજનના સિધ્ધાંતો અને હેતુઓ વિષે ચર્ચા કરી છે. આયોજના સિધ્ધાંતોમાં અત્યાર સુધીમાં શું કરવામાં આવ્યુ છે. તેના અંગે ઝાંખી છે. લોકો કેવૂ ઇચ્છે છે. તેમની આવશ્યકતા શું છે ? તેમની કુશળતા, સંસ્કૃતિ શિક્ષણ અને નવાચાર અપનાવવાની વૃત્તિ, નવુ શું થઇ શકે જૂનુ છે. તેને કઇ રીતે નવસાધ્ય કરી શકાય, જે નીચેના સ્તરે જીવે છે. તેમના વિકાસ ને પ્રથમ અગ્રિમતા આપવી આ બધા જ કામમાં તેમને તો સાથે રાખવા જ તેમનો સહકાર અન્યરત મળતો રહે તે જરુરી છે. જે મદદ કરીએ તે ટૂંકા ગાળાની નહિ પરંતુ લાંબા ગાળાની હોવી જોઇએ. આ બધાજ મુદ્દા વિષે ઉંડાણ પૂર્વક લખ્યુ છે.

## પ્રકરણ : ।૬।

ઉપર મુજબ સિધ્ધાંતો ને ધ્યાનમાં રાખી આયોજન કરવામાં

આવ્યુ છે. આ આયોજન માત્ર આર્થિક વિકાસ થાય તેવુ નહી પરંતુ જીવનના સમગ્ર પાસાંનો વિકાસ તેવા કાર્યક્રમો આપ્યા છે. તેમને માટેની ખાસ યોજના આ પ્રમાણે આપી છે.

।૧। પાયાની આવશ્યકતા । ઘર, વિજળી, આરોગ્ય ।
।૨। આર્થિક કાર્યક્રમ
।૩। લોકોની કુશળતા વધે તેવા કાર્યક્રમો
।૪। ધીરાણ વ્યવસ્થાના કાર્યક્રમો
।૫। ખેતીના કાર્યક્રમો
।૬। સામાજિક – શૈક્ષણિક કાર્યક્રમ
।૭। સાંસ્કૃતિક આયોજન
।૮। વહીવટી માળખા માટેના સુઝાવો

પ્રકરણ : ।૭।

સમગ્ર અધ્યયનથી જે જાણવા મળ્યુ તેના અંગે જે તારણો મળ્યા તે અંગે વિગતે નોંધ કરી છે. આમાં લઘુ વિસ્તારના ગામની યાદી સર્વેક્ષણ માં ઉપયોગમાં લીધેલી પ્રશ્નાવલી, ક્ષેત્રડાયરી ની નોંધ, મુલાકાત લીધેલ. વ્યક્તિના નામ પુસ્તકોની સંદર્ભસૂચિ કોઠા ની સૂચિ વગેરે આપ્યુ છે.

---

# પૂ ષ્ઠ ભૂ મિ

## ઇતિહાસ :

રહેજ લઘુ વિસ્તારનો ઇતિહાસ અંગે માહિતી સામાન્ય મળેલ છે. આ ગણદેવી તાલુકાનુ ગામ છે અને તે પણ ગણદેવી થી ફકત ૦ કિમી. પર આવેલુ હોવાથી જે ગણદેવી ની ઐતિહાસિક ભૂમિકામાં ખાસ તફાવત નથી. આઝાદી પહેલાં નવસારી અને ગણદેવી એ શ્રીમંત ગાયકવાડ સરકારના હતા અને તે બંને નવસારી પ્રાંત ના તાલુકા હતા. આઝાદી પછી શ્રીમંત ગાયકવાડ સરકાર નુ રાજય ભારત સંઘ માં જોડાતાં તે જૂના સૂરત જિલ્લામાં જોડાઇ ગયા. હાલ વલસાડ જિલ્લામાં છે.

દેશી રાજયોના ~~વિલિકરણ~~ વિલિનીકરણ પહેલાં મહાલનો મોટોભાગ વડોદરા રાજયમાં હતો. આ મહાલ ૧૯૬૪ માં તાલુકા તરીકે જાહેર થયો હતો. આ તાલુકામાં કુલ ૫૩ ગામોનો સમાવેશ થાય છે. આ સિવાય કોઇ બીજો ઇતિહાસ જોવા મળતો નથી.

સામાન્ય ભૂમિકા – વલસાડ જિલ્લામાં ગણદેવી તાલુકા ની ઉત્તરે નવસારી તાલુકો – દક્ષિણે વલસાડ તાલુકો – પશ્ચિમે અરબી સમુદ્ર પૂર્વ ચીખલી તાલુકાની હદ આવેલી છે.

તાલુકાનુ ક્ષેત્રફળ ૨૮૪ ચો.કી. છે. ગણદેવી તાલુકો ૫૩ ગામોનો બનેલો છે. જેમાં ૫૨ગ્રામ પંચાયત છે. ૧ જૂથ પંચાયત આવેલી છે. આદિજાતિ પેટા યોજના વાસ્તવિક પોકેટ વિસ્તાર તરીકે તાલુકો જાહેર કરવામાં આવેલો છે. જેના કુલ ૫૩ ગામો પૈકી ૩૩ ગામો પોકેટ અને ૨૦ બીન આદીજાતી હેઠળ ના ગામો છે.

લવિની ભૂગોળ :- ગુજરાત રાજ્યમાં વલસાડ જિલ્લો છે. આ વલસાડ જિલ્લામાં ગણદેવી તાલુકામાં રહેજ ગામ આવેલુ છે. આ લઘુ વિસ્તારનુ નામ રહેજ પરથી આપવામાં આવ્યુ છે. આ રહેજ ગામ ગણદેવી તાલુકા સ્થળેથી ૦ કિ.મી. દૂર આવેલુ છે. જિલ્લાથી એટલે કે વલસાડ થી રહેજ પોકેટ નુ અંતર ૪૦ કિ.મી. છે.

વલસાડ જિલ્લાના મુખ્ય શહેરો-ગામો જોઇએ તો આ જિલ્લામાં ૧૦ શહેરો અથવા નગરો છે. એમાંના આઠ નગરો તો તાલુકા ના મુખ્ય મથકો છે. અને વલસાડ તો કેવળ તાલુકાનુ નહિ પણ જિલ્લાનુ મુખ્ય મથક છે. નવસારી, ગણદેવી, બીલીમોરા, ચીખલી, વાંસદા, વલસાડ, પારડી, વાપી, ધરમપુર અને ઉમરગામ છે. દરેક ને શહેર ને રેલ્વે કે જમીનમાર્ગો વિષે ક્રમાનુસાર જોઇએ.

નવાસારી :

આ શહેરમાંથી મુંબઇ જતી મોટા માપની પશ્ચિમ રેલ્વે પસાર થાય છે. સુરત તરફથી આ તરફ આવતાં તાલુકાનુ ઉત્તર બાજુનુ પહેલુ રેલ્વે સ્ટેશન મરોલી છે. મરોલી વલસાડ જિલ્લાનુ પહેલુ રેલ્વે સ્ટેશન ઉત્તર ની બાજુથી ગણાય છે. મરોલી પછી નવસારી અને વેડછા એમ બીજા બે રેલ્વે સ્ટેશનો આવે એમ ત્રણ રેલ્વે સ્ટેશનો છે. આ તાલુકામાં એસ.ટી. બસોની ખૂબજ સગવડ છે.

ગણદેવી :

આ પોકેટના ગામનો તાલુકો છે. નવસારીથી જતી બિલીમોરાની બસો તેમજ વલસાડ જતી બસો ગણદેવી થઇને જાય છે. રેલ્વે વલસાડ થી લાગુ પડે છે.

બીલીમોરા :

આ ગણદેવી તાલુકાનુ મોટા મા મોટુ શહેર છે. મોટુ બસ સ્ટેશન છે. ચીખલી વલસાડ અને અમદાવાદ સુરત થી બસો વાયા બિલીમોરા થઇને વલસાડ આરવાડાંગ જાય છે. વલસાડ મુંબઇ જતી ટ્રેનો બિલીમોરા થી જાય છે. જકશન રેલ્વે સ્ટેશન છે.

ચીખલી :

આ શહેરથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ પસાર થાય છે. બીલીમોરા વાંસદા, નવસારી અને વલસાડ થી એસ.ટી. બસો પસાર થાય છે. નાના માપની । નેરોગેજ । રેલ્વે પસાર થાય છે. ચીખલી રોડ અને રાનકૂવા સ્ટેશન આવેલા છે.

પારડી :

પારડીથી ઉમરસાડી તથા ચીવલ, ઉદવાડા એસ.ટી. બસો જાય છે. રેલ્વે લાગુ પડતી નથી.

વાપી :

આ વાપી પારડી તાલુકાનુ મુખ્ય શહેર છે. ધરમપુર, વલસાડ, દમણ, નારગોલ ઉમરગામ એસ. ટી. બસો જાય છે. સુરત થી મુંબઇ જતી રેલ્વે લોકલ ગાડીઓ ।(~~ઇલેક્ટ્રીક~~) ચાલે છે.

ધરમપુર :

આખો તાલુકો ડુંગરોથી ભરેલો હોવાથી પાકી સડકો નથી ગામ છતાં ધરમપુરથી નાશિક, વાંસદા, અને વલસાડ તથા વાપી સુધી એસ. ટી. બસો દોડે છે.

આગળ જોયુ તેમ જમીન માર્ગો અને રેલ્વે સ્ટેશન પોકેટ ના

જિલ્લામાં મુખ્ય શહેરો સાથે જોડાયેલા છે. તે મુજબ જાણવા મળેલ છે.

## નદીઓ :

રહેજ લઘુ વિસ્તારમાં અંબિકા નદી પસાર થાય છે. આ નદીને વાડીઓની નદી પણ કહે છે. તેના કિનારે કિનારે ચીકુ, કેરી, કેળા, ફણસની ખૂબજ વાડીઓ છે. આ નદી ડાંગ જિલ્લાના આહવાની નજીકથી નીકળે છે. વાંસદા, ચીખલી, અને ગણદેવી તાલુકામાં વહેતી વહેતી ધોલાઇ નજીક દરિયાને મળે છે. નાની ભખવાડા આગળ ખાડી છે. અને અજરાઇ માં તળાવ છે.

## આબોહવા :

ગણદેવી તાલુકાની આબોહવા સમધાન છે. આ વિસ્તાર નુ હવામાન માર્ચથી જુલાઇ માસથી ગરમ અને ભેજવાળુ રહે છે. આ વિસ્તારના ઋતુચક્રમાં નવેમ્બરથી ફેબ્રુઆરી શિયાળો અને ત્યારબાદ માર્ચ થી જૂન માસ સુધી ઉનાળાની ઋતુ રહે છે. સામાન્ય રીતે વર્ષાઋતુ ની શરૂઆત જૂનના બીજા અઠવાડિયે થી થાય છે. અને સપ્ટેમ્બરના બીજા અઠવાડિયા સુધી રહે છે. તે અગાઉ ચોમાસા પછી તરત જ સપ્ટેમ્બર ના પાછલા ભાગથી નવેમ્બર સુધી પાનખરઋતુ રહે છે.

આ તાલુકામાં લગભગ ૨૦૦ સે.મી. વરસાદ પડે છે.

## વૃક્ષો વનસ્પતિ :

રહેજ લઘુ વિસ્તારમાં ખાસ જગલ નથી પણ એંધણ ગામ પાસે એક ડુંગરી છે. તેને એંધણ ની ડુંગરી કહેવાય છે. ઇશાન ખૂણા માં થોડુ જગલ લાગે છે. બાકીનો પ્રદેશ ઘણો સારો છે. આ લવિ માં ચીકુ, આંબાના, નાળિયેરી, લીમડો, ખાટી આંબલી,

નિલગીરી શરુ વગેરે વૃક્ષો થાય છે. આદિવાસીને ઝાડ નો શોખ દેખાય છે. પણ [illegible] કે નાયકા પાસે જમીન નથી માટે તેમના બારણામાં એટલે કે ઘરની આગળ પાછળ જે તે વૃક્ષો નો ઉછેર કરતા હોય છે. માટેભાગે લીમડો અને ખાટી આંબલી આંબાનુ પ્રમાણ વિશેષ જોવા મળયુ હતુ. નીલગીરી અને શરૂ નો આગળ ઉલ્લેખ છે તે વાડીઓમાં આ ઝાડ નો ઉછેર કેટલો હોય છે તે ખાસ અનાબિલ કે કોળી પટેલ ની વાડીઓમાં હોય છે. તે જોવા મળયા હતા. પાથરી ગામમાં આયોજન પૂર્વક SF સિમ્બોલ વાળો પ્રજેજેકટ બનાવ્યો છે. તેમાં ફૂલ, ઝાડ નો સમાવેશ થાય છે. તેમાં ખાસ નિલગીરી & શરૂ સુલાબુલ નામના વૃક્ષોનો ઉછેર કેટલો જોવા મળયો હતો. આ યોજનામાં થી ૧૫ આદિવાસીઓને મજૂરી મળે છે. આદિવાસી જે તેમના નિવાસસ્થાન આગળ વૃક્ષો ઉછેરે છે. તેમાંથી ખાટી આંબલી વેચે છે. ઘણીવાર આ વૃક્ષો અનાબિલ પણ માલિક બનતા હોય છે. કારણ કે જમીન જે ઘરથાળની હોય છે તે અનાબિલ કે કોળી પટેલ ની હોય છે. એટલે શોખ કે ઘર માટે લાકડા મળી રહે તે હિસાબે આ ઝાડ નો ઉછેર આદિવાસી કરતા હોય છે. ઘાસ માં રચકો, ઘોડાઘાસ નો ઉછેર જોવો તે વાડીઓમાં પોતાના પશુ માટે અનાબિલો એ કેટલો કે ઉછેરેલો હોય તેવુ લાગે છે. પતરેવલ । વડલી । ના પાનના છોડ નો ખાસ ઉછેર વાડીઓમાં જોવા મળયો હતો. તેને બજારમાં પાન વેચાતા જોયા. આ સિવાય બીજી કોઇ વનસ્પતિ કે વૃક્ષો જોવા મળયા નથી.

<u>પશુપખી :</u>

આ વિસ્તારમાં મોર, ઢેલ, હોલા, બતક, કાબર, કાગડા, ચકલીઓ, વગેરે જોવા મળે છે. ઉંટ, ગધેડા, મરઘા, જોવા મળે છે. તેમાં આદિવાસીઓના છોકરા કાયમ હોલાને મારી ને ખાતા હોય છે. મરઘીના ઇંડા ખાય છે. તેમજ મરઘા પણ મારીને ખાય છે. તેને માતાના ભોગ તરીકે પણ ઉપયોગ કરતા હોય છે.

બીજા સંસાધનો :

આ લઘુ વિસ્તારમાં ખાસ લાલ માટી ।પથરી। નીકળે છે. તે રહેજ થી ૧ કિ.મી. નવસારી તરફ ના ભાગમાં ચાલુ થાય છે. છેક પાથરી ગામના ઝાંપામાં પણ આ લાલ માટી જોવા મળે છે. આ જમીન વેચાતી રાખીને બેંગ્લોરી ।નલીયાતી। નળિયા બનાવવા માટે કારખાનાના માલિકો રાખે છે. તેમાંથી ખટારા માં ખોદી(ભર) જાય છે. પ્રાશના માપથી કાઢીને મજૂર ને પૈસા કે પછી દૈનિક રોજ પણ આપે છે. આ કામમાં મોટેભાગે આદિવાસીઓ જ કામ કરતા જોવા મળયા હતા. આ માટી । ખડી । થી બીલીમોરા અને ગણદેવી માં મોટા કારખાના છે. તેમાંથી વિલાયતિ નળિયા બહાર ગામ પણ મોકલાવતા હોય છે. નાના મોટા મકાનનો જે સામાન વેચતા હોય છે તે લોકો પણ ખરીદી કરતા હોય છે.

આ લઘુવિસ્તાર ની આજુબાજુમાં એટલે કે ગણદેવી ની બાજુમાં ઉતરે નવસારી, ગડત, સોનવાડી દક્ષિણે બિલીમોરા, વલસાડ, પૂર્વમાં ચીખલી તાલુકા અને દરિયો આવેલો છે. અમલસાડ મોટુ ગામ પણ આવેલુ છે. અમલસાડ, ચીકુ, કેરી, કેળાં માટે પ્રખ્યાત ગામ છે. તેના ચીકુ, કેરી, કેળાં બહારગામ મુંબઈ ખાસ જાય છે. તેના માટે રેલ્વે ની ગાડીઓ ખાસ ઉભી રહે છે.

આ વિસ્તાર લીલોતરો છે. અને જમીન ફળદ્રુપ છે. શાકભાજી પણ સારા થાય છે. મુંબઈ ના ભૈયા ખાસ રાતોરાત શાકભાજી માટે ગણદેવી અને બિલીમોરા ના આજુબાજુના વિસ્તારમાંથી મુંબઈ લઈ જાય છે.

ગણદેવીમાં ખાંડ નુ કારખાનુ અને કેરીના રસ ની ફેકટરી છે. અહિંયા ના ગોળ, પેંડા અને પૌંવા ખૂબજ વખણાય છે. સરકારી ખેતીવાડી ફાર્મ પણ છે.

ગણદેવી માં સહકારી ધોરણે ખાંડ નું કારખાનું ચાલે છે. હાથશાળ પણ ચાલે છે. તાંબા પિતળ ના વાસણો પણ વખણાય છે. આ રીતે ગણદેવી તાલુકો એટલે કે રહેજ લઘુ વિસ્તાર બધી રીતે આગળ જોવા મળે છે.

---

## પ્રકરણ : ૩

# લવિની સામાજિક સંરચના

### વસતિ :

રહેજ લઘુ વિસ્તારની સામાજિક સંરચના વિષે જોઇએ તો પહેલા વસતિને જોવી જરૂરી છે. આ રહેજ પોકેટ વલસાડ જિલ્લાના ગણદેવી તાલુકામાં આવેલુ છે. તો પહેલા જિલ્લાની તાલુકાની વસતિ, પોકેટના કુલ ૩૩ ગામોની વસતિ અને લઘુ વિસ્તારના સર્વેક્ષણ ના પસંદ કરેલા પાંચ ગામોની વસતિ જોઇએ તો વધારે સ્પષ્ટ થશે અને તેમા ૧૯૭૧ અને ૧૯૮૧ ના વચ્ચેના ગાળા દરમ્યાન વસતિમા થયેલો વધારો જોવા પ્રયત્ન કરીએતો દસ વર્ષના ગાળામા વસતિની સ્થિતિ વિષે ખ્યાલ આવે.

વલસાડ જિલ્લાની કુલ વસતિ ૧૯૭૧ – ૧૪૨૮૭૪૨, ગણદેવી તાલુકાની ૧૧૩૩૨૭ કુલ વસતિ છે. તેમા અનુસૂચિત જાતિની ૫૬૭૦ વસતિ છે. અનુસૂચિત જનજાતિની ૪૨૦૬૧ વસતિ છે. આ પોકેટ ના ૩૩ ગામની કુલ વસતિ ૫૦૭૬૬ ની છે. તેમા અનુસૂચિત જાતિની ૧૯૯૩ છે. અને જનજાતિ એટલે કે આદિવાસી ની ૨૨૩૭૦ ની વસતિ છે.

આ પ્રમાણે ૧૯૮૧ ની ગણદેવી તાલુકાની વસતિ ૧૧૪૯૨૧ છે.. તેમા અનુસૂચિત જાતિ ૪૮૯૪ ની છે. આદિવાસીની વસતિ ૪૦૩૩૫ છે. પોકેટ ના ૩૩ ગામોની વસતિ કુલ ૫૫૦૫૧ છે. અનુસૂચિત જાતિની ૨૧૬૦ ની વસતિ છે. આદિવાસીની ૩૦૧૨૪ છે. પોકેટના પસંદ થયેલા પાંચ ગામોની આદિવાસી વસતિ કુલ ૫૩૨ ની છે. તેમા કુલ પુરૂષ ૨૯૧ અને સ્ત્રી ૨૪૧ ની છે. ભણવા લાયક એટલે કે નિશાળે જવા લાયક બાલમંદિર થી માડી માધ્યમિક શાળાની વિગત કોઠા નં. ૩.૧ મા દર્શાવવામા આવ્યુ છે. તેમા જોતા સ્પષ્ટ થશે.

## કોઠો : ૩.૧ – શિક્ષણ

કોઠા નંબર ૧૨ માં દર્શાવ્યા મુજબ જોતા જણાય છે કે બાલ મંદિર માં ૩ કુમાર ૧ કન્યા પ્રાથમિક શાળામાં ૧૧૦ કુમાર ૬૫ કન્યા અને માધ્યમિક શાળામાં ૨૫ કુમાર અને ૪ કન્યા છે. એટલે ચાલુ શિક્ષણ માં કુલ ૧૨૮ કુમાર અને ૭૦ કન્યા જુદી જુદી કક્ષામાં શિક્ષણ લે છે. આ રીતે કન્યા શિક્ષણ નું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. અજ્ઞાણ ની સ્થિતી જોઇએ તો પુરુષ ૧૫૩ અને સ્ત્રી ૧૭૧ ની છે. એટલે કે અભણ માં સ્ત્રી કરતા પુરૂષ ની સંખ્યા ઓછી છે તેના ઉપર થી શિક્ષણ ની સ્થિતી નો ખ્યાલ આવે છે. પસંદ થયેલા કુલ ૧૦૦ કુટુંબ છે. આ કુટુંબોની કુલ વસ્તી ૫૩૨ છે. તેમાં ૨૯૧ પુરૂષ અને ૨૪૧ સ્ત્રી જોવા મળે છે.

લવિના પ્રજાતીય તત્વો :

રહેજ પોકેટ માં કુલ ૩૩ ગામ છે. તેમાંથી ૫ ગામના કુટુંબ પત્રકો ૧૦૦ દરેક ગામમાંથી ૨૦ કુટુંબ પત્રકો ભર્યાં હતા. એટલે કે આ પોકેટ માં આયોજન માટે ૧૦૦ કુટુંબ પસંદ કરવામાં આવ્યા. આ ૧૦૦ કુટુંબની માહિતી અને ગામની માહિતી કેવી જમીન કેવા પાંક અને આદિવાસી વસતિ સિવાય બિન - આદિવાસી ની વસતિ કેટલી ? આ આદિવાસી ની વસતિ અને બિન આદિવાસી વસતિ વચ્ચેના સંબંધ કેવા વગેરે જોવા પ્રયત્ન કર્યાં હતો. આ પ્રકરણ માં પ્રજાતીય તત્વો, એટલે કે જે પ્રજા, જ્ઞાતિઓ રહે છે. તેમના સંબંધો અને પોકેટ ના સંબંધ કર્તાં કેટલા અંશ છે. વગેરે જોવા પ્રયત્ન કરીએ.

આ રહેજ પોકેટ માં પસંદ થયેલા રહેજ, પાથરી, ફુવાડા વેગામ, સોનપાડી, ગામો હતા. દરેક ગામને ક્રમાનુસાર પ્રજાતીય અંગે જોઇએ તો...

રહેજ :

ગામમાં હળપતિ અને કોળી પટેલ અને એક અનાવિલ છે. આ હળપતિઓ ખેતમજૂર તરીકે અને હાળી તરીકે જીવન જીવે છે. કોળી પટેલ ના ત્યાં જેમ અનાવિલ ના ત્યાં બીજા ગામો જેમ અનાવિલ ના ત્યાં હળપતિ કામ કરે છે. તેવી રીતે કોળી પટેલ ના ત્યાં કામ કરે છે. પણ મોભો, વર્ચસ્વ, અનાવિલો નાં જેવું રહેતું નથી. આ હકીકત પાછળ એક મહત્વ નું કારણ એ છે કે અનાવિલો મોટે ભાગે શ્રીમંત અને જમીનદાર હોવાથી તેમના વલણો અને વ્યવહારોમાં મજૂર કે હાડી તરફ જુદા જ જોવા મળે છે. જ્યારે કોળી પટેલ સ્વયં જમીનદાર એટલે કે મહેનત કરીને જમીનદાર થયેલા એટલે તેમને મજૂર ને નરસા જે વલણો વ્યવહારો છે તેમાં મજૂર અને જમીનદાર વચ્ચે કંઇ મોટો ફેર લાગતો નથી પણ હળપતિઓને મજૂરી માટે આ કોળી સિવાય બીજો કોઇ ઉપાય નથી. એટલે કોળી પટેલ ના ખેતરોમાં કામ કરે છે.

આ ગામમાં હળપતિઓની સંખ્યા વધારે છે. અને કોળી પટેલ ની સંખ્યા ઓછી છે. તમામ હળપતીઓ આ કોળી પટેલ ના ત્યાં કામ મળી રહેતુ નથી. આથી તેમને બીજો કામે જવુ પડે છે. તે પણ છૂટક મજૂરીએ મોટેભાગે ગણદેવી શહેર છે. આ શહેર તાલુકા સ્થળ હોવાથી લાકડાના પીઠા અને બાંધકામ માં છૂટક મજૂરી કરે છે. છતાં કુટુંબ ની માહિતી મેળવતાં આ વસ્તુ ક્યાંય જોવા કે જાણવા મળી ન હતી. પણ, પછી અંગત નિરિક્ષણ અને ચર્ચા થી જાણવા મળયુ કે આ હળપતિઓ છૂટક બીજી મજૂરી પણ કરે છે. અનાબિલ નુ એક કુટુંબ છે. સરપંચ પોતે છે. તેમના ત્યાં હળપતિ આદિવાસી કામ કરે છે.

આ હળપતિઓ પાસે એક સિવાય કોઇની પાસે જમીન કે પશુ જોવા મળયા નહી. હળપતીઓનો તમામ આધાર મજૂરી ઉપર જ છે. જો મજૂરીના મળે ત્યારે તેમની પરિસ્થિતિ ધણી કપરી બને છે. આવા કેટલાક આદિવાસી ઓ જોવા મળયા કે અડધો રોજ ભરી આવ્યા હોય. આ રીતે જોતાં ખ્યાલ આવે છે કે અહીંયા ! રહેજ ! મજૂરી માટે ધણી જ મુશ્કેલી પડે છે. બે આદિવાસીઓ ! હળપતી ! ખોટા દાગીના ઘેર બેસીને બનાવતા જોવા મળયા તેઓ ઉચ્ચક કામ લેતા હોય છે. તેમને દિવસ ના દસ થી પંદર રૂપિયા પડતા હોય છે. પણ આ કામ નિયમિત મળતુ નથી.

**કુવાડા :**

કુવાડા ગામમાં નાયકા અને કોળી પટેલ ની વસતિ છે. આ ગામમાં એંધણ ની હદ પણ લાગે છે. અજાણ્યા માણસો આ બે ગામની હદ નકકી કરવી ધણી મુશ્કેલી ભરી બને છે. આ બાબતમાં આગળ જાણવા મળયું કે થોડાં વખતમાં બંને ગામને એક કરવાના છે. તેવી તાલુકાપંચાયત કચેરીમાં ચર્ચા ચાલે છે. આ ગામમાં નાયકા કોળી પટેલ ના ત્યાં ખેતમજૂર તરીકે કામ કરે છે. કારણકે નાયકામાં ફકત ૪ નાયકાને સામાન્ય ૫ થી ૧૦ ગુંઠા જ જમીન છે. તેમની પાસે કોઇ ખેતીના સાધનો પણ

ઉપલબ્ધ નથી અને કોળી પટેલ જમીન ધરાવે છે. આથી નાયકાને કોળી પટેલ ના ખેતરમાં જ કામ કરવાનુ હોય છે. સીજન સીવાય આ લોકો રોડ ઉપર કામ પણ કરતા હોય છે. મજૂરી માટે આજુબાજુના ગામમાં પણ જાય છે.

સોનવાડી :

આ ગામમાં બધી કુલ મળીને ૧૭૦૦ ની વસતી છે. મુસલમાન : ૨૫, દેસાઇ ના : ૩૫, કોળી પટેલ : ૨૫, હરિજન ભંગી : ૫, હળપતિના ૧૨૬, ધોડિયા ૧૯ કુટુંબો છે.

સમગ્ર વસતીમાં આદિવાસીનુ ! હળપતિ અને ધોડિયા ! પ્રમાણ વિશેષ છે. અને સરપંચ પણ હળપતિ છે. છતાં વર્ચસ્વ દેસાઇ કુટુંબોનુ વિશેષ જોવા મળે છે. કેટલાક કુટુંબો તેમના ત્યાં કામ માટે બંધાયેલા છે. કેટલાક કુટુંબો છૂટક મજૂરી પણ કરે છે. ૧ ભાઇ સિવણ નો ધંધો કરે છે. ૧૨૬ + ૧૯ = ૧૪૫ કુટુંબ હળપતિ અને ધોડિયા ના છે. છતાં ૪ કુટુંબ પાસે જમીન છે. આ આદિવાસી ખેત મજુર ખરા પણ છૂટક મજૂર સીજન મુજબ ધંધો મળે ઘણીવાર કામના પણ મળે તે વખતે જે કામ મળે તે ઉચ્ચક કે ખાવા સાથે પણ કરે છે.સોનવાડી ગામમાં બાગાયતની ખેતી છે.મજૂર ની જરુર પણ ઓછી પડે. વાવણી માટેની જમીન નહીવત છે. એટલે પણ મજૂરીની મુશ્કેલી પડે છે. અહીના આદિવાસી પાસે મિલ્કતમાં તેમનુ રહેવાનુ ઘર છે. તે જમીન અને ઘર અને ઘરમાં સામાન્ય ઘરવખરી વાસણ દા.ત. ૫ એલ્યુમિનિયમ !ધાતુ! ની થાળી ૪ તપેલી, પાણી ભરવા માટે માટલા અથવા જો કન્યાદાનમાં એકાદ પિત્તળ નુ બેડુ આવ્યુ હોય તો તે આ સિવાય કઇ વધારે સા સાધન કે મિલ્કત હોતી નથી.

આ ગામમાં ૫ કુટુંબ હરિજન ભંગી નાછે. તે કુટુંબો પણ મજૂરી જ કરે છે. આ કુટુંબો પાસે પણ મિલ્કત માં આદિવાસી કરતાં કઇ વિશેષ નથી.

<u>પાથરી :</u>

આ ગામમાં આદિવાસીમાં હળપતિ – १०४ કુટુંબ, નાયકા – ८ કુટુંબ, કૂકડિયાના ४ કુટુંબ છે. કુલ ११६ કુટુંબ આદિવાસીના છે. જ્યારે કોળી પટેલ ના ८२ છે. દેસાઇ – २ આહિર १८ છે. માયાવંશી હરિજન કુટુંબ १२ જોવા મળ્યા છે. વસતીની ગણતરીમાં જોઇએ તો આદિવાસીની વસતી નું પ્રમાણ વિશેષ છે. તેમાં પણ હળપતિ નું પ્રમાણ વિશેષ છે. છતાં १ એકજ હળપતિ આદિવાસી પાસે જમીન છે. ખાસ કરીને આ આદિવાસી કોળી પટેલ ના ત્યાં ખેત મજૂરી તરીકે કામ કરે છે. બંધાયેલા નથી. રોજ ઉપર સવાર થી સાંજ સુધી કામ કરે છે. છૂટક મજૂરી એ જે બોલાવે તેમાં જાય છે. ખણવાડા ગામમાં પણ ખેતમજૂરી માટે જાય છે. આ કેટલાક કુટુંબો આ ગામમાં ખણવાડામાંથી રેલ વખતે આવેલા છે. એટલે જૂના સંબંધો અને વ્યવહારો હાલ પણ સચવાયેલા જોવા મળે છે. કેટલાક તો સાળી રીતે २४ કલાક ના પણ બંધાયેલા છે. આ ગામમાં મરઘા સર્વિસ ના કારણે ६०००–०० ના દેવામાં २८ કુટુંબો આવી ગયેલા છે. એક વર્ષ દાણા – મળ્યા પછી મરઘા દાણ વગર મરી ગયા. હાલમાં તેના માટેના ઉભા કરેલા મરઘા ઘર ખાલી જોવા મળ્યા. હાલમાં કોઇ ઉપયોગ નથી.

આ આદિવાસીઓના । મકાન । ઘર અને સામાન્ય ઘરવખરી ની મિલ્કત ધરાવે છે. જમીન १ આદિવાસી સિવાય બીજા આદિવાસી પાસે નથી.

આ ગામમાં સરપંચશ્રીના પિતાજી એ એક SF સિમ્બોલ ની યોજના १ કરોડ ની બનાવી છે. પોતે નાયક છે. આદિવાસી સારુ વલણ ધરાવે છે. સહાનુભૂતિ વિશેષ જોવા મળી. યોજનામાં દરરોજ १५ ।પંદર। આદિવાસીઓ કામે આવે છે. તેમના રોજ ના રૂા १५–०० આપવામાં આવે છે. રોકડના ३५ માં ५० ટકા રકમ આપે છે. બાકીના ५० ટકા કપડાં – અનાજ વગેરે આપે છે. અહીંના આદિવાસીઓ છૂટક મજૂરી સાથે સંકળાયેલા છે. સામાન્ય રીતે આગળ જોયું તેવી જ રીતે વાસણો કે મિલ્કતમાં લગભગ

સરખુ છે. ૪ થાળી એલ્યુમિનિયમ, ૪ તપેલા બે માટીના ।દોરિયા। હોય છે. આ આદિવાસીઓમાં ૧ હળપતિ અને બે નાયકા પાસે જમીન છે. પણ તે પૂરતાં પ્રમાણમાં ના કહી શકાય. આથી તે આદિવાસીઓ પણ મજૂરીએ તો જવુ જ પડે છે. મકાન એટલે સામાન્ય ઘર વાંસ માટી ઉપર લીપણવાળી દિવાલ, વિલાયતી નળિયા છે. એટલે મકાનની મિલ્કત તરીકે ગણાય. આમાં કેટલાક કુટુંબ એટલે કે ૭ કુટુંબો તો વાણિયા – ધણિયાળાની જમીનમાં ઘર છે. એટલે તે જમીનની પણ માલિકી તેમની હોતી નથી. તેની ઉપર ખરેખર સામાન્ય છાપરૂ ઉભુ કરેલ છે. એટલે મિલ્કત કે સંસાધનો નુ પ્રમાણ નહીવત છે. મુખ્ય વ્યવસાયમાં ખેત મજૂરી કે છૂટકમજૂરી છે.

વેગામ :

આ ગામમાં આદિવાસીમાં હળપતિના ૧૧ કુટુંબ છે. ધોડિયાના ૪ કુટુંબ છે. ૫ કુટુંબ નાયકા ના છે. વેગામ ગામમાં એક પણ આદિવાસી પાસે જમીન નથી. પણ એક ધોડિયાની પાસે ઘર ની આગળ ૧૦ વીંઘા જમીન છે. આ સિવાય સામાન્ય મકાન છે. ઘરવખરીમાં થોડા બે ચાર કુટુંબો પાસે । ખાટલા છે. બાકીના પાસે કઇ જ નથી.

બિન આદિવાસીઓમાં જોઇએ તો દેસાઇ અને કોળીપટેલ ની છે. આ તમામ જમીન ધારક છે. અને તેમને ત્યાં ખેતમજૂર તરીકે આ આદિવાસીઓ કામ કરે છે. યુવાન બે ત્રણ આદિવાસી મિત્રો સાઇકલ પર માછલી કે શાકભાજી નો ફરતો ધંધો કરે છે. બાકી ના તમામ આદિવાસીઓ ખેતમજૂર અને છૂટક મજૂર તરીકે જીવન નિર્વાહ કરે છે. આદિવાસીઓની મિલ્કત કે સંસાધનો નું પ્રમાણ ઘણુ જ ઓછુ છે. આદિવાસી જીવન કોળી પટેલ, દેસાઇનાં ત્યાં લગભગ બંધાયેલા છે. એવુ જાણવા મળયું હતું.

## ~~સ્ટ્રેટી~~ સ્તરીકરણ – કોટિક્રમ :

રહેજ પોકેટ માં ૩૧ ગામોમાંથી પસંદ થયેલા પાંચ ગામમાં આદિવાસીઓ હળપતિ, નાયકા, ધોડિયા, પટેલ જોવા મળે છે. બિન આદિવાસીઓમાં દેસાઇ, કોળી પટેલ, આહિર, હરિજન, મુસલમાન વગેરે જોવા મળે છે.

આ સમગ્ર રીતે ~~સ્ટ્રેટી~~ સ્તરીકરણ ની રીતે જોઇએ તો સૌથી ઉંચા સ્થાને દેસાઇ આવે છે. પછી કોળી પટેલ, ધોડિયા પટેલ, નાયકા, હળપતિ આ રીતે તેમનો કોટિક્રમ આવી શકે છે.

દેસાઇ ને ત્યાં કામ કરવાની રીતે નજીકના સંબંધોમાં હળપતિ વિશેષ છે. આ હળપતિઓ દેસાઇ ના ત્યાં કાયમી બંધાયેલા હોય છે. દેસાઇ ના તમામ કાર્યમાં હળપતિ સહભાગી હોય છે. આ રીતે નાયકા નથી ધોડિયા નો બિલકુલ નહી માનસિક રીતે વલણો જોવા મળયા કે હળપતિ જેટલો ભળી જાય છે. એટલેીબીજી કોઇપણ આદિવાસી જ્ઞાતિ ભળી નહી શકે હજી મજૂરી ની રીતે સંબંધકર્તા બનશે. નાયકા થોડાગણા ઘરના વ્યવહારો સુધી જોવા મળશે. ધોડિયા ફકત મજૂરીના સંબંધે જ જોડાયેલા જોવા મળયા બીજું કે કોળી પટેલ ના ત્યાં પણ હળપતિ મળી જાય છે. પણ દેસાઇ ના ત્યાં જે સંબંધો – વ્યવહારો જોવા મળે છે. તે આ કોળી પટેલ અને હળપતિ વચ્ચે જોવા મળતા નથી અને કોળી પટેલ અને ધોડિયા પટેલ બંને રહેવામાં તો કોઇ ફેર દેખાતો નથી બંનેના વસવાટો એક સરખા જોવા મળે છે. એક સાથે હોય છે. સાધન સામગ્રીમાં કોળી પટેલ વિશેષ હોય છે. બાકી રહેવામાં સાથે હોય છે. હળપતિઓ મોટેભાગે ગામના આગળ ના ભાગમાં કાં તો પાછળ ના ભાગમાં અને તે પણ છૂટા છવાયેલા જોવા મળે છે. નાયકા પણ આ રીતે હોય છે. આ રીતે મુસલમાન, વાણિયા, બિન આદિવાસી છે. વાણિયાના ત્યાં હળપતિઓ બંધાયેલા જોવા મળે છે. મુસલમાનના ત્યાં જરૂર હોય તો છૂટક મજૂરી એ જાય છે.

| ક્રમ | ગામનું નામ | જાતિ | વિગત | કુટુંબ સંખ્યા | [illegible] | | [illegible] | | [illegible] | | [illegible] | | [illegible] | | [illegible] | | [illegible] | | [illegible] | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. | રહેજ | હળપતિ | જમીનવાળા | ૧ | ૭ | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | | | જમીનવગરના | ૧૯ | ૪૨ | ૩૩ | – | – | ૧૫ | ૬ | – | – | – | – | – | – | – | – | – | – |
| | | | કુલ | ૨૦ | ૪૯ | ૩૪ | – | – | ૧૫ | ૬ | – | – | – | – | – | – | – | – | – | – |
| ૨. | પાથરી | હળપતિ | જમીનવાળા | ૧ | ૧ | ૧ | – | – | ૨ | ૨ | ૨ | ૨ | – | – | – | – | – | – | – | – |
| | | | જમીનવગર ના | ૧૬ | ૨૫ | ૩૩ | – | – | ૧૫ | ૧૩ | ૩ | – | – | – | – | – | – | – | – | – |
| | | | કુલ | ૧૭ | ૨૮ | ૩૪ | – | – | ૧૭ | ૧૫ | ૫ | ૨ | – | – | – | – | – | – | – | – |
| | | નાયકા | જમીનવગરના | ૨ | ૩ | ૨ | – | – | ૧ | ૨ | ૧ | – | – | – | – | – | – | – | – | – |
| | | ધમેડિયા | જમીનવગરના | ૧ | ૩ | ૩ | – | – | ૩ | ૧ | ૨ | – | – | – | – | – | – | – | – | – |
| | | | કુલ | ૨૦ | ૩૪ | ૩૯ | – | – | ૨૧ | ૧૮ | ૮ | ૨ | – | – | – | – | – | – | – | – |
| ૩. | દુવાડા | નાયકા ~~જમીન~~ | જમીનવાળા | ૪ | ૭ | ૭ | – | – | ૩ | ૬ | ૧ | – | – | – | – | – | – | – | – | – |
| | | | જમીનવગર ના | ૧૬ | ૨૭ | ૨૫ | – | – | ૧૧ | ૯ | ૨ | – | – | – | – | – | – | – | – | – |
| | | | કુલ | ૨૦ | ૩૪ | ૩૨ | – | – | ૧૪ | ૧૫ | ૩ | – | – | – | – | – | – | – | – | – |
| ૪. | વેગામ | હળપતિ | જમીનવગર ના | ૧૧ | ૧૬ | ૨૧ | ૧ | – | ૧૨ | ૨ | ૩ | – | – | – | – | – | – | – | – | – |
| | | ઢોડિયા | જમીનવાળા | ૪ | ૮ | ૧૧ | – | – | ૨ | ૨ | – | – | – | – | – | – | – | – | – | – |
| | | નાયકા | જમીનવગરના | ૫ | ૩ | ૬ | – | – | ૭ | ૩ | ૨ | ૧ | – | – | – | – | – | – | – | – |
| | | | કુલ | ૨૦ | ૨૭ | ૩૮ | ૧ | – | ૨૧ | ૭ | ૫ | ૧ | – | – | – | – | – | – | – | – |
| ૫. | સોનવાડી | હળપતિ | જમીનવાળા | ૨ | ૧ | ૪ | – | – | ૮ | ૩ | ૨ | – | – | – | – | – | – | – | – | – |
| | | | જમીનવગરના | ૧૭ | ૮ | ૨૩ | ૨ | ૧ | ૨૮ | ૧૬ | ૬ | ૧ | – | – | – | – | – | – | – | – |
| | | | કુલ | ૧૯ | ૯ | ૨૭ | ૨ | ૧ | ૩૭ | ૧૯ | ૮ | ૧ | – | – | – | – | – | – | – | – |
| | | ઢોડિયા | જમીનવગરના | ૧ | – | ૧ | – | – | ૨ | – | ૧ | – | – | – | – | – | – | – | – | – |
| | | | કુલ | ૨૦ | ૯ | ૨૮ | ૨ | ૧ | ૩૯ | ૧૯ | ૯ | ૧ | – | – | – | – | – | – | – | – |
| | | | કુલ | ૧૦૦ | ૧૫૩ | ૧૭૧ | ૩ | ૧ | ૧૧૦ | ૬૫ | ૨૫ | ૪ | – | – | – | – | – | – | – | – |

ઉપર આદિવાસી અને બિન આદિવાસીઓના કોટિક્રમ ઉપર જોયુ હવે આદિવાસી આદિવાસી વચ્ચે કેવા સંબધો અને કોટિક્રમ છે તે જોઇએ. આમાં સૌથી ઉંચા ઢોડિયા ગણાય છે. પછી નાયકા અને હળપતિ છેલ્લે હળપતિનું સ્થાન આવે છે. જો કોઇ ઢોડિયા પટેલ વિશેષ જમીન ધરાવતા હોય તો તેના ત્યાં નાયકા કે હળપતિ મજૂરીએ જાય સામાન્ય રીતે અસ્પૃશ્યતા જોવા મળતી નથી. છતાં પણ સામાજિક સંબધો માં તેમનામાં જુદાઇ જોવા મળે છે. ઢોડિયા પટેલ ના ત્યાં નાયકા અને હળપપિ બન્ને લગ્ન વખતે કે કોઇ પણ સામાજિક પ્રસંગે જમણ લે છે. નાયકા કે હળપતિ ના ત્યાં ઢોડિયા જમતા નથી. ચાલ્લા વગેરે વ્યવહારો કરે છે. બેઠક માં જાય છે. તેમની વચ્ચે બેટી વ્યવહાર હોતો નથી. તદૃઉપરાંત નાયકા હળપતિ ના ત્યાં જમતા નથી. એટલે હળપતિ ઢોડિયા અને નાયકા ના ત્યાં જમવા જાય છે. નાયકા અને હળપતિ ઢોડિયા પટેલ ના ત્યાં જમવા જાય છે. આ રીતે કોટિક્રમ જોવા મળે છે.

હવે થોડુક સમગ્ર રીતે સામાજિક સંબધો તરફ જોઇએ તો દેસાઇ કોઇના ત્યાં જમવા જતા નથી. પણ તેમના ત્યાં બધા ને આમંત્રણ આપે છે. તમામ બીજી જ્ઞાતિઓ જમવા - વ્યવહાર કરવા આવે છે. કોળી પટેલ ના ત્યાં દેસાઇ જાય વ્યવહાર કરે જમે નહી તેવી રીતે દેસાઇ, કોળી પટેલ ઢોડિયા પટેલ, નાયકા અને હળપતિ ના ત્યાં જાય ખરા વ્યવહારો કરે પણ જમે નહી. દરેક ના સંબધો ઘણા જ ગાઢ જોડાયેલા જોવા મળે છે. કારણ કે આદિવાસી જ્ઞાતિઓ છે તે મજૂર છે. અને દેસાઇ, કોળી પટેલ જમીન ધારક છે. એટલે કે માધ્યમ મજૂરી બને છે. કે જેને બંને પક્ષે જરુરિયાત છે. આ રીતે સંબધો સારા જોવા મળે છે.

આદિવાસી તરફ ના વલણો તરફ દ્રષ્ટિપાત કરતાં જણાયું કે બધાજ ગામોમાં આદિવાસી તરફ વલણો સારા છે. કોઇ પણ જાત ની મુશ્કેલીઓ કે કનડગડતા કે પજવતા હોય તેવું જોવા કે સાંભળવા મળયું નથી.

ઉપરોક્ત આપણે કોટિક્રમ કે સ્તરીકરણ જોયું હવે ઝૂહેંજ પોકેટ માં આવતી આદિવાસી જ્ઞાતિઓના ક્રમ પ્રમાણે પરિચય જોઇએ. સૌ પ્રથમ ધોડિયા પટેલ, નાયકા, હળપતિ...

ધોડિયા પટેલ :

૧૯૭૧ ની વસતી ગણતરી પ્રમાણે ગુજરાતમાં આ જાતિની વસતી ૩૫૮૭૭૩ છે. જે ગુજરાત ની કુલ આદિવાસી ની વસતિ માં ૯.૬૧ ટકા છે. વલસાડ જિલ્લામાં આ જાતિ ની સૌથી વધારે વસતિ છે. જેની સંખ્યા ૨૯૦૦૯૨ ની છે. એટલે કે ગુજરાત માં વલસાડ જિલ્લામાં ધોડિયાની વસતિ પ્રથમ નંબરે છે. ગુજરાત માં બીજા નંબરે સુરત જિલ્લામાં આ જાતિની વસતિ ૬૬૨૩૧ ની છે. તેઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ધોડિયા શબ્દ ની ઉત્પત્તિ ખેતી સાથે સંબંધિત છે. આ જાતિના લોકો મૂળ ધૂળિયાથી આવીને વસ્યા હશે. તેવી એક માન્યતા છે. ધૂળિયા જિલ્લામાં પણ ધોડિયાની વસતિ છે તેના ઉપર થી આ માન્યતાને પ્રથમ સમર્થન મળે છે.

બોલી : પોતાની આગવી ધોડિયા બોલી છે. આ બોલીમાં ગુજરાતી શબ્દ ને બદલે મરાઠી ભાષાની અસર છે.

ઘરવખરી : ઘર વાંસના ખપાટિયાની દિવાલ અને તેના ઉપર માટી, છાણ, પરાળ ડાંગરની ! નું મિશ્રણ કરી પહેલો થર લગાડે છે. બીજો થર માટી અને છાણ નું મિશ્રણ લગાવે છે. ઘરનું છાજ દેશી અને વિલાયતી નળિયાનું હોય છે.

પોકેટ ના એરિયામાં છાજ ઘાસ નુ પણ જોવા મળયુ હતુ. કોઇ પાકુ મકાન જોવા મળયુ નથી. સામાન્ય રીતે એક ઓરડાવાળા મકાન પોકેટ માં જોવા મળયા છે. સુધડના સારી જોવા મળી આગળના ભાગને પરસાળ કહે છે. તેમાં ખાટલા કે સાદડી પડી હોય છે. પોકેટમાં અમુક અમુક ઘરોમાં ખાટલા જોવા મળયા હતા. અનાજ ખાંડવા માટે પથ્થર દાટવામાં આવે છે. પ્રકાશ અને હવાની અવરજવર માટે ભીંતમાં કાણા પાડેલા હોય છે. મોટેભાગે કપડાં શાખવા માટે વાંસને દોરી થી બાંધવામાં આવે છે. અને વાંસ ઉપર કપડાં મૂકે છે. અનાજ માટે માટીની કોઠીઓ જોવા મળી તેને ગોઠવીને રસોડાનો એક ભાગ પાડવામાં આવે છે. તેમાં ચૂલો ગોઠવેલો હોય છે. બળતણ માટેના લાકડા – છાણ રાખે છે.

ઘરમાં પાણીયારૂ કે બાથરૂમ હોતા નથી. નાહવા માટે બહાર વાડામાં એટલે કે જયાં ઘરની આગળ – પાછળ છૂટ દેખાય ત્યાં સામાન્ય પથ્થર નાંખેલો હોય છે. ઘણી જગ્યાએ ~~કોના~~ દીવાલ કે પાટિયા કે ઘાસ ઉભુ કરેલ હોય છે. પીવાના પાણી માટે માટલા એક લાકડાના સ્ટેન્ડ ઉપર રાખે છે. જમવા કે રાંધવા માટેના વાસણો ઘણા ઓછા હોય છે. વાસણો પિતળના એલ્યુમિનિયમના, સ્ટીલના અને માટીના હોય છે. વાસણો જરૂર કરતાં ઓછા હોય છે. ~~બેત્રણ~~ ત્રણ સ્ટીલના પ્યાલા એકાદ સ્ટીલનો લોટો, થાળીમાં અને ~~બેત્રણ~~ ત્રણ એલ્યુમિનિયમ ની તપેલીઓ કે થાલીઓ રાખે છે. કોઇક જગ્યાએ પિતળ ના બેડા જોવા મળે છે. પણ ઘણા ઓછા કુટુંબો પાસે હોય છે. પોકેટ માં ખાટલા જોવા ભાગ્યે મળે છે.

<u>પહેરવેશ</u> : ધોડિયા જાતિનો પોશાક તદ્દન સાદો છે. પુરુષો પંચીયુ અથવા તો ધોતી શરીરે ખમીશ બાંડિયુ પહેરે છે. માથા પર ટોપી મૂકે છે. વૃધ્ધ માણસો માથે સામાન્ય ફેટા ટાઇપ કપડુ બાંધે છે. યુવાનો ચડ્ડી અને ખમીસ પહેરે છે.

સ્ત્રીઓ પાંચવાર નો સાડલો કાળા અથવા ભૂરા રંગનો પહેરે છે. તેનો કછોટો વાળે છે. માથા ઉપર ટુકુ ઓઢવા

નો રિવાજ છે. મોટેભાગે ચણિયાનો ઉપયોગ કરતા નથી. સાડલાનો જ કછોટો વાળે છે. યુવાન સ્ત્રીઓ ચણિયો પહેરે છે. અને ગુજરાતી સ્ત્રીઓની જેમ સાડલો પહેરે છે. જ્યારે નાની ઉમર ની બાળાઓ ચણીયો અને બુશર્ટ અથવા ફ્રોક સ્કર્ટ વિગેરે પહેરે છે.

ઘરેણાં : ધોડિયા જાતિ ઘરેણા બાબત માં ઘણીજ શોખીન છે. તેઓ ચાંદી, કલઇ કે બીજી ધાતુઓના જ ઘરેણાં પહેરતાં હોય છે. સ્ત્રીઓ ચાંદી, નીકલ કલાઇ ના કલ્લા પહેરે છે. કેટલીક સ્ત્રીઓ સાંકળા પહેરે છે. સમુધ્ધ કુટુંબ ની સ્ત્રીઓ ચાંદીના સાંકળા પગમાં પહેરે છે. ગળામાં સોનાના ચેન પહેરે છે. કાનમાં ચાંદી અથવા તો સોનાના એરીંગ પહેરે છે. હાથે વીંટી પણ પહેરે છે. પોકેટ ના વિસ્તારમાં ઘરેણાનું પ્રમાણ ઘણું જ ઓછુ જોવા મળયુ.

પુરૂષો પહેલાં કાનમાં સોનાની કડી પહેરતા હતા. પહેલાં પુરૂષના કાનમાં કડી ન હોય તો તે વિધુર પુરૂષ હશે તેવુ માનવામાં આવતુ હતુ. આજે પુરૂષ કાનમાં કડી પહેરે તો નથી ફકત લગ્ન પ્રસંગે ગળામાં ચેન હાથમાં વીંટી પહેરે છે.

ખોરાક : ધોડિયા જાતિ મુખ્યત્વે ખોરાક માં ચોખા અને નાગલીના રોટલા, જુવાર, અળદ, અને વાલ તેમજ તુવેર જેવા કઠોળ નો ઉપયોગ કરે છે. કેટલાક કુટુંબો ચોખાની " રાબ " બનાવીને ખાય છે. ધોડિયા જાતિમાં જે મોક્ષધર્મ અને બીજા ધર્મની અસર હેઠળ આવ્યા છે. તેઓ શાકાહારી ભોજન લે છે. જ્યારે આ સિવાય ના માંસાહારી ભોજન લે છે. માંસાહાર માં મરઘા, બકરાં, કે માછલી નુ માંસ નો ઉપયોગ કરે છે. અને દારૂ પણ પીતા હોય છે. વાર – તહેવારે અને પ્રસંગો એ આ જાતિના લોકો દાળ-ભાત-લાપસી બનાવે છે.

શિક્ષણ : ગુજરાતની આદિવાસી જાતિઓમાં આ જાતિમાં શિક્ષણ નું પ્રમાણ સૌથી વધારે છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે ૩૧.૧૯ ટકા શિક્ષણ નું પ્રમાણ છે. જે ગુજરાત ની અન્ય આદિવાસી

જાતિઓના શિક્ષણ ના પ્રમાણ માં સૌથી મોખરા નું સ્થાન છે. પ્રવર્તમાન સમયમાં સ્ત્રી શિક્ષણ નો વ્યાપ વધ્યો છે. શહેર નજીક ના ધોડિયામાં શિક્ષણ નું પ્રમાણ સારૂ એવું છે.

આર્થિક પ્રવૃત્તિ :- આ જાતિનો મુખ્ય વ્યવસાય ખેતી છે. રહેજ પોકેટ વિસ્તારમાં જમીન નું પ્રમાણ ઘણુંજ ઓછું હોવાથી તેવો ખેતમજૂરી કે છૂટક મજૂરી કરતાં હોય છે. કંડકટર, શિક્ષક તરકે કે સ્કુલ ના પટાવાળા તરીકે નોકરી કરતા હોય છે. સમગ્ર ગુજરાત ને ધ્યાન માં રાખી ને જો વિચારીએ તો આ જાતિ આર્થિક સ્થિતિ સારી જોવા મળે છે. પણ પોકેટ ના વિસ્તાર માં ઘણી નબળી જોવા મળી છે.

સામાજિક બાબત : ધોડિયા લોકો પોતાને ગુજરાત ની અન્ય આદિવાસી જાતિ જેવી કે ભીલ, ધુબળા, નાયક, કોલચા કરતાં પોતાની જાત ને ઉંચા ગણે છે. તેમના હાથનું ખાતા પણ નથી. ચૌધરી આદિવાસી જાતિ સિવાય અન્ય આદિવાસી જાતિઓ ધોડિયા લોકોના હાથ નું ખાય છે.

આ જાતિમાં કુળ પ્રથા જોવા મળે છે. તેમના કુળ ના નામ ઉપર થી ખ્યાલ આવે છે કે આ જાતિને ઉંચી જાતિ કે જ્ઞાતિ સાથે ગાઢ સબંધ હશે. તેઓના કુળો ભટ્ટ, લાડ, બ્રાહ્મણીયા દેસાઇ, ગરાસીયા, જોષી, વાણિયા વિગેરે નામોના જોવા મળે છે. એક કુળ ની અંદર લગ્ન નો નિષેધ છે. આ જાતિમાં લગ્ન નક્કી કરવા માટે વ્યક્તિ બંને પક્ષ વચ્ચે રહે છે. જેને વહટાળિયો તરીકે ઓળખવામાં આવે છે. વર્તમાન સમયમાં એક પતિત્વ અને એક પત્નિત્વની પ્રથા જોવા મળે છે. પરંતુ અમુક કુટુંબોમાં બહુ પત્નીત્વ જોવા મળે છે. છૂટા-છેડા જાતિ પંચ ધ્વારા જ મળી શકે છે. ઘર જમાઇ જે તે લોકો "ઘરજમાઇ" ... "ખંધાડ" તરીકે ઓળખે છે. આ પ્રથા પણ જોવા મળે છે.

પોકેટ ના વિસ્તારને ધ્યાનમાં રાખી ને જોઇએ તો આ જાતિ ના સંબંધો બીજી આદિવાસી કે બિન આદિવાસી જાતિઓ કે જ્ઞાતિઓ સાથે સંબંધો સારા હોય છે. આ જાતિનુ દૈનિક જીવન સવારે ૬ વાગે ઉઠી પરવારીને સાત-આઠ વાગે મજૂરીએ જાય છે. બપોરે બાર ૧ વાગે જમવા આવે છે. બપોરે બે વાગે ખેતરે કે મજૂરી ઉપર જાય છે. સાંજે સાત વાગે પાછા આવે છે. રાત્રે આઠ થી નવ વાગે રાત્રે જમે છે. અને રાત્રિ મોટેભાગે ૧૦ વાગે સૂઇ જાય છે.

નાયકા :

વલસાડ - સુરત જિલ્લામાં વસતા નાયકા લોકોને " નાયકા " તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે પંચમહાલ અને વડોદરા જિલ્લામાં " નાયકડા " ના નામથી ઓળખવામાં આવે છે.

ગુજરાત માં નાયકાની વસતિ ૧૯૭૧ પ્રમાણે ૨૩૪૯૯૯ ની છે. ગુજરાત ની કુલ આદિવાસી વસતિમાં ૬.૨૯ ટકા તેમની વસતિ છે. પંચમહાલ જિલ્લામાં તેમની સૌથી વધારે વસતિ છે. જ્યા ૮૫૨૪૧ ની સંખ્યા છે. જ્યારે વલસાડ જિલ્લામાં નાયકાની વસતિ બીજા નંબરે આવે છે. નાયકા લોકો મૂળ ભીલ આદિવાસી જાતિની એક પેટા જાતિ હશે. તેવી એક માન્યતા છે. કારણ કે તે જાતિના શબ્દ નાયક ઉપર થી અનુમાન થઇ શકે છે. નાયક શબ્દ કેટલીક ટોળીના આગેવાન નુ કામ તેઓ પહેલા કરતાં હશે. તેમના ઘણા રિવાજો ધોડિયા જાતિને મળતા આવે છે. તેઓ ધોડિયા જાતિની આગેવાની કરતા હશે. તેવી પણ એક માન્યતા છે

એક માન્યતા પ્રમાણે મૂળ આ જાતિ કોઇ લશ્કર ની ટોળીમાં નાયક તરીકે નુ કામ કરતા હશે. ઐતિહાસિક બાબતમાં ઉલ્લેખ જોવા મળે છે કે તેઓ ચાંપાનેર ના હિંદુ રાજા ના લશ્કર માં નાયકો તરીકે તેઓ કામગીરી કરતા હશે. મુસલમાન રાજાઓ

ચાંપાનેર ના હિંદુ રાજાનો નાશ કરતા આ લોકો પંચમહાલ, સુરત, વલસાડ વગેરે સ્થળોએ આવીને વસ્યા હશે. ઇતિહાસમાં તેઓ હથિયાર દ્વારા લૂંટફાટ નુ કામ કરતા હતા. તે બાબત નો પણ ઉલ્લેખ છે.

ઉપર ની દરેક માન્યતા વિષે કોઇ ચોકક્સ પુરાવાઓ જોવા મળતા નથી. તેથી ચોકક્સ રીતે નાયક મૂળ કઇ જાતિના હશે તે કહી શકવુ મુશ્કેલ છે. પરંતુ તેમની જાતિના મૂળ શબ્દ " નાયક " ઉપર થી કહી શકાય કે તેઓ કોઇ ટુકડીઓની આગેવાની કરનાર વ્યકિત હશે. અથવા તો નાયક તરીકે નુ કામ સંભાળતા હશે.

ઘરવખરી :- નાયકા જાતિના ઘરો કાચા હોય છે. પોકેટ ના વિસ્તારમાં નાયકા જાતિના ઘરો કાચા જોવા મળે છે. એક જ ઓરડો હોય છે. પશુ કે જમીન હોતી નથી. ઘર નુ છાપરુ બે ત્રણ પ્રકાર નુ જોવા મળે છે.

જે કુટુંબો પોકેટ ના વિસ્તાર માં આવેલા છે. જેમને બે ટાઇમ પુરતુ ખાવાનુ પણ મળતુ નથી. આ કુટુંબો ના ઘર નુ છાજ પણ શેરડીના પાંદડા - ડાંગર ના પૂળા વગેરે નુ બનાવે છે. ઘણા કુટુંબો ના ઘરના છાજ દેશી - વિલાયતી નળિયા હોય છે. વિલાયતી નળિયાનુ પ્રમાણ ખૂબજ ઓછુ જોવા મળયુ છે. ઘર ની દિવાલ વાંસ કે ઘાસ ઉપર છાણ માટીનુ લિંપણવાળી હોય છે.

ઘરવખરી : નાયકા લોકો ગરીબ ની પરિસ્થિતિ માં જીવન જીવતા હોય ને તેમની પાસે ઘરવખરીના સાધનો પણ ખૂબજ ઓછા છે. જમવા અને રાંધવાના મોટેભાગે એલ્યુમિનિયમ ના હોય છે. ઘણા કુટુંબો પાસે માટીના વાસણો પણ જોવા મળે છે. થોડા ગણા કુટુંબો માં સ્ટીલ ની એકાદ થાળી કે પ્યાલો લોકો

જોવા મળયા હતા. સૂવા બેસવા માટે ખાટલો હોતો નથી. મજૂરી ના પાનમાંથી બનાવેલ સાદડી નો ઉપયોગ કરે છે. ખૂબ ઓછા કુટુંબો માં ખાટલા જોવા મળયા. આગળ ના ભાગ માં માંડવો પણ બનાવે છે. પાણીના માટલા માટે લાકડા નુ સ્ટેન્ડ બનાવે છે. તેના પર માટલા મૂકે છે. અનાજ માટી ના વાસણ માં ભરે છે.

તેમજ ઘર અને ઘર વખરી ઉપર થી ખ્યાલ આવે છે કે આ જાતિ ઘણા અલ્પ સાધનો થી જીવન ગુજારે છે. તેઓ ગરીબી માં જીવે છે. તેથી સ્પષ્ટ ખ્યાલ આવે છે.

પહેરવેશ :- નાયકા જાતિના લોકો ખૂબજ ઓછા વસ્ત્રો પહેરે છે. અથવા તો ચલાવી લે છે. વસ્ત્ર ની કિંમત પણ ઓછી હોય છે. તેમનો પોષાક તેમની ગરીબી ના દર્શન કરાવે છે. નાયક કમરે એક કકડો વિંટાળે છે. અને માથે એક કકડો નાંખી છે. પહેરવેશ માં પરિવર્તન આવેલુ જોવા મળે છે. યુવાન પુરૂષો કમરે કકડો વિંટાળતા નથી. પરંતુ એક ચડ્ડી પહેરે છે. અથવા તો ટુવાલ કમરે બાંધે છે. શર્ટ - બુશર્ટ પણ પહેરે છે. પાટલુન નો ઉપયોગ કવચિત કરે છે. કકડાના બદલે ટોપી પણ પહેરે છે. વયોવૃધ્ધ માણસો આજે પણ કકડો વિંટાડેલો જોવા મળે છે. ઉપર નો ભાગ ખુલ્લો હોય છે.

મોટી ઉંમર ની સ્ત્રીઓ કાળા રંગ ના વસ્ત્રો પહેરવા વધુ પસંદ કરે છે. તેઓ માથે એક લૂગડા નો કકડો ઓઢે છે. કમરે એક લૂગડુ પહેરે છે. અને શરીર ના ઉપલા ભાગમાં ચોળી પહેરે છે. નાની ઉંમર ના બાળકો એક ટુકી ચડી પહેરે છે. ૫ થી ૬ વર્ષ ના બાળકો વસ્ત્રનો ઉપયોગ કરતા નથી.

આજે સ્ત્રીઓ કમરે કપડુ પહેરવાને બદલે ટુકી સાડી કછોટો વાળીને પહેરે છે. કપડાં પહેરવામાં સ્ત્રીઓ રંગીન કપડાની વધુ પસંદગી કરે છે.

ધરેણાં :- નાયકા સ્ત્રી ધરેણા પહેરવાની શોખીન છે. પરંતુ ગરીબીને કારણે ઘણી સ્ત્રીઓ ધરેણા પહેરી શકતી નથી. પુરૂષો ધરેણાનો ઘણોજ ઓછો ઉપયોગ કરે છે. ભૂવા-ભગત હાથમાં ચાંદીનુ કે ધાતુ નું કડુ પહેરે છે. સ્ત્રીઓ કાને ચાંદીનાવાળા પહેરે છે. જેને કકરી તરીકે ઓળખાવે છે. તે કાનના ઉપલા ભાગમાં અને કાનની બુટ્ટીના ભાગમાં આમ બંને જગ્યાએ પહેરે છે. પગના કાંડામાં કડુ પહેરે છે. જેને તેઓ બોટિયુ તરીકે ઓળખાવે છે. આ બોટિયુ ચાંદી અથવા કલાઇ નુ હોય છે. ઘણી સ્ત્રીઓ બોટિયુ ને બદલે પગમાં સાંકડા પણ પહેરે છે. હાથમાં પ્લાસ્ટિક ની બંગડી પહેરે છે. ગળામાં ખોટા સોનાની માળા પહેરે છે. બનાવટી નથણી પણ પહેરે છે. નાયકામાં ગરીબ નુ પ્રમાણ વધારે જોવા મળે છે. કારણકે તેઓ સોના કે ચાંદીના ધરેણા પહેરી શકતા નથી. હાથમાં અને ગળામાં પ્લાસ્ટિક કે ખોટા મોતિ ના ધરેણા પહેરે છે.

ખોરાક :- ભૌગોલિક પરિસ્થિતિ ને ખ્યાલમાં રાખીને તેઓ ખોરાક લે છે. પોકેટ । રહેજ ! વિસ્તારમાં ચોખાના નાગલી અડદ, વાલ વગેરે હલકા ધાનનો ઉપયોગ વધારે કરે છે. ચોખામાં ઉચી જાતના ચોખાનો ઉપયોગ કરતા નથી. શાકભાજીમાં બટાટા, રીંગણ, અને ડુંગળી નો ઉપયોગ વધારે કરે છે. સસ્તા અનાજ ની દુકાન થી અનાજ લાવે તેનો ઉપયોગ કરે છે. તેલનુ પ્રમાણ નહીવત છે. મીઠુ, મરચુ, હળદર જેવા મસાલા વાપરે છે. ઉચી જાતના કે ગરમ મસાલા વાપરતા નથી. તહેવાર કે મહેમાન હોય ત્યારે માંસ ખાય છે. મોટેભાગે મરઘાનો ઉપયોગ કરે છે. ઇંડા પણ ખાય છે. પાડાનુ કાગડાનુ માંસ પણ ઘણા નાયકા ખાતા નથી. દારૂનુ પ્રમાણ વિશેષ છે. તાડી પણ પીવે છે. દૂધ વગર ની ચા પીવે છે.

શિક્ષણ :- આ જાતિમાં શિક્ષણ નુ પ્રમાણ ઘણુ જ ઓછુ જોવા મળે છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ આ જાતિમાં ૯.૫૫ ટકા શિક્ષણ નુ પ્રમાણ હતુ. જે ઘણુ ઓછુ ગણાવી શકાય. ગરીબી ને કારણે આ જાતિમાં શિક્ષણનુ પ્રમાણ ઓછુ છે. કારણકે

બાળક ૮ થી ૧૦ વર્ષ ની ઉમર નો થાય એટલે કુટુંબ ના ભરણ - પોષણ માટે આર્થિક પ્રવૃત્તિમાં લાગી જાય છે.

૧. શિક્ષણ ન લેવા પાછળ મુખ્ય આર્થિક પરિસ્થિતિ નુ પરિચય ભાગ ભજવેલુ હોય તેવુ લાગ્યા વગર રહેતુ નથી.

__આર્થિક પ્રવૃત્તિ :-__

નાયકા લોકો પાસે જમીન ઓછી છે. જે જમીન છે તે જંગલ જમીન નુ પ્રમાણ વધારે હોય છે. દારૂના વ્યસનને લઇને તેઓ જમીન સુધારણાનુ કામ કરતા નથી. અથવા તો જમીન સુધારણા માટેની ઇચ્છા ઓછી થાય છે.

ખેતી ની જમીન નબળી અને બિન ઉત્પાદીત હોવાથી તેમાંય આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી તેઓ રસાયણિક ખાતર નો ઉપયોગ કરતા નથી. તેથી અનાજ પણ ઓછુ પાકે છે. અને ખેતમજુરી ઉપર મુખ્ય જીવન નિર્વાહ નો આધાર રાખવો પડે છે. અન્ય મજૂરીઓમાં તેઓ બાંધકામ ની મજૂરી જંગલખાતા ના કામ માં પણ જાય છે. સ્ત્રી સભ્યો માછલાં પકડવાની પ્રવૃત્તિ પણ કરે છે. ગુજરાન ચલાવવા માટે જુદા જુદા પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓમાં રોકાયેલા જોવા મળે છે.

__સામાજિક રિવાજોનો ટુંકો ખ્યાલ :__

લગ્નમાં આજે પણ છોકરાવાળા છોકરીવાળાને દહેજ આપે છે. દહેજ માં રોકડ રકમ અથવા વસ્તુના રૂપે આપે છે. વસ્તુમાં મુખ્યત્વે અનાજ, ચાંદીના સાંકળા, કપડાં વગેરે આપે છે. આ પ્રથા પહેલેથી જ ચાલી આવી છે. આમાં કંઇ પરિવર્તન આવેલુ નથી. જ્યારે લગ્નના સ્થળ માં પરિવર્તન આવેલુ જોવા મળે છે. પહેલા છોકરીની જાન છોકરાને ત્યાં જતી હતી. આજે છોકરાની જાન છોકરીના ત્યાં જાય છે. છોકરીવાળા જાનમાં આવેલા મહેમાનોને દારૂ આપીને સ્વાગત કરે છે. ભોજન પણ કરાવે છે. ભોજન માં ચોખા દાળ બનાવે છે.

આ જાતિમાં છૂટા - છેડા પુનઃ લગ્ન જોવા મળે છે. એક પતિત્વ અને બહુપત્નિત્વ ની પ્રથા પણ જોવા મળે છે. મોટેભાગે એક પત્નિત્વ ની પ્રથા આજે પ્રચલિત છે. પરંતુ કોઇક કિસ્સામાં એક કરતાં વધારે સ્ત્રીઓ સાથેના લગ્ન કરનાર પુરૂષ જોવા મળે છે. છૂટા છેડા જાતિના આગેવાન અને ગામના આગેવાનો સાથે મળીને છૂટા છેડા ના કારણો ની ચર્ચા કરી અને કયા પક્ષે દંડ કરવો, કેટલી રકમ નો દંડ કરવો વિગેરે નક્કી કરીને છૂટા છેડા આપે છે.

બીજી જ્ઞાતિઓ સાથેના સબંધો ઘણા સારા હોય છે. કારણકે ખાસ મજૂરી પર જીવન જીવવાનુ હોય એટલે આધાર પણ બીજી જ્ઞાતિઓ કે જે જમીન ધારક હોય તેની ઉપર રાખવા નો હોય છે. આ સિવાય ની જ્ઞાતિઓ સાથે સંબંધો ઘણા સારા જોવા મળે છે. દૈનિક જીવન સવાર થી સાંજ સુધી મજૂરી કરવાની બપોરે જમવા એક કલાક છૂટ મળી રહે તેમાં રોટલા ખાય રાત્રે ૯ થી ૧૦ ના ગાળામાં સુઇ જતા હોય છે.

<u>હળપતિ :-</u>

દૂબળા । હળપતિ । :- ગુજરાત માં નાની મોટી બધી મળી કુલ ૨૯ જેટલી આદિવાસી જાતિઓ વસવાટ કરે છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી ની દ્રષ્ટિ એ દૂબળા । હળપતિ ।ઓ નુ સ્થાન જોઇએ તો ગુજરાત ની કુલ ૩૭૩૪૪૨૨ ની વસતિ પ્રમાણે ૧૩.૯૯ ટકાની છે. જેમાં પ્રથમ સ્થાને ભીલ ૩૮.૮૭ ટકાની વસતિ ધરાવે છે. અને ૧૦.૪૧ ટકાની વસતિ સાથે દુબળા બીજું સ્થાન ધરાવે છે. એટલે આ મહત્વ ની મોટી વસતિ ધરાવતી જાતિ છે. સુરત જિલ્લાની જાતિઓમાં ગામીત, ચૌધરીઓ પછીનુ સ્થાન પણ દુબળા જાતિ ધરાવે છે. એ કરતાંગ બીજી રીતે પણ આ દુબળા જાતિ સુરત જિલ્લામાં આઠમુ સ્થાન ધરાવે છે.

સામાન્ય રીતે આદિવાસી લોકો પર્વતીય પ્રદેશ માં રહેતા હોય છે. પરંતુ દૂબળા લોકો પર્વતીય પ્રદેશ થી દૂર ગુજરાત માં ફળદ્રુપ મેદાનોમાં વસે છે. દૂબળાઓ મોટેભાગે દક્ષિણ ગુજરાત માં વસે છે. એમની વસતિ બધે એક સરખી નથી. સુરત જિલ્લા ના તમામ તાલુકાઓમાં એમની વસતી છે. તે ઉપરાંત વલસાડ જિલ્લામાં પણ બધે જ તેમનો વસવાટ છે. ઉપરાંત ભરૂચ અને મહારાષ્ટ્ર ના જિલ્લાઓના કેટલાક તાલુકાઓમાં એમની વસતિછે.

દૂબળા શબ્દનો અર્થ દુર્બળ થાય છે. દૂબળા એટલે શરીરે નબળા એ શબ્દ થી એમ સૂચવાય છે. એ લોકો નિર્માલ્ય છે. ગરીબાઇ અને ગુલામીથી દબાયેલા છે. સંસ્કૃત માં " દુર્બળ " શબ્દ નો અર્થ નબળાં કે માયકાંગલો થાય છે. ત ઉપરાંત નાનો કે ઠીંગણો એવો અર્થ પણ થાય છે.

## દૂબળા જાતિનું મૂળ :

દૂબળાઓ પોતાને રાજપુત લોહીના હોવાનો દાવો કરે છે. જૂના વખતમાં લડવાની બાબત માં હારવાની બીકે લડયા નહી તેથી સામાવાળા એ દૂબળા કરી દીધુ કે તમે દુર્બળ કેવી રીતે અમારી સાથે લડી શકો.

દૂબળાઓ તલાવિયા, રાઠોડ કેમ કહેવાયા એની એક દંતકથા છે. પરશુરામે જ્યારે પૃથ્વી નક્ષત્રી ~~ક્ષત્રિય~~ કરવા માંડી ત્યારે તળાવ કાંઠે બેઠેલા તલાવિયા એ પોતે રાઠોડ તથા તલાવિયા છીએ એક કહેલુ એ પરથી તેઓ રાજપુત લોહીના હશે એમ દર્શાવાય છે. તલાવિયા દૂબળા પોતાનું નામ તલવાર ઉપર થી પડેલુ માને છે. પરંતુ શાહુકારો એ જમીન પડાવી લીધી હોવાથી પડતી થઇ અને દૂબળા બની બેઠા.

## દૂબળા વતન :

દૂબળા દરિયા માર્ગે આવ્યા હોવા જોઇએ એવું અનુમાન એ પર થી થાય છે કે તેઓના દિવાસા તહેવારે જે રીતરિવાજો

પાળે છે. અને માન્યતા ધરાવે છે. તે બતાવે છે કે તેમને દરિયા પાર ના દેશ સાથે સંબંધ હોવો જોઇએ. ઢીંગલા - ઢીંગલી ને પરણાવી નદીમાં તણાવી મૂકી દરિયા પાર ના સાસરે વળાવે છે.

બીજું અસલ ના વખતમાં જમીન નો હશે પણ લગ્ન ના ~~રિ~~ રિવાજો દારૂતાડીની વગેરે ની ટેવોને કારણે જમીન નો તેમની પાસેથી ચાલી ગઇ આજે બહુ થોડા પાસે જમીનો છે.

તેમની રકત પરીક્ષા પર થી તેઓ નિગ્રોના લોહી સાથે સંબંધ ધરાવે છે.

<u>દૂબળા - પેટાજાતિઓ :</u>

દૂબળાઓની અનેક પેટા જાતિઓ જોવા મળે છે. આ પેટા જાતિઓમાં બાળા, વલસાડિયા, બારનિયા, ચોરિયા, સારવિયા, ઉસપટિયા, તલાવિયા, દૂબળા અને ખાટયા દૂબળા સૌથી મહત્વ ના ગણાય છે. દૂબળાની વસતિ નવસારી, મઢારડોલી અને ચોર્યાસી તાલુકાઓમાં સૌથી વધુ છે. ત્યારપછી વલસાડ, ચીખલી, ગણદેવી, કામરેજ, ઓલપાડ, અને પારડી તાલુકાઓમાં તેમની વસતિ મધ્યમસર ની છે. બાકીના તાલુકાઓમાં તેમની વસતિ ઓછી જોવા મળે છે. તેમાંય સોનગઢ, વ્યારા, ધરમપુર, વાંસદા જેવા પહાડી વિસ્તારમાં તેમની વસતિ ઘણી ઓછી છે. સુરત જિલ્લાની કુલ આદિવાસી વસતિ માં દૂબળા ની સંખ્યા સૌથી વધુ છે.

ઘર :- સામાન્ય રીતે દૂબળા ની પાસે પોતાની જમીન હોતી નથી. રહેજ પોકેટ માં મોટેભાગે ધલીયામાની વાડીમાં જ આ દુબળાના છાપરા હોય છે. જે કુટુંબો ગામમાં રહે છે. તેમાંય ઘણા ખરા ના વિલાયતી નળિયાવાળા છાપરા હોય છે. વાંસ ઉપર છાણ - માટીના લીપણવાળી દિવાલ હોય છે. તેની પહોળાઇ લંબાઇ ૨૨ X ૨૨ ના હોય છે. મોટેભાગે ઘાસનું છાજ હોય છે. ગરીબાઇના દર્શન થાય છે.

ઘરવખરી :- ।દુબળા। હળપતિ ના ઘરમાં ઘર-વખરીમાં ચાર પાંચ ઈલ્યુમિનિયમ ધાતુની થાળીઓ અને બે ચાર તપેલીઓ માટીના ।ઘોરચા। માટલા ૨ થી ત્રણ જોડ હોય છે. મહેમાન માટે કે સૂવા માટે સાદડી કે કંતાન હોય છે. આ સિવાય કઈ ખાસ ઘરવખરી જોવા મળતી નથી.

પહેરવેશ :- સામાન્ય રીતે હળપતિ ।દુબળા। ખાસ ઉજળિયાત કોમ સાથે રહે છે. આથી તેમના પોશાક માં તેમની અસર દેખાય છે. પુરૂષો ધોતિયું ખમીસ અને ટોપી પહેરે છે. સ્ત્રીઓ કછોટો મારેલી સાડી તથા કાંચળી પહેરે છે.

ઘરેણાં :- સ્ત્રીઓ ઘરેણાંની શોખીન હાથમાં ચૂડી તથા ગળામાં કુડિયાનો હાર અને કાનની બુટ પર ચોકડા તથા પગે કલ્લાં પહેરે છે.

ખોરાક :- જુવાર, ચોખાના રોટલા તથા દાળભાત, જુવાર નું ભડકું, બનાવી છાશ સાથે કે મરચાં સાથે ખાય છે. માંસાહાર મળે ત્યારે કરી લે છે. મરઘાં, બકરાં કે ઘેટાં નું માંસ ખાય છે.

શિક્ષણ :- હળપતિઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણુંજ ઓછુ છે. મારા નિરિક્ષણ થી ખ્યાલ આવ્યો કે હાળી પ્રથા તેમના શિક્ષણ માટે જવાબદાર કહી શકાય.

આર્થિક પ્રવૃત્તિઓ :- સામાન્ય રીતે રોકડા રકમ હળપતિના હાથમાં ભાગ્યે જ આવતી હોય છે. મોટેભાગે વસ્તુના સ્વરૂપે જ વ્યવહાર હોય છે. ધણિયામાના ત્યાંથી અનાજ કે કપડાં કે તૈયાર ખોરાક મળતો હોય છે. અને તેના નામે ઉધારવામાં આવે છે. તેને ઉપાડ ગણી શકાય મજૂરી માંથી કપાત થતો હોય છે આર્થિક પ્રવૃત્તિ ઉત્પાદનમાં આ રીતે કઈ જ દેખાતુ નથી. સવારે ઉઠીને સાંજ સુધી એટલે સુવાના ટાઇમ સુધી લગભગ ધણિયામાને

ત્યાં કામગીરી કરવાની હોય છે. દૈનિક જીવન સવારે થી બપોરે જમવા અને સાંજે જમવા એ રીતે હોય છે. લગભગ રાતના ૯ થી ૧૦ ના ગાળામાં તેઓ ઉંઘી જતા હોય છે.

અન્ય સંબંધો :

બીજી જ્ઞાતિ કે જાતિના આધારે તેમનુ જીવન હોય છે. મોટેભાગે દેસાઇ, અનાવિલ સાથે જીંદગી હોય છે. જન્મ થી મૃત્યુ પામે ત્યાં સુધી ના સંબંધો હોય છે. દા.ત. ગોવાળમાંથી ખેતમજૂરી, સ્ત્રી ઘરકામ, વાસણ વગેરે આ રીતે અન્ય જ્ઞાતિ સાથે સંબંધ રાખવો પડે છે. અને હોય છે. સામાન્ય રીતે આર્થિક રીતે નબળો હોવાથી તે પરગજુ એટલે કે બીજાના આધારે તેનુ જીવન હોય છે. અને સ્વભાવે શાંત અને મિલનસાર હોય છે. ભળી જાય છે. મોટેભાગે પ્રમાણિકતા સારી હોય છે. ભાગ્યેજ કોઇના છૂટકે ચોરી કરે એટલે અન્ય જ્ઞાતિનો પ્રિય પણ હોય છે. જે હાળી કે બંધાયેલો મજૂર ના હોય તે છૂટક મજૂરી કરે છે. સામાન્ય રીતે કોઇક એટલે કે ઘણા જ ઓછા કેસ માં જમીન જોવા મળશે.

સામાજિક બાબત :

તેમનામાં લગ્ન મા બાપ નકકી કરે છે. છોકરાના માબાપ છોકરીને ઘેર જઇ લગ્ન નકકી કરી આવે છે. તથા દહેજ ની રકમ નકકી કરે છે. લગ્નમાં ઘણી વિધિઓ કરવામાં આવે છે. આમાંની ઘણી વિધિઓ હિંદુઓ જેવી હોય છે. દા.ત. ગૃહશાંતિ, કરવી, પીઠ ચોળવી, ચોરીબાંધવી, ફેરા ફરવા, બ્રાહમણી પાસે લગ્નનુ મુહૂર્ત કઢાવવુ વગેરે વળી આ વિધિઓ કરવા માટે બ્રાહમણને બોલાવવામાં આવે છે. દુબળામાં માન્યતા છે કે કુંવારા રહેવું એ કલંક છે. તેથી તે કોઇપણ રીતે પોતાનાં છોકરાને પરણાવે છે. આને લીધે બાળ-લગ્ન પણ થતા હોય છે. ઘર જમાઇનો, નાતરાનો, પુનલગ્નમાં તથા છૂટાછેડા નો રિવાજ છે. એકજ કૂળમાં લગ્નનો નિષેધ છે.

મૃત્યુ પછી દાડવા કે બાળવામાં આવે છે. આમાં આર્થિક સ્થિતિ મુખ્ય ભાગ ભજવતી હોય એમ લાગે છે. બાળવા માટે જરૂરી બળતણ લાવવાની સ્થિતિ ન હોય તે શરીર ને દાટતા હોય છે. બાકી મોટેભાગે બાળતાં હોય છે. બારમે દિવસે બારમુ જમાડવામાં આવે છે. દિવાળીના દિવસે તેઓ સ્મશાનમાં જઇ મૃતાત્માઓની શાંતિ અર્થે પૂજા કરે છે. પોતાના પૂર્વજોની યાદમાં પાળિયા મૂકવાનો રિવાજ છે. આ પાળિયાને તેઓ ખતરા કહે છે. દર વર્ષે ચૈત્ર કે મહા માસમાં શ્રાધ્ધ કરે છે. આ વિધિ કરવા માટે જોગીઓ તરીકે ઓળખાતા ભગત ને બોલાવે છે. અને તેની પાસે બધી વિધિ કરાવે છે.

દરેક ગામદીઠ એક નાત પટેલ મુકર્રર કરવામાં આવે છે. આ પટેલ ને મદદ કરવા એક અમલદાર પણ હોય છે. ફળિયાદીઠ પંચના સભ્યો નક્કી કરવામાં આવે છે. પટેલ, અમલદાર અને પંચ ના સભ્યો મળી ગામપંચ બને છે. જે તેમના સામાજિક પ્રશ્નો ઉકેલે છે. ગામના પ્રશ્નોનો ( ઝગડા ) નિકાલ કરે છે. આખા સમાજને લાગતા વળગતા પ્રશ્નોનો વિચાર કરવા બાર ગામનો ચોરો હોય છે. જેમાં બધા ગામોનો પંચો ભેગા મળે છે. અને વિવાદાસ્પદ પ્રશ્નોનો વિચાર કરી તોડ પાડે છે.

## આદિવાસી તહેવારો - મેળાઓ - ઉત્સવો - ધાર્મિક માન્યતા:

! નાયકા, ધોડિયા, હળપતિ !

### ધોડિયા :

ધોડિયા દેવ-દેવીઓમાં માને છે. આજે ઘણાં કુટુંબો અન્ય હિંદુ જાતિના સંપર્ક ના કારણે હિન્દુઓના દેવ-દેવીને પણ માનતા થયા છે. પરંપરાગત દેવદેવીઓમાં દેવલીમાડી, ગોરલીમાડી, દેવશામળો, કાળોકાઠર, ભરમદેવ, નારણદેવ,

ચોસઠજાંગણીમાતા, શીતળામાતા, અગાશીમાતા છે. ચીખલી તાલુકાના ફડવેલ ગામે આવેલા દેવ શામળાના સ્થાનક ની જગ્યાએ મોટા ભાગના કુટુંબો જાય છે. હિન્દુ જાતિના સંપર્ક ને કારણે તેઓના દેવદેવીમાં શ્રધ્ધા ધરાવતા થાય છે. તેમાં ખાસ કરીને જલારામ, શ્રીકૃષ્ણ ભગવાન, શ્રીરામ ભગવાન ને માનતા થયા છે. સનાતન ધર્મ પણ પાળતા થયા છે.

તેમના તહેવારોમાં દિવાસો, વાઘબારસ, દિવાળી, અને હોળી મુખ્ય છે. આ કુટુંબોમાં અન્ય તહેવારો જેવા કે રામનવમી ગોકુળ અષ્ટમી, ગુરૂપૂર્ણિમા, શિવરાત્રીનો તહેવાર પણ ઉજવતા થયા છે. જે લોકોએ મોક્ષમાર્ગ અને સનાતન ધર્મ અંગીકાર કર્યો છે. તે લોકો અન્ય જાતિના ઘરનું પાણી પીતા નથી.

<u>નાયકા :</u>

નાયકા જાતિમાં બે પ્રકારના દેવ – દેવીઓ જોવા મળે છે. એક ઘરમાં પૂજાતા દેવ દેવીઓ અને ઘર બહાર પૂજાતા દેવ દેવીઓ જે દેવ દેવીઓ ઘરમાં છે. તેમની પૂજા કુટુંબ પુરતી જ હોય છે. જયારે બહાર ના દેવ દેવીઓ ની સામુહિક રીતે પૂજા થાય છે. જેની જવાબદારી સમગ્ર સમાજની છે. તેવું નાયકા લોકો માને છે.

ઘરમાં પૂજાતા મુખ્ય દેવ – દેવીઓ ૧. ભિરવાદેવ, ૨. કણસરી દેવી, મેમાઇ, જળદેવી.

સામુહિક રીતે પૂજા થતી હોય તેવા દેવ–દેવીઓ : નિમાલીઓ દેવ, બરમદેવ, ગોવાલિયા દેવ, બાળદેવ, દેવપાસીયા ! કુવારો દેવ! વાઘેશ્વરી માતા ખરીદેવ, ચાપળદેવી, આગાશી માતા આ દેવોની પૂજા સામુહિક રીતે થાય છે.

નાયકા જાતિના મુખ્ય તહેવારો માં હોળી, દિવાળી દશેરા, શીતળા–સાતમ, રક્ષાબંધન, વગેરે તહેવારો ઉજવે છે.

ઉપરોકત માહિતી ઉપર થી ખ્યાલ આવે છે કે નાયક લોકોમાં પોષાક, પાનમાં તહેવારોમાં જોવા મળે છે.

હળપતિ :-

હળપતિઓ દેવ-દેવીઓ માં માને છે. તેમના મુખ્ય દેવતાઓ કાકાબળિયા શિકોતરી, મેલડી અને જોગણ છે. સારે માઠે પ્રસંગે આ દેવતાઓનો તેઓ આશરો લે છે. અને તેમાં તેમનો ભગત તેમને મદદ કરે છે. નવરાત્રિના તહેવાર વખતે આ દેવતાઓને બકરાનો તથા કૂકડાનો ભોગ ધરાવે છે. હનુમાન ન પણ તેઓ માને છે. તેમના મુખ્ય તહેવારોમાં હોળી નવરાત્રિ દિવાસો, દિવાળી અને બળેવ છે. તેમાંય દિવાસાની ઉજવણી તેઓ ખાસ કરે છે. જ્યારે ઢીંગલીઓ બનાવી તેના લગ્ન કરવામાં આવે છે. નવરાત્રિ વખતે તેઓ ઘેરૈયા બની નાચે છે. આ વખતે ચિત્ર-વિચિત્ર પોશાક પહેરે છે. ગામે ગામ નાચે અને પૈસા ઉઘરાવે છે. તેમના ધોઇયાળો ઇંડાયાળો, મરઘીચાડો અને ઘેર નૃત્ય હોય છે. તેમાં ઘેર નૃત્ય ઘણુંજ વખાણાય છે.

સામાજિક સંરચના - આદિવાસીઓનાં ફળિયા :

ભૌતિક રચના :

રહેજ પોકેટ ના નમૂના રૂપે પાંચ ગામની પસંદગી કરી હતી તેને ધ્યાનમાં રાખીને ભૌતિક રચના જોઇએ. આ પાંચ ગામ ની ભૌતિક રચના જોઇએ.

રહેજ :- કોળી પટેલ ના મકાન પાકા છે. હળપતિના ૨૮ પાકા છે. ૧ મકાન ને છાજ ઘાસ નુ છે. બાકીના તમામ ઘર ઉપર વિલાયતી નળિયા નુ છાજ છે. વાંસ લીંપણવાળી દિવાલ હોય છે. આ ગામમાં ગણદેવી તરફથી પ્રવેશ કરીએ તો પહેલાં કોળી પટેલ ના રહેઠાણ છે. અને પછી હળપતિ આદિવાસી ના ઘર જોવા મળે છે. આદિવાસી હળપતિ ના આયોજન પૂર્વક ગોઠવણ નથી ગમે તે આગળ પાછળ જોડા છૂટા છવાયેલા વાડાઓમાં

મકાન છે. આ મકાનમાં લગભગ માલિકીની જમીન છે. તેમને પોતાની મજૂરીમાંથી પૈસા વાળીને આ ઘરબાર ૨૨ વર્ષ પહેલાં ની પોતાની છે. મકાન માં જીવન જરૂરિયાત ની વસ્તુ ઘણી જ ઓછી જોવા મળે છે. બે પાંચ થાળીઓ અને ત્રણ ચાર તપેલી એક બે માટીના પાણીના માટલા અને બીજા વાસણો જોવા મળે છે. રસ્તાઓ રહેજ તરફ આવવા માટે સારા છે. પણ રહેજ પૂર્વ તરફ થી આવતો રસ્તો ઘણો જ કાદવવાળો છે. તે પણ પારસીની માલિકી છે. તેની વાડીએ ગાડું ટ્રેક્ટર વગેરે લઇ જવા રાખેલ છે. તે બાજુના ગામમાં રહે છે. એટલે પંચાયત કંઇ જ કરતી નથી. છતાં તમામ વ્યવહાર ગણદેવી તરફ હોવાથી ખાસ મુશ્કેલી નથી.

<u>પાથરી :</u>

આ ગણદેવી એટલે કે તાલુકાના સ્થળે થી ચાર થી પાંચ કિ.મી. દૂર છે. આ ગામની જમીન લાલ ભાગવાળી છે. તેમાંથી બીલીમોરા વિલાયતી નળિયા બતાવવા માટે ખોદકામ ચાલુ છે. ટ્રકો મારફતે બીલીમોરા લઇ જવાય છે. મેટલવાળો રસ્તો કે બે કિ.મી. નો છે. અખવાડા અને પાથરી ની હદ લગભગ એક જ છે. ભેગા થયેલા જોવા મળે છે. શરૂઆત માં અખવાડા ગામના આદિવાસીના નિવાસ જોવા મળે છે. પછી થોડા અખવાડા ના અન્ય જાતિના થોડા અંતર પછી પાથરી ના નાયકા ના ઘર છે. તેમાં ઘણા વખત પહેલા અખવાડા ગામમાંથી આવીને વસેલા છે. તેવું કહેવું છે. હળપતિ ધોડિયા આદિવાસી ગામની ચારે બાજુ નિવાસ છે. વચ્ચે કોળી પટેલ અને દેસાઇ વગેરે સવર્ણ લોકોના નિવાસ છે. ગામની શરૂઆતમાં થોડાક ઘર લાઇનમાં છે. બાકીના ઝુંપડા દૂર દૂર કે છૂટાછવાયા છે. કોઇ કોઇ મકાનોમાં લાઇટ છે. પાણી માટે કૂવા છે. નળ પણ છે. એક નહેર છે. તેમાંથી કપડાં વાસણ વગેરે ધોવા ઉપયોગ કરે છે.

ફળિયા ની રચના સામાન્ય રીતે ચોડી જોવા મળે છે. આ સિવાય પણ જુદા જુદા વિસ્તારોમાં એટલે કે જેમ હરિજનોના નિવાસ ગામ ની ભાગોળે જ હોય તે અહીં જોવા મળતુ નથી. પણ વચ્ચે સવર્ણો ના નિવાસ છે. આ રીતે જોતા ખ્યાલ આવે કે પધ્ધતિસર નુ ફળિયાનુ આયોજન જોવા મળતુ નથી.

<u>દુવાડા :-</u>

ગણદેવી થી પૂર્વમાં ૩ કિ.મી. દૂર આ ગામ આવેલુ છે. પણ ખાસ બસ વ્યવહાર નથી. ચીખલી થી જવા માટે સરળ પડે છે. લોકલ નવસારી ની બસ માં બેસી શકાય. દુવાડા ફાટા ઉતરવાનુ ત્યાંથી બે કિ.મી. ચાલતા ગામમાં જઇ શકાય છે. પહેલા આદિવાસી નાયકા જાતિના ઘર આવે છે. તેમની સાથે એક ભગી હરિજન છે. પછી કોળી પટેલ ની વસતિ છે. નાયકાનો કુટંબ સાથે છે. છતાં પણ છૂટા-છવાયેલા જુદા દેખાય છે. લાઇનમાં નથી બાજુમાં એધણ ગામ લાગુ પડે છે. બને હદ જુદી પાડવી મુશ્કેલ છે. બને ગામમાં આ આદિવાસી માં ખેતી મજુરી એ જાય છે. થોડા સમયમાં પ્રચાયત પણ એક થવાની શકયતા છે. જમીન કાળી છે.

<u>વેગામ :-</u>

આ ગામ આગળ અંબિકાનદી આવતી હોય પુલ બાંધવાનુ કામ ચાલુ છે. કામ ચલાઉ સામાન્ય પુલ જેને ગડ નાળુ કહી શકાય એટલે બસ પણ ગામમાં જતી નથી. મફલીપુર થી બે કિ.મી. ચાલતા જવાય છે. ચોમાસામાં ફરીને જ જવાય ખૂબજ મોટી નદી છે. જમીન કાળી એટલે કે ક્યારીની છે. ડાંગરની ખેતી થાય છે. આંબા, ચીકુ ની વાડીઓ છે.

હળપતિ, નાયકા, ધોડિયા, દેસાઇ, કોળીપટેલ હરિજન વગેરેની વસતિ છે. શરૂઆતમાં જ હળપતિ ના ઘર આવે છે. એક સાથે જ હળપતિના ઘર છે. થોડે દૂર અનાવિલ

દેસાઇ અન્ય જ્ઞાતિના નિવાસ છે. બીજી બાજુ નાયકા, ધોળિયા પટેલ છે. થોડા હળપતિ ગામ થી દૂર વાડિઆોમાં પણ જોવા મળયા થોડાક આદિવાસી ના તે હળપતિના અને ધોડિયાના ઘરોમાં લાઇટ છે. પાણી ભરવા કૂવો છે. ગામમાં બે ચાર નાની દુકાનો છે. મહોલ્લાવાર ખૂણામાં કે સાથે હોય છે. સામાન્ય વસ્તુ બિસ્કીટ, ચણા, અનાજ, કઠોળ તેલ આવુ રાખે છે.

આદિવાસીના ઘરોની ભૌતિક રચના જોઇએ તો સામાન્ય વાંસ ઉપર લીપણવાડી દિવાલ ઉપર હળપતિઓને વિલાયતી નળિયા, જોવા મળયા તે પણ સરકારી યોજના માં સરકારી મદદરૂપે છે. નાયકા આદિવાસી ની ઘર ઘણાજ નબળા એટલે કે તદ્દન સામાન્ય ઝુપડા જોવા મળયા. આ ફળિયાની રચના બરાબર નથી. છૂટા છૂટા ઘર છે.

<u>સોનવાડી :-</u>

આ ગામમાં મુસલમાન, દેસાઇ, કોળી પટેલ, હરિજન ભંગી, હળપતિ ધોડિયા ની વસતિ છે. ગણદેવી નવસારી જતી બસમાં અંબિકા નદીના પુલના નાકે ઉતરી ને ચાલતા ગામમાં જવાય છે. અન્ય જ્ઞાતિના મકાન વચ્ચે છે. આદિવાસી ના ચારે તરફ આવેલા છે. આદિવાસી સરપંચ છે. કેટલાક મકાન તો વાણિયા, દેસાઇ ની વાડીમાં છે. ૪૫ મકાનની અને ૨૮ મકાનની સરકારી વસાહત બનાવેલ છે. તે પદ્ધતિસર લાઇનમાં જોવા મળે છે. બાકીના ચાર-પાંચ ના સમુહ માં મકાન આવેલા છે. તમામ જમીન બગાયત ની છે. ચીકુ આંબા, કેળ નુ પ્રમાણ વધારે છે. ભેજવાળુ વાતાવરણ ખૂબજ રહે છે. વાવણીની જમીન ઘણી જ ઓછી છે. એટલે કે નથી એવુ કહીએ તો પણ ચાલે.

આ રીતે રહેજ પોકેટ ના વિસ્તાર ના પસંદ થયેલા ગામોની ભૌતિક રચના જોવા મળી છે. કોઇ પણ ગામમાં

આદિવાસી પધ્ધતિસર કે આયોજન પૂર્વક બનાવેલા ફળિયા જોવા મળયા નથી. ફકત સરકારી મદદ થી જે સોસાયટીઓ કે વાસાહત ! નવી નગરી ! બનાવેલ છે. તે જ ફકત લાઇન માં જોવા મળે. કેટલાક આદિવાસીઓ ધણિયામાની વાડીમાં જ ઝાંપડ બાંધી ને રહે છે. જમીન પણ પોતાની હોતી નથી. જેમ જેમ અનુકૂળ અને જગ્યા મળી તેમ તેમ ઝુંપડા બાંધેલા છે. આદિવાસીની ખાસ ખાસિયત એ જોવા મળી કે તે કદી પણ સાથે રહેવા તૈયાર નથી કે જોવા મળતા નથી.

## આદિવાસી કુટુંબ નું માળખુ તેનુ પ્રકાર્ય :

રહેજ પોકેટ ના પાંચ ગામ ની પ્રત્યેક્ષ ૧૦૦ કુટુંબોની મુલાકાત લીધી. આ કુટુંબોમાં અને ગામના બીજા કુટુંબો વિષે મૌખિક ચર્ચા દરમ્યાન તેમના કુટુંબ ના માળખા અને સગાઇ સબંધો વિષે જાણવા મળયુ કે સામાન્ય રીતે ગુજરાત ના આદિવાસીઓમાં અને રહેજ પોકેટ ને ખાસ ધ્યાન માં રાખી એ તો આદિવાસીઓ પિતૃસતાક કુટુંબ વ્યવસ્થા છે. તેમાં લગભગ સયુકત કુટુંબ છે. કુટુંબ નું કદ સરેરાશ છે. ધરમાં સંકડાશ ના કારણે લગ્ન પછી અલગ ધર, બનાવી કુટુંબ નું વિભાજન થાય છે. સગાઇ સબંધો લગ્ન પર અને લોહી પર આધારિત જોવા મળે છે. કેટલાક કુટુંબોમાં ધર જમાઇ ! ખંધાળ ! ની પણ પ્રથા જોવા મળે છે. પોકેટ ના વિસ્તારમાં ધોડિયા હળપતિ અને નાયકા છે. આ તમામ સમાજમાં જાતિપંચ સામાજિક પાસાને મજબુત ટકાવી રાખવુ કાર્ય કરે છે.

પોતાના કે ગોળ માં કુળ માં થતા નથી. પણ આજુ બાજુના ગામડા માં કે જુદા પડતા કુળ ગામમાં જ હોય તો ગામમાં પણ લગ્ન કરે છે.

કુટુંબ નું પ્રકાર્ય બાળકોનો ઉછેર, કુટુંબ નો વિકાસ અને સામાજિક વ્યવહારો સુવ્યવસ્થિત સાચવાનું કરે છે. તેની ફરજ છે. તેવું જોવા મળે છે.

## આદિવાસી સ્ત્રીનું સ્થાન :

આદિવાસી સમાજમાં વ્યકિતને ઘણી છૂટછાટો હોય છે નારીનું મુલ્ય પણ આદિવાસીની દ્રષ્ટિએ ઘણી જ છે. નારીને પ્રેમ લગ્ન કરવાની પણ છૂટ છે. પરણ્યા છતાં ન ફાવતું હોય તો બીજા સાથે જઇ શકે છે. એને અમુક સ્વતંત્ર મિલ્કતહકક પણ હોય છે. અને સમાનભાવે મનોમેળ થી સ્ત્રી અને પુરૂષ સહજીવન વિતાવે છે. આદિવાસી સમાજ રૂઢિબધ્ધ વધારે છે. ગોકળગાય પોતાની પીઠ ઉપર પોતાના ઘર ને લઇ ને ફરે તેમ આદિવાસી પોતાના સમાજને લઇને ફરે છે. સ્ત્રી નું સ્થાન મહત્વનું છે. છતાં પણ પિતૃસત્તાક કુટુંબ હોય એટલે પુરૂષ નું પ્રાધાન્ય વિશેષ જોવા મળે છે.

## ગ્રામ પંચાયત જુની :

। જ્ઞાતિ પંચાયત । આદિવાસી જ્ઞાતિપંચ ફરજિયાત હોય છે. તેમના સમાજ નું સંચાલન આ પંચ મારફતે જ થાય છે. કોઇ પણ સમાજ નું સંચાલન આ પંચ મારફતે જ થાય છે. કોઇપણ નિર્ણય પંચ કરે તે દરેક ને માન્ય હોય છે. ગામપંચ અને સમાજ પંચ હોય છે. દરેક જ્ઞાતિમાં સામાન્ય ફેર જોવા મળે છે. આદિયા ધોડિયા, નાયકા, ભીલપતિ, આદિવાસી જ્ઞાતિ છે. તેમના અલગ અલગ જ્ઞાતિ પંચ વિષે જોઇએ.

## ધોડિયા જ્ઞાતિપંચ :-

જાતિપંચો તેમના સામાજિક વ્યવહારો નું નિયમન કરે છે. ગામમાં નાયક કારભારી તથા ફળિયાવાર પંચ ના સભ્યો નું બનેલું જાતિપંચ હોય છે. નાયક દરેક ગામમાં એક જ કુટુંબ

માંથી વારસાગત થાય છે. નાયકને માન આપવામાં આવે છે. પરંતુ મોટાભાગના ઝગડા સામાજિક પ્રસંગે એકઠી થયેલી સમસ્ત જાતિ સમક્ષ રજુ થાય છે. અને તેનો નિકાલ થાય છે. ( કરે છે. )

નાયકા જ્ઞાતિપંચ :-

નાયકા સમાજમાં સામાજિક પાસાને મજબુત ટકાવી રાખવાનું કાર્ય જાતિપંચ કરે છે. સમાજમાં ઉભા થતાં સામાજિક પ્રશ્નોનું નિરાકરણ કરવાનું કામ જાતિપંચ કરે છે. જાતિપંચ એ નાયકા સમાજ ના જ વડીલ વ્યક્તિઓનું બનેલું સામાજિક સંગઠન નું મજબૂત અંગ છે. જે વ્યક્તિઓ પંચ ના સભ્યો હોય તેને પંચીયા તરીકે ઓળખે છે. આવા પંચીયા દરેક ગામમાં હોય છે. જે પોતાના સમાજ ની ચાલતી આવતી આગવી સંસ્કૃતિ ને ટકાવી રાખવાનું કાર્ય કરે છે. આ રીતે પંચ નું મુખ્ય કામ તો નાયકા સમાજ ના બધાં લોકો ને સમાજ ના નીતિ નિયમોનું પાલન કરાવવાનું છે. ખાસ કરીને લગ્ન છૂટા છેડા ઝગડા વગેરે પ્રસંગોમાં જે મુશ્કેલીઓ આવે તેનું નિરાકરણ કરે છે. એક બીજા ગામોના નાયકો ઘણા જ ગાઢ સંબંધ થી જોવા મળે છે.

હળપતિપંચ ( જ્ઞાતિ ) :

દરેક ગામ દીઠ એક નાત પટેલ મુકર્રર કરવામાં આવે છે. આ પટેલ ને મદદ કરવા એક અમલદાર પણ હોય છે. ફળિયાદીઠ પંચના સભ્યો નક્કીકરવામાં આવે છે. પટેલ અમલદાર અને પંચના સભ્યો મળી તેમનું ગામ પંચ બને છે. જે તેમના બધા સામાજિક ઝગડાઓ ઉકેલ છે. ગામના પ્રશ્નોના ગામપંચ નિકાલ કરે છે. પણ આખા સમાજ ને લાગતા વળગતા પ્રશ્નોનો વિચાર કરવા બાર ગામ નો ચોરો હોય છે. જેમાં બધા ગામોના પંચો ભેગા મળે છે. અને વિવાદપદ પ્રશ્નોનો વિચાર કરી તોડ કાઢે છે.

આદિવાસી આગેવાનો :-

આદિવાસી આગેવાનોની મુલાકાત દરમ્યાન તેમના વિચારો જાણવા મળયા. સોનવાડીમાં સોમાભાઇ હળપતિ સરપંચ છે. ખાલપભાઇ હળપતિ વેગામ ગણદેવી, મગનભાઇ હળપતિ વકીલ, ગણદેવી ન્યાય સમિતી ના અધ્યક્ષ આ તમામ આગેવાનો પોતાની જાતિભાઇઓ માટે ભરપુર પ્રેમ અને કૂલી લાગણી ધરાવે છે. કેમ મદદરૂપ થવાય અને આદિવાસીને કેમ સારા લાભ મળે તેમાં તેમના ખાસ પ્રયત્ન હોય છે. મહેનત કરે છે. દરેક યોજનાના લાભ મળે કોઇપણ આદિવાસી વંચિત રહી ન જાય. દા.ત. હળપતિ ઓની ઘર ગૃહ નિર્માણ ની યોજના નો લાભ ખાલપભાઇ એ મહેનત કરીને અપાયા આ રીતે આ આગેવાનો ખરેખર મદદ કર્તા કને છે. અને પોતાને પણ અનુભવ છે. કે સારામાં સારી માહિતી કેમ મળી શકે તેમાં ખૂબજ મદદ કરી સાથે ફળિયામાં અને ઘરે ઘરે પણ આવેલા. આ કાર્યકરો રાજકારણ માં પણ ભાગ ભજવે છે. કારણ કે જે આગેવાનો મળયા તે તમામ રાજકીય પ્રવૃત્તિમય લાગ્યા. દા.ત. સરપંચ સરપંચની ચૂંટણીમાં ફરિવાર આવવા આદિવાસી ની ખાસ જરૂર છે. તેવી જ રીતે ખાલપભાઇ સામાજિક ન્યાય સમિતિ ના સભ્ય છે. મગનભાઇ અધ્યક્ષ છે. તેઓ રાજકારણથી પર રહી શકતા નથી. ધાર્મિક રીતે ગામ પંચ ના આગેવાનો જે કઇ કરે તે જ થાય છે. મોટેભાગે વયોવૃધ્ધ ડાયા અને આદિવાસી માટે ઘણી જ ઉપયોગી બને છે. ઘણીવાર બસ વ્યવહાર કે કોઇ વાહનની વ્યવસ્થા હોતી નથી તે વખતે અનુભવ અને કુશળતા ના કારણે સુવાવડ । પ્રસુતિ । કરાવવામાં ઘણીજ મદદરૂપ બને. આદિવાસી માટે આશીર્વાદરૂપ ગણાય છે.

સમાજસેવી સ્વૈચ્છિક સંસ્થાઓ :

આ વિસ્તારમાં કલોલી એક આશ્રમશાળા છે. અજરાઇમાં છે. અને ગડત હાઇસ્કુલ તેમજ સહકારી મંડળી છે.

આદિવાસી બાળકો આ આશ્રમશાળામાં ભણવા જાય છે. ત્યાંના ત્યાં રહે છે. ત્યાં સારા સંસ્કારો ભણવા મળે છે. પણ રહેજ પોકેટ માં થી સંખ્યા ઘણી જ ઓછી છે. ! જે પસંદગીના ગામો છે તેમાંથી ! તેવુ જાણવા મળ્યુ આ પસંદગીના ગામોમાં ખાસ કરીને આદિવાસી હળપતિની સંખ્યા વિશેષ છે. અને તેમનામાં શિક્ષણ નું પ્રમાણ ઘણુ જ ઓછુ જોવા મળ્યુ છે. સહકારી મંડળી બાળકોના શિક્ષણ માં મદદ કરે છે. પુસ્તકો આપે છે. નોટો આપે છે. પોતાના નફામાંથી અમુક ટકા બાળકોના શિક્ષણ માટે વાપરવો તેવો ઠરાવ પણ કરેલ છે.

## સહકારી મંડળીઓ :-

લઘુ વિસ્તારમાંથી પાંચ પસંદ થયેલા ગામોને ફક્ત બે વિવિધ લક્ષી કાર્યકર સહકારી મંડળી લાગુ પડે છે. તેમાં જોઇએ તો પાથરી દુવાડા અને રહેજ ગણદેવી વિવિધ કાર્યકર મંડળીમાં આવે છે. તેમાં આદિવાસી સભ્યો ૨૪ છે. દુવાડા ૪૧, અને રહેજ ના ૧૧ આદિવાસી સભ્યો છે. એવી જ રીતે ગડત વિવિધ કાર્યકર મંડળીમાં સોનવાડી અને વેગામ લાગુ પડે છે. તેમાં સોનવાડી ના ૧૦ આદિવાસી સભ્યો અને વેગામ ના ૬ આદિવાસી સભ્યો છે. તેવી માહિતી મંડળીમાંથી મેળવી છે.

## નિશાળ - આશ્રમશાળા - છાત્રાવાસો :

રહેજ પોકેટ ના પસંદ થયેલા પાંચ ગામમાં કોઇપણ ગામમાં માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓ નથી. આશ્રમ શાળા કે છાત્રાવાસો પણ નથી. પ્રાથમિક શાળાઓ દરેક ગામમાં આવેલી છે. આ સિવાય શૈક્ષણિક સંસ્થા બીજી કોઇ નથી.

# લવિની અર્થવ્યવસ્થા

## ભૌતિક સંસ્કૃતિ :-

સામાન્ય રીતે લવિની ભૌતિક સંસ્કૃતિ ઘણી સામાન્ય છે. અહીના આદિવાસીના સામાન્ય છાપરા જોવા મળે છે. ઘણા ઓછા પાકા મકાન જોવા મળે છે. તેની લંબાઇ, પહોળાઇ અને ઉંચાઇ જુદી જુદી છે. ઘણા મકાનો ની લંબાઇ, પહોળાઇ ૧૦ X ૧૦, ૧૦ X ૧૫, ૧૧ X ૨૨, ૧૨ X ૨૨, ૧૫ X ૨૦ અને ૨૦ X ૨૫ ની જોવા મળી હતી. મકાનની રચના ની રીતે જોઇએ તો તેની ઉંચાઇ પ્રવેશદ્વાર ઘણા નીચા હોય છે. વચ્ચેથી ઉંચા પાછળ થી ઢળતા એટલે કે દૂર થી શંકુ આકાર ના જોવા મળે. ઘણા મકાન વચ્ચે મોભ રાખી આગળ પાછળ બે ભાગ જોવા મળે છે. આ ઘર ની ઢળતા પ્રમાણ માં ઓછી હોય છે. ઉંચાઇ ની રીતે જોઇએ તો વચ્ચે થી ૨૦ ફૂટ આગળ પાછળ ૫ થી ૧૨ ફૂટ ની જોવા મળી હતી.

જાતિવાર જોઇએ તો હળપતિ ની ભૌતિક સંસ્કૃતિ ઘણી જ ઓછી હોય છે. ઘાસ અને લાકડા ઉપર છાણ-માટીના લીંપણવાળા ભીંત ઉપર ઘાસનુ છાજ હોય છે. તેના ઘર ની આગળ પાછળ ની જમીન અને ઘર ની જમીન પણ પોતાની હોતી નથી. ઠંડી, ગરમી અને વરસાદ થી રક્ષણ મેળવવા માટે સામાન્ય ઉભો કરેલો આકાર તેને ઘર કહે છે. નાયકા ની પરિસ્થિતિ આ કરતાં કંઇ સારી હોય છે. પણ હળપતિ ઓને સરકારી ગૃહ નિર્માણ તરફથી અમુક મકાન બાંધી આપેલા છે. તેમાં ખાસ વિલાયતી નળિયા છે. આ રીતે નાયકા આદિવાસીને પણ બાંધેલા છે. તે ઘરોમાં વિલાયતી નળિયા મળશે બાકીના હળપતિ અને નાયકા ના ઘર ઉપર ઘાસનું છાજ જોવા મળે છે. ધોડિયા પટેલ ના મકાન હળપતિ અને નાયકા કરતાં સારા અને વ્યવસ્થિત ગોઠવણવાળા હોય છે. મોટેભાગે પોતાની ઘરથાળ માં તેઓના મકાન છે. તેમાં ઘણાંના પાકા પણ છે.

આદિવાસી ના ઘર જાતે જ આદિવાસી બનાવે છે. કારણ કે આ ઘર બનાવવા માટે કોઇ સુથાર ની કે કારીગર ની જરૂર પડતી નથી. અને આર્થિક રીતે ઘણાજ નબળા હોવાથી તેમને તે પોષાય પણ નહી એટલે જાતે જ ઘર બાંધી લે છે.. છોળિયામાં ઘર બાંધવા માટે સુથાર ની જરૂર પડતી હોય તેવા મકાન જોયા. ઇટોના અને વિલાયતી નળિયાવાળા પાકા મકાન હોય આથી તેમાં શકયતા છે. આદિવાસીમાં તેમાંય હળપતિ અને નાયકા જાતિ કરતાં સુધી દેખાય છે. ખર્ચની રીતે જોઇએ તો હાલની મોંઘવારી પ્રમાણે સામાન્ય ઘર ૫૦૦ થી ૧૦૦૦ ની અંદર પડતુ હોય છે. મધ્યમ કક્ષાનુ ઘર ૨૦૦૦ થી પાંચ હજાર ની અંદર બની શકે છે. સાદામાં સાદું આ એરિયા માં આદિવાસીનુ મકાન ૧૫ થી ૨૦ હજાર નુ હોય છે. તે પણ ધોડિયા પટેલ નુ નાયકા કે હળપતિનુ તો નહી જ. આ રીતે સમગ્ર લવિના આદિવાસી ને ધ્યાનમાં રાખી ને આદિવાસીની ભૌતિક સંસ્કૃતિ વિષે જોયુ પણ હવે રહેજ પોકેટ ના કુલગામોમાંથી જે પસંદ થયેલા પાંચ ગામ છે. અને તેના ૧૦૦ કુટુંબ આ અંગેની પરિસ્થિતિ કેવી છે તેની વિગત વિચારીએ.

રહેજ લધુ વિસ્તારમાં કુલ ૩૩ ગામ છે. તેમાંથી નમૂનાની રીતે પાંચ ગામ પસંદ કર્યા અને તેમાં એક ગામ ના ૨૦ કુટુંબો પસંદ કર્યા કુલ પાંચ ગામ ના ૧૦૦ કુટુંબ નુ સર્વેક્ષણ કરીને માહિતી એકત્રિત કરી હતી. તેને વસ્તુસ્થિતિ સમજવા માટે કોઠા બનાવ્યા છે. નીચેના કોઠા પર થી ખ્યાલ આવશે. કોઠા નં ૪.૧

| ક્રમ | ગામ નું નામ | જાતિ | વિગત | કુટુંબ સંખ્યા | ૧૦X૧૦ | ૧૦X૧૫ | ૧૧X૨૨ | ૧૨X૨૨ | ૧૫X૨૦ | ૨૦X૨૫ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રહેજ | હળપતિ | જમીનવાળા | ૧ | – | – | – | – | ૧ | – |
| | | | જમીનવગરના | ૧૯ | ૧ | ૪ | ૧૩ | – | ૧ | – |
| | | | કુલ | ૨૦ | ૧ | ૪ | ૧૩ | – | ૨ | – |
| ૨. | પાથરી | હળપતિ | જમીનવાળા | ૧ | – | – | ૧ | – | – | – |
| | | | જમીનવગરના | ૧૬ | – | ૧ | ૧ | ૧૩ | ૧ | – |
| | | | કુલ | ૧૭ | – | ૧ | ૨ | ૧૩ | ૧ | – |
| | | નાયકા | જમીનવગરના | ૨ | – | ૨ | – | – | – | – |
| | | ઢોડિયા | જમીનવગરના | ૧ | – | – | ૧ | – | – | – |
| | | | કુલ | ૨૦ | – | ૩ | ૨ | ૧૩ | ૨ | – |
| ૩. | દવાડા | નાયકા | જમીનવાળા | ૪ | – | ૨ | – | ૧ | – | ૧ |
| | | | જમીનવગરના | ૧૬ | ૧ | ૭ | ૧ | ૨ | ૫ | – |
| | | | કુલ | ૨૦ | ૧ | ૯ | ૧ | ૩ | ૫ | ૧ |
| ૪. | વેગામ | હળપતિ | જમીનવગરના | ૧૧ | – | – | – | ૧૧ | – | – |
| | | ઢોડિયા | જમીનવગરના | ૪ | ૨ | ૨ | – | – | ૨ | – |
| | | નાયકા | જમીનવગરના | ૫ | ૨ | ૨ | – | ૩ | ૨ | – |
| | | | કુલ | ૨૦ | ૨ | ૨ | – | ૧૪ | ૨ | – |
| ૫. | સોનવાડી | હળપતિ | જમીનવાળા | ૨ | ૧ | – | – | ૧ | – | ૧ |
| | | | જમીનવગરનાટ | ૧૭ | – | ૩ | ૧ | ૧૨ | ૧ | – |
| | | | કુલ | ૧૯ | – | – | – | – | – | – |
| | | ઢોડિયા | જમીનવગરના | ૧ | – | – | – | ૧ | – | – |
| | | | કુલ | ૨૦ | ૧ | ૩ | ૧ | ૧૩ | ૧ | ૧ |
| | | | કુલ | ૧૦૦ | ૫ | ૨૧ | ૧૭ | ૪૩ | ૧૨ | ૨ |

| ક્રમ | ગામ નું નામ | જાતિ | વિગત | કુટુંબ સંખ્યા | દિવાલ નો પ્રકાર: વાંસ લીંપણ | માટી | ઈંટ | છાપરા નો પ્રકાર: દેશી નળિયા | વિલાયતી નળિયા | ઘાસ પાન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રહેજ | હળપતિ | જમીનવાળા | ૧ | ૧ | – | – | – | ૧ | – |
| | | | જમીનવગરના | ૧૯ | ૧૯ | – | – | – | ૧૯ | – |
| | | | કુલ | ૨૦ | ૨૦ | – | – | – | ૨૦ | – |
| ૨. | પાથરી | હળપતિ | જમીનવાળા | ૧ | – | – | ૧ | – | ૧ | – |
| | | | જમીનવગરના | ૧૬ | ૧૨ | – | ૪ | – | ૧૬ | – |
| | | | કુલ | ૧૭ | ૧૨ | – | ૪ | – | ૧૭ | – |
| | | નાયકા | જમીનવગરના | ૨ | ૨ | – | – | – | ૨ | – |
| | | ઢોડિયા | જમીનવગરના | ૧ | ૧ | – | – | – | ૧ | – |
| | | | કુલ | ૨૦ | ૧૫ | – | ૫ | – | ૨૦ | – |
| ૩. | દવાડા | નાયકા | જમીનવાળા | ૪ | ૧ | ૩ | – | – | ૩ | ૧ |
| | | | જમીનવગરના | ૧૬ | ૧૨ | ૪ | – | – | ૭ | ૯ |
| | | | કુલ | ૨૦ | ૧૩ | ૭ | – | – | ૧૦ | ૧૦ |
| ૪. | વેગામ | હળપતિ | જમીનવગરના | ૧૧ | ૧૧ | – | – | – | ૧૧ | – |
| | | ઢોડિયા | જમીનવાળાવગર | ૪ | ૨ | – | ૨ | – | ૪ | – |
| | | નાયકા | | ૫ | ૫ | – | – | – | ૫ | – |
| | | | કુલ | ૨૦ | ૧૮ | – | ૨ | – | ૨૦ | – |
| ૫. | સોનવાડી | હળપતિ | જમીનવાળા | ૨ | ૨ | – | – | – | ૨ | – |
| | | | જમીનવગરના | ૧૭ | ૧૭ | – | – | – | ૧૫ | ૨ |
| | | | કુલ | ૧૯ | ૧૯ | – | – | – | -૩ | – |
| | | ઢોડિયા | જમીનવગરના | ૧ | ૧ | – | – | – | ૧ | – |
| | | | કકુલ | ૨૦ | ૨૦ | – | – | – | ૧૮ | ૨ |
| | | | કુલ | ૧૦૦ | ૮૬ | ૭ | ૭ | – | ૮૮ | ૧૨ |

કોઠા નં. ૪.૧ ઉપર થી આદિવાસીની વાસ્તવિક પરિસ્થિતિ કોઠા ધ્વારા જોઇએ તો મોટેભાગે ૧૨ X ૧૨ માં ૪૩ છે. ૧૦ X ૧૫ માં ૨૧ છે. ૧૧ X ૨૨ માં ૧૭ ઘર છે. વધુ ક્ષેત્રફળ ની રીતે જોઇએ તો ૨૦ X ૨૫ માં ફક્ત ૨ ઘર છે.

આ રીતે ઘરના ક્ષેત્રફળ ની રીતે ઘર માં જ્યારે સંયુક્ત કુટુંબ રહે છે. તેમના માટે ઘણી જ મુશ્કેલી છે. સર્વેક્ષણ માં આવરી લીધેલા ૧૦૦ કુટુંબો સંયુક્ત કુટુંબો છે. તેમને ઘણી જ મુશ્કેલી છે. તેઉ જોઇ શકાય છે.

ઘર ની સાથે સંબંધકર્તા છે. તેવી માહિતી મેળવવા માટે પ્રયત્ન કર્યો અને આગળ પણ દિવાલ !ભીંત! છાપરા ના પ્રકાર અંગે જોડી વાત કરી હતી તેને વધુ સ્પષ્ટતા માટે દરેક ના કોઠા પ્રમાણે જોઇએ. કોઠા નં. ૪.૩ માં જોવાથી વિશેષ ખ્યાલ મળશે.

કોઠા નં. ૪.૨ માં જણાવ્યા પ્રમાણે સર્વેક્ષણ માં આવરી લીધેલા ૧૦૦ કુટુંબ ના દિવાલ ! ભીંત ! ની માહિતી દર્શાવેલ છે. તેમાં મોટેભાગે વાંસ-લીંપણવાળી દિવાલવાળા ઘર ૮૬ છે. માટી અને ઇંટના ૭-૭ છે. આ રીતે જોતાં ખ્યાલ આવે છે કે વિશેષ ઘર વાંસ ઉપર છાણ માટીવાળા લીંપણ કરેલી દિવાલ છે. માટી અને ઇંટ જેવી ફક્ત ૭-૭ ઘર ને છે. આ રીતે જોઇએ તો તેની ગરીબાઇ નો ખ્યાલ આવશે કે માટી નુ ચણતર કરી શકે તેવી પરિસ્થિતિ તેમની નથી તેની સાથે સાથે ઉપર ના છાજ યાને છાપરાનો કોઠો બતાવેલ છે. તેમાં પણ સરકારી મદદ મારફતે વિલાયતી નળિયા મળેલા છે. આથી ૮૮ ઘર વિલાયતી નળિયા છે. જેને મદદ મળી નથી તેવા ૧૨ ઘર ઘાસના છાજવાળા જોવા મળયા હતા.

| ક્રમ | ગામનું નામ | જાતિ | વિગત | કુટુંબ સંખ્યા | પોતાની | અનાવિલ | વાણિયા | કોળી પટેલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રહેજ | હળપતિ | જમીનવાળા | ૧ | ૧ | – | – | – |
| | | | જમીનવગરના | ૧૯ | ૧૯ | – | – | – |
| | | | કુલ | ૨૦ | ૨૦ | – | – | – |
| ૨. | પાથરી | હળપતિ | જમીનવાળા | ૧ | ૧ | – | – | – |
| | | | જમીનવગરના | ૧૬ | ૧૬ | – | – | – |
| | | | કુલ | ૧૭ | ૧૭ | – | – | – |
| | | નાયકા | જમીનવગરના | ૨ | ૨ | – | – | – |
| | | ઢોડિયા | જમીનવગરના | ૧ | ૧ | – | – | – |
| | | | કુલ | ૨૦ | ૨૦ | – | – | – |
| ૩. | દવાડા | નાયકા | જમીનવાળા | ૪ | ૩ | – | – | ૧ |
| | | | જમીનવગરના | ૧૬ | ૧૩ | – | – | ૩ |
| | | | કુલ | ૨૦ | ૧૬ | – | – | ૪ |
| ૪. | વેગામ | હળપતિ | જમીનવગરના | ૧૧ | ૧૧ | – | – | – |
| | | ઢોડિયા | જમીનવાળાવગરના | ૪ | ૪ | – | – | – |
| | | નાયકા | જમીનવાળાવગરના | ૫ | ૩ | ૨ | – | – |
| ૫. | સોનવાડી | હળપતિ | જમીનવાળા | ૨ | ૨ | – | – | – |
| | | | જમીનવગરના | ૧૭ | ૧૫ | – | ૨ | – |
| | | | કુલ | ૧૯ | ૧૭ | – | – | – |
| | | ઢોડિયા | જમીનવગરના | ૧ | ૧ | – | – | – |
| | | | કુલ | ૨૦ | ૧૮ | – | ૨ | – |
| | | | કુલ | ૧૦૦ | ૯૨ | ૨ | ૨ | ૪ |

આગળ રહેજ પોકેટ ના આદિવાસી ના સર્વેક્ષણ માં આવરી લીધેલા ૧૦૦ કુટુંબ ના ઘરના ક્ષેત્રફળ અને દિવાલ ની વાત કરી આ મકાન કોની જમીન માં છે. આ અંગે કોઠા નં. ૪:૩ માં માહિતી દર્શાવવામાં આવી છે. પણ સર્વેક્ષણ માં આવરી લીધેલા ૧૦૦ કુટુંબ ના જે ઘરો પોતાની જમીન માં છે. તે પોતે પોતાની મજૂરીમાંથી હપ્તા ભરીને ઘરથાળની જમીન પોતાની કરેલ છે. કોઠા નં. ૪:૩ માં માહિતી દર્શાવેલ છે.

કોઠા નં. ૪.૩ માં દર્શાવ્યા પ્રમાણે સર્વેક્ષણ માં આવરી લીધેલા આદિવાસી ના ૧૦૦ કુટુંબો ની વાસ્તવિક પરિસ્થિતિ આ રીતે જોવા મળે છે. પોતાની જમીન માં ૮૨ ઘર છે. અનાવિલ દેસાઇ ની વાડીમાં – ૨ ઘર છે. વાણિયા ની વાડીમાં – ૨ ઘર છે. અને કોળી પટેલ ની વાડીમાં ૪ ઘર છે. કોઠા પર થી ખ્યાલ આવે છે કે મોટેભાગે ના આદિવાસી પોતાની જમીનમાં ઘર છે. બાકીના ૮ ઘર અનાવિલ દેસાઇ, વાણિયા, કોળી પટેલ ની વાડીઓમાં છે.

હવે સર્વેક્ષણ માં આવરી લીધેલા ૧૦૦ કુટુંબ માં કોના ઘર સાથે પશુ બાંધવા માટેની છાપરી છે. અલગ છે કે છાપરી જ નથી તે કોઠા નં. ૪.૪ ઉપર થી સત્ય હકીકત જોવા મળશે.

| ક્રમ | ગામનું નામ | જાતિ | વિગત | કુટુંબ સંખ્યા | સાથે | અલગ | નથી |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રહેજ | હળપતિ | જમીનવાળા | ૧ | – | – | ૧ |
| | | | જમીનવગરના | ૧૯ | – | – | ૧૯ |
| | | | કુલ | ૨૦ | – | – | ૨૦ |
| ૨. | પાથરી | હળપતિ | જમીનવાળા | ૧ | ૧ | – | – |
| | | | જમીનવગરના | ૧૬ | – | – | ૧૬ |
| | | | કુલ | ૧૭ | ૧ | – | – |
| | | નાયકા | જમીનવગરના | ૨ | – | – | ૨ |
| | | ઢોડિયા | જમીનવગર ના | ૧ | – | – | ૧ |
| | | | કુલ | ૨૦ | ૧ | – | ૧૯ |
| ૩. | દવાડા | નાયકા | જમીનવાળા | ૪ | ૨ | – | ૨ |
| | | | જમીનવગરના | ૧૬ | – | – | ૧૬ |
| | | | કુલ | ૨૦ | ૨ | ૧ | ૧૮ |
| ૪. | વેગામ | હળપતિ | જમીનવગરના | ૧૧ | ૧૧ | – | – |
| | | ઢોડિયા | જમીનવાળાવગરના | ૪ | ૧ | – | ૩ |
| | | નાયકા | જમીનવાળાવગરના | ૫ | ૨ | – | ૩ |
| | | | કુલ | ૨૦ | ૧૪ | – | ૬ |
| ૫. | સોનવાડી | હળપતિ | જમીનવાળા | ૨ | ૨ | – | – |
| | | | જમીનવગરના | ૧૭ | – | – | ૧૭ |
| | | | કુલ | ૧૯ | ૨ | – | ૧૭ |
| | | ઢોડિયા | જમીનવગરના | ૧ | – | – | ૧ |
| | | | કુલ | ૨૦ | ૨ | – | ૧૮ |
| | | | કુલ | ૧૦૦ | ૧૯ | – | ૮૧ |

કોઠા નં. ૪-૪ મા જણાય છે કે સર્વેક્ષણમાં આવરી લીધેલા ૧૦૦ કુટુંબ ના ઘર ની પશુ છાપરી માટે માહિતી જોવા મળે છે. તેમાં મોટેભાગે આદિવાસીને પશુ જ નથી એટલે તેમની પાસે ઘર ની સાથે કે અલગ છાપરી જ નથી તેવા ૮૧ ઘર છે. ઘર ની સાથે ૧૯ પશુ ની છાપરી છે. સર્વેક્ષણ માં આવરી લીધેલા કોઇ કુટુંબ પાસે પશુ બાંધવા માટે અલગ જ છાપરી જોવા મળી નથી.

## ઘર નો સરસામાન :

આદિવાસી ના રહેંજ લઘુ વિસ્તાર ના કુલ ૩૩ ગામોમાંથી પસંદ કરેલા પાંચ ગામના ૧૦૦ કુટુંબ ને ધ્યાન માં રાખી આ આખા લઘુ વિસ્તાર ના આદિવાસી અંગે ઘરના સરસામાન અંગે જોઇએ તો આ વિસ્તાર ના આદિવાસી ની આર્થિક પરિસ્થિતિ ઘણી જ નબળી છે. ઘર નો સર સામાન ઘણો જ ઓછો છે. જીવન જરૂરિયાત ના સાધનો કે સામાન પુરતો નથી. તેમાં પણ નહીંવત જેટલો ઘર સામાન જોવા મળયો હતો.

આદિવાસીઓનાં ઘરમાં સર સામાન અંગે ક્રમશ: જોઇએ તો તેમના સૂવા માટેના પાથરણા કે ઓઢવાના સાધન ઘણાજ ઓછા છે. ગોદડીઓ કે કતાન હોય છે. આ સાધન ફાટેલી હાલત માં જોવા મળે છે. આ ઓઢવાના માટે ગોદડી ઓ કોઇની પાસે બનાવવાની હોતી નથી. પણ પોતે ફાટેલો કપડાં ભેગા કરીને દોરા થી સાંધી ને ગોદડી બનાવે છે. મજૂરી એ જાય ત્યાંથી અનાજ કે દેસાઇ ના ત્યાંથી ફાટેલા એટલે કે બિન જરૂરી કોથળા લઇ આવે છે. અને તેના ઉપર પણ પથારી કરે છે. ઘણા કુટુંબો નીચે ઘાસ ઉપર કંતાન પાથરે છે. બીજુ કતાન કે ગોદડી ઓઢે છે. ઘણા ઓછા કુટુંબો પાસે સુતરાઉ એટલે કે સોલાપુરી ધાબળા પણ જોવા મળયા હતા.

પહેરવા માટેના કપડાં મોટેભાગે આદિવાસીઓ જે ખાસ ખેત મજૂરી કરે છે. અને બંધાયેલા જોયા છે. તેવા ખેત મજૂરી ને અનાવિલ પોતાના ઉતારેલા કપડાં (જૂના) આપતા હોય છે. છતાં તૈયાર કપડાં બજારમાંથી લાવતા હોય છે. બાળક, સ્ત્રી, પુરુષ ના કપડાં અંગે મોટેભાગે સ્ત્રી અને પુરૂષ ના કપડાં અનાવિલ ના ત્યાંથી ઉતારેલા મળતા હોય છે. તે અને બાળકો માટે તૈયાર રોકડ માં મળતા કપડાં ખરીદી લાવે છે. જે અનાવિલ ના ત્યાંથી મળતા કપડાં પૂરતા થાય નહી માટે તેમને પણ વેચાતા એટલે તૈયાર લેવાજ પડે છે. મોટે ભાગે કપડાં સિવવાનો પ્રશ્ન પેદા થતો નથી. પણ કોઇ વખત જો સિવવાના થાય તો ગામનો દરજી તેમના કપડાં સીવી આપતો હોય છે. તેમનામાં પણ દરજીકામ કરતા આદિવાસીઓ થયા છે.

ધરેણા :

સહેજ લઘુ વિસ્તાર ના આદિવાસીના ધરેણા અંગે વિચાર કરવો ઘણોજ મુશ્કેલી ભર્યો છે. છતાં જોઇએ તો આ વિસ્તારમાંથી ૧૦૦ કુટુંબ ના સર્વેક્ષણ કર્યા હતા. તેમાં હળપતિ નાયકા, અને ધોડિયા આદિવાસીઓનો સમાવેશ થાય છે. એટલે ધરેણા અંગે જાતિવાર જોઇએ તો નાયકા અને હળપતિ ની સ્થિતિ ઘણી જ નબળી છે. તેમની પાસે ઓછામાં ઓછા ધરેણા જોવા મળયા પણ તેમની સાથે ચર્ચા કરવાથી તેમના ધરેણા અંગે જાણવા મળયું હતું.

સ્ત્રીઓનો સહજ સ્વભાવ હોય છે. ધરેણાં અને કપડાં માટે કોઇ પણ સમાજ ની કોઇપણ સ્ત્રીને શોખ હોય છે. તેવી જ રીતે આ આદિવાસીઓમાં પણ સ્ત્રીઓ ધરેણાની ઘણી જ શોખીન છે. છતાં આર્થિક મજબુરી ના કારણ હાલમાં પૂરતા ધરેણા પહેરી શકતા નથી. પણ તેમના ધરેણા આ પ્રમાણે હોય છે. ક્રમશઃ ધોડિયા, નાયકા, હળપતિ ના ધરેણા અંગે જોઇએ :-

**ધોડિયા :**

સ્ત્રીઓ પહેલાં ૬ થી ૮ કિલો જેટલાં કાંસાના વજન દાર કડલાં પહેરતી હતી. હાલમાં પહેરતી નથી. છતાં ઘરેણાનો શોખ સાવ વિસરાઇ ગયો નથી. નાકમાં ચાંદીની કે ખોટી ચૂની કે વારી કાનમાં એરીંગ કે વાળીઓ, ગળામાં રંગીન મણકાની માળાઓ રૂપિયા પાવલી વગેરેનો બનાવેલો હાર પગમાં સાંકળા પહેરે છે. બાવળે ચાંદી નુ કડુ પહેરે છે.

**નાયકા :**

નાયકા ઓની આર્થિક પરિસ્થિતિ ખૂબજ નબળી હોવાથી એવા ઘરેણા ખરીદી શકતા નથી. પહેલાં થોડા ઘણાં ઘરેણા હતા. પણ આર્થિક મુશ્કેલી આવવાથી વેચી નાંખ્યા. સર્વેક્ષણ ના વિસ્તારમાં સોનાના દાગીના જોવા જ મળયા નથી. કેટલાક કુટુંબો પાસે ચાંદીના દાગીના જોવા મળયા હતા. મોટેભાગે તો કલાઇ, રૂપાના કે જસત ના દાગીનાનો ઉપયોગ વધુ કરે છે. કેટલીક બહેનો બનાવટી દાગીના પહેરે છે. એવુ જાણવા મળયુ હતુ. પહેરેલા કે હાજરૂ માં ઘણા ઓછા જોવા મળયા. નાકમાં બનાવટી નથની પહેરે છે. હાથમાં પ્લાસ્ટીક ની અથવા કાચની બગડી પહેરે છે. પગમાં ચાંદી નુ બોરિયુ ( સાંકળ ) પહેરે છે. હવે કલાઇ ના સાંકળા પહેરે છે.

**હળપતિ :**

આ સ્ત્રીઓ કાનની બુટ ઉપર ચોકડા પહેરે છે. ગળામાં કોડિયાનો હાર, હાથમાં ચૂડી અને પગે કલ્લાં પહેરે છે. આ સમાજ આર્થિક રીતે ઘણો જ નબળો હોવાથી ઘરેણા ખરીદી શકતા નથી. પણ બનાવટી કે કોઇવાર ધણીયામાના ત્યાંથી વાર - તહેવારે કે કોઇ સારા લગ્ન - ઉત્સવમાં સામાન્ય ચાંદીના ઘરેણાં ભેટમાં કે ઉપહારમાં આપે તે હોય છે. ખાસ નહી કોઇકવાર અને હળપતિ અને ધણિયામાના સંબંધ પર આધારિત છે.

આગળ ક્રમશઃ સર્વેક્ષણ ના આદિવાસીઓના દરેક જાતિના જોયા આ અંગે સર્વેક્ષણ દરમ્યાન માહિતી એકત્રિત કરી હતી તેને કોઠા નં. ૪.૫ માં દર્શાવવામાં આવી છે. તે જોતાં આદિવાસી ના ઘરેણા અંગે સ્પષ્ટતા થશે.

કોઠા નં. ૪.૫

રહેજ પોકેટ તાલુકા : ગણદેવી — અસ્કયામત — ૪-૫

| ક્રમ | ગામ નું નામ | જાતિ | વિગત | કુટુંબ સંખ્યા | ચાંદીના | સોનાના | કલાઈના | કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રહેજ | હળપતિ | જમીનવાળા | ૧ | – | – | – | – |
| | | | જમીનવગરના | ૧૯ | ૫૦૦ | ૨,૫૦૦ | – | ૩,૦૦૦ |
| | | | કુલ | ૨૦ | ૫૦૦ | ૨,૫૦૦ | – | ૩,૦૦૦ |
| ૨. | પાથરી | હળપતિ | જમીનવાળા | ૧ | ૧૦૦ | – | – | ૧૦૦ |
| | | | જમીનવગરના | ૧૬ | ૯૫૦ | – | – | ૯૫૦ |
| | | | કુલ | ૧૭ | ૧,૦૫૦ | – | – | ૧,૦૫૦ |
| | | નાયકા | જમીનવગરના | ૨ | ૩૫૦ | – | – | ૩૫૦ |
| | | ઢોડિયા | જમીનવગરના | ૧ | ૩૦૦ | – | – | ૩૦૦ |
| | | | કુલ | ૨૦ | ૧,૭૦૦ | – | – | ૧,૭૦૦ |
| ૩. | દવાડા | નાયકા | જમીનવાળા | ૪ | – | – | – | – |
| | | | જમીનવગરના | ૧૬ | – | – | – | – |
| | | | કુલ | ૨૦ | – | – | – | – |
| ૪. | વેગામ | હળપતિ | જમીનવગરના | ૧૧ | ૬૦૦ | – | – | ૬૦૦ |
| | | ઢોડિયા | જમીનવાળા વગરના | ૪ | – | – | – | – |
| | | નાયકા | જમીનવાળા વગરના | ૫ | ૬૦૦ | – | – | ૬૦૦ |
| | | | કુલ | ૨૦ | ૧,૨૦૦ | – | – | ૧,૨૦૦ |
| ૫. | સોનવાડી | હળપતિ | જમીનવાળા | ૨ | ૫૦૦ | – | – | ૫૦૦ |
| | | | જમીનવગરના | ૧૭ | – | – | – | – |
| | | | કુલ | ૧૯ | ૫૦૦ | – | – | ૫૦૦ |
| | | ઢોડિયા | જમીનવગરના | ૧ | – | – | – | – |
| | | | કુલ | ૨૦ | ૫૦૦ | – | – | ૫૦૦ |
| | | | કુલ | ૧૦૦ | ૩,૯૦૦ | ૨,૫૦૦ | – | ૬,૪૦૦ |

ખોરાક :

સર્વેક્ષણ માં આવરી લીધેલા રહેજ પોકેટ ના ૧૦૦ કુટુંબ । હળપતિ, નાયકા, ધોડિયા । ના ખોરાક અંગે જાણવા પ્રયત્ન કર્યાં હતો. આર્થિક પરિસ્થિતિ જાણવી હોય તો આદિવાસી ના રોજ બરોજ ના જીવન પર થી ઘણો જ ખ્યાલ આવશે. ખોરાક ઘણોજ સામાન્ય હોય છે. આગળ કપડાં, ઘરેણા જોયા અને તેમના ખોરાક અંગે વિચારીએ તો આર્થિક સ્થિતિ નો ઘણો બધો ખ્યાલ આવશે તો ક્રમશ: ખોરાક અંગે જાતિવાર જોવા પ્રયત્ન કરીએ. ધોડિયા, નાયકા, હળપતિ.

ધોડિયા :

આ ધોડિયા આદિવાસી પર ઉજળિયાતો ની અસર વિશેષ જોવા મળે છે. આ વિસ્તારમાં ચોખાના અને નાગલીના રોટલા અડદ ની દાળ જેવો ખોરાક લે છે. એ તેવો દાળ - ભાત જેવો ખોરાક લે છે. અને શીરો પણ બનાવે છે. આ રીતે જોઇએ તો બપોરે રોટલા શાક અને સાંજે દાળ ભાત ખાય છે. સવારે ચા પીએ છે. અને રાત્રે દારૂ પણ થોડા પીવે છે.

નાયકા :

શાકાહારી તેમજ માંસાહારી છે. સવારે ભડકું અથવા રાબ પીએ છે. બપોરે ચોખા, જુવાર અથવા મકાઇ ના રોટલા અને તુવર - વાલ, અથવા તો અડદની દાળ ખાય છે. રોજ સાંજે પણ રોટલા દાળ થી ચલાવી લે છે. ઉત્સવ કે તહેવાર પ્રસંગે જો પૈસા ની સગવડ હોય તો દાળભાત બનાવે છે. સાંજે તહેવાર મુજબ દિવાસના દિવસે ઢેબરા, રક્ષાબંધન વખતે પાતરા, દિવાળી વખતે પનેલા બનાવી ખાય છે. મોટેભાગે તેલ વગર ની વરાળ માં બાફીને તૈયાર થાય એવી વાનગીઓ વધારે બનાવે છે. તહેવાર ના દિવસે મોટેભાગે મરઘીનું માંસ અને કાંદા - બટાટા નું શાક એવો ખૂબજ આનંદ થી ખાય છે. બીજું બકરાનું માંસ અને માછલી પણ ખાય છે. દારૂ - તાડી ચા તેમના મુખ્ય પીણાં

હોય છે. પુરૂષો સ્ત્રીઓ અને બાળકો એમ બધા પીવે છે. સામાજિક પ્રસંગો વખતે અને તહેવારો વખતે એનુ પ્રમાણ વધી જાય છે. જેઓ દારૂ, તાડી ન પીતા હોય એમને ચા પીવડા-લે છે.

ખોરાક :

એક ટક નુ તેમનુ ખાવાનુ ધણિયામાના ને ત્યાં જ થતુ એક ચોખાના રોટલા, દાળભાત ચોખાનુ ભડકું પણ બનાવે છે. છાશ કે મરચાં પણ સાથે ખાય છે. માંસાહાર મળે ત્યારે કરે છે. પીણામાં સવારે ચા, ખાસ બપોરે મળે ત્યારે દારૂ પીવે છે. કોઇ વખત રાત્રે પણ દારૂ પીતા હોય છે. તહેવાર ના દિવસે ખાસ દાળ-ભાત બનાવે છે. દારૂ નુ પ્રમાણે વિશેષ પીવે છે. પૈસા ની સગવડ હોય તો લાપસી બનાવે છે. મોટેભાગે તો તહેવારો માં ધણિયામાના ત્યાંથી જે વાનગી મળે તે પણ ખાય છે.

આ વિસ્તારના આદિવાસીઓનુ વ્યસન માં ખાસ (દારૂ પીવે છે.) દારૂ જોવા મળે છે. ચા ખરી પણ સવારે દૂધ વગર ની પીવે છે. આ વિસ્તાર ના આદિવાસીઓના વ્યસનો માં બીડી તમાકુ પણ જોવા મળે છે.

ખેતી ના સાધનો :

રહેજ પોકેટ ના સર્વેક્ષણ માં આવરી લીધેલા ૧૦૦ કુટુંબમાંથી સામાન્ય૮કુટુંબ પાસે ખેતીની જમીન જોવા મળી પણ તેની પાસે પૂરતા સાધનો નથી. ઘણીવાર તો જેને ત્યાં ખેતમજૂરી કરે છે. તેના સાધનો થી ચલાવી લે છે. થોડા સાધનો જોવા મળયા તેની માહિતી એકત્રિત કરવા પ્રયત્ન કર્યાં હતો તો તેને કોઠા નં. ૪.૬ માં દર્શાવવામાં આવ્યું છે.

કોઠા નં. ૪.૬

કોઠા નં. ૪.૬ માં જોતાં જણાય છે કે સર્વેક્ષણ કરેલા આદિવાસી લઘુ વિસ્તાર ના પસંદ કરેલા ૧૦૦ કુટુંબ માંથી ફક્ત ૮ કુટુંબો પાસે સામાન્ય જમીન જોવા મળી હતી. તેમાં તેમના સાધનો અંગે આ કોઠા માં દર્શાવવામાં આવ્યું છે. એ પ્રમાણે જોઇએ તો લાકડાના હળ ૫, લોખંડના હળ ૩, કરબ-૨, સમાર - ૩, વાવણિયો - ૩, નાના ઓજારો ૨, લાકડાના પૈડાવાળા ગાડા ૪, તેમાં બે તો મજૂરી એટલે ભાડે ફેરવી ને રોજી માટે સરકાર ની લોન લઇને લાવેલા છે. બાકીના બે ની હાલત બરાબર નથી. આ સિવાય બીજી કોઇ ખેતીવાડીના સાધનો જોવા મળતા નથી. આ સાધનો મોટેભાગે ગામના સુથાર પાસે બનાવે છે. આ જ્ઞાતિએ સુથાર નહી પણ કોઇ સુથારી કામ કરતો આદિવાસી હોય તે ખાસ કરીને લાકડામાંથી બનાવે છે. મહુડા - લીંબડા કે આંબાના લાકડામાંથી ખેતીના સાધનો બનાવે છે. ફક્ત લોખંડ નું હળ, એક જ લોખંડ માંથી બનાવે છે. તે ફરતા કારીગરો ગામના ઝાંપે હોય છે. તેમની પાસે કુહાડી, દાતરડા કોદાળી, આવા નાના ઓજારો, બનાવી લેતા હોય છે. તેના ઉપયોગ વિશે જોઇએ લાકડાનું હળ, ખેતરમાં ખેડ કરવા માટે કરબ - આ કરબ પણ ખેતર માં જમીન હળ ની માફક ખેડવા પણ તેમાં લોખંડ નું પાનું આવે તેના મારફતે ફૂટ - જેટલી જમીન એક સાથે ખેડાય અંદર રહી ન જાય માટે, સમાર : કરબ કે હળ થી જે જમીન ને ખેડી હોય તેનાથી માટીના મોટા ઢેફાને સરખાં એક લેવલ કરવા માટે સમાર વાપરવામાં આવે છે. નાના ઓજારો, કોદાળી, પાવડો, દાતરડા ખેતર માં નાનું મોટું ખોદવા, કાપવા કે માટી સરખી કરવા માટે સાધનો નો ઉપયોગ થતો હોય છે. લાકડાના પૈડા વાળું ગાડું - માલ ખેતર માં થી ઘાસ કરાડી વગેરે લાવવા માટે કોઇ ના ત્યાંથી ભાડે ફેરવવાનો પણ ઉપયોગ કરે છે. આ સિવાય ખેતી ના સાધનો જોવા મળયા નથી. કારણ કે આર્થિક પરિસ્થિતિ આવા મોટા સાધનો વસાવવા ની છે નહિ અને જમીન પણ એટલી નથી.

ખેતી ઓજારો સંખ્યા અને કિંમત ગાડું ૪.૬

| ક્રમ ગામનું નામ | જાતિ | વિગત | કુટુંબ સંખ્યા | લાકડા હળ | લો. હળ | કરબ | સમાર | પાવડી નો | નાના ધુરાં. | લાકડા પૈડા | ટાયર | કૂવો | કોષ | રહેટ | ઓઈલ | ઈ.મોટર | કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. રહેજ | હળપતિ | જમીનવાળા | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | | જમીનવગરના | ૧૯ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | | કુલ | ૨૦ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૨. પાથરી | હળપતિ | જમીનવાળા | ૧ | ૧ | ૧ | – | ૧ | ૧ | ૨ | ૧ | – | – | – | – | – | – | ૧,૫૦૦ |
| | | જમીનવગરના | ૧૬ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | | કુલ | ૧૭ | ૧ | ૧ | – | ૧ | ૧ | ૨ | ૧ | – | – | – | – | – | – | ૧,૫૦૦ |
| | નાયકા | જમીનવગરના | ૨ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | ઢોડિયા | જમીનવગરના | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | | કુલ | ૨૦ | ૧ | ૧ | – | ૧ | % | ૨ | ૧ | – | – | – | – | – | – | ૪,૫૦૦ |
| ૩. દવાડા | નાયકા | જમીનવાળા | ૪ | ૧ | – | – | ૧ | ૧ | – | ૧ | – | – | – | – | – | – | ૫,૪૩૫ |
| | | જમીનવગરના | ૧૬ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | | કુલ | ૨૦ | ૧ | – | – | ૧ | ૧ | – | ૧ | – | – | – | – | – | – | ૫,૪૩૫ |
| ૪. વેગામ | હળપતિ | જમીનવગરના | ૧૧ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | ઢોડિયા | જમીનવાળા વગરના | ૪ | ૧ | – | ૧ | ૧ | ૧ | – | – | – | – | – | – | – | – | ૨૦૦ |
| | નાયકા | | ૫ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | | કુલ | ૨૦ | ૧ | – | ૧ | ૧ | ૧ | – | – | – | – | – | – | – | – | ૨૦૦ |
| ૫. સોનવાડી | હળપતિ | જમીનવાળા | ૨ | ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | – | – | – | – | – | – | ૧૪,૭૦૦ |
| | | જમીનવગરના | ૧૭ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | | કુલ | ૧૯ | ૧ | ૧ | ૧ | – | – | – | ૧ | – | – | – | – | – | – | ૧૪,૭૦૦ |
| | ઢોડિયા | જમીનવગરના | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | | કુલ | ૨૦ | ૨ | ૨ | ૧ | – | – | – | ૨ | – | – | – | – | – | – | ૧૪,૭૦૦ |
| | | કુલ | ૧૦૦ | ૫ | ૩ | ૨ | ૩ | ૩ | ૨ | ૪ | – | – | – | – | – | – | ૨૧,૮૩૫ |

રહેજ લઘુ વિસ્તારમાં પસંદ કરેલા પાંચ ગામ ના ૧૦૦ કુટુંબો પાસેથી માછીમારીનાં શિકાર ના, નાચગાન ના સાધનો અંગે માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. તો જાણવા મળયુ કે માછીમારી ના સાધનો માં ખાસ જાણવા મળયું નથી. પણ ઝાળ આવે છે. તે સોનવાડીમાં જોવા મળી તે પણ સબસીડી લઇને કરી છે. તેની કિંમત ૮૦૦ રૂપિયા થાય છે. ૩ નાયકા પાસે જોવા મળી અંબિકા નદીમાંથી માછલા પકડવા માટે રાખી હોય છે. આ માછલાં આજુબાજુના ગામડાઓમાં વેચતા હોય છે. કિલોના ૧૫ થી ૨૦ થી આ વેચે છે. તેવુ જાણવા મળયું હતુ. શિકાર ના ખાસ સાધન વિષે જાણવા મળયુ નથી. પણ છોકરાના હાથમાં સાઇકલની ટયુબ ના બનાવેલ રબ્બરને લાકડાની ઘોડી નો ઉપયોગ કરી " ગિલોલ " બનાવેલ જોવા મળી તેનાથી કબુતર, તેતરા, હોલા, કાબર, જેવા પંખીઓ મારીને લાવતા હોય છે. કાંઇકવાર જો સસલ મળે તો તેને પણ મારી નાખે છે. તેના માટે કોઇ સાધન નથી. પણ બે ચાર ભેગા થઇ તેનો ઘેરો ઘાલે છે. અને પછી લાકડી કે લાકડા કે પથ્થર થી મારી નાંખે છે. આ સિવાય શિકાર અંગે જાણવા મળતુ નથી. નાચગાન ના સાધન ખાસ જોવા મળયા નથી. પણ ચર્ચામાં જાણવા મળયુ કે તંબુરો, ઢોલક, પીપડા જેવા સાધનો રાખે છે. આ સિવાય બીજા સાધનો નથી.

અનાજ ભરવા માટે માટીની કોઠીઓ હોય છે. તે પુરી ભરવા માટે અનાજ નુ પ્રમાણ ઘણુ જ ઓછુ હોય છે. ટુંક માં કોઠીઓ પુરી ભરી શકાતી નથી. ખાંડવા માટે કોઇક કોઇ ઘેર પથ્થર ના બનાવેલ ઓસરીમાં બેસાડેલા હોય છે. દળવા માટે એ કોઇ સાધન રાખતા નથી.

આદિવાસી પાસે અનાજ ભરવાના, ખાંડવાના, દળવા પણ પૂરતા સાધન નથી. જેની પાસે જીવન જીવવા માટેના અપૂરતા સાધનો છે. ખૂબજ આર્થિક પરિસ્થિતિ નબળી છે. તે જોઇ શકાય છે.

**ધંધાઓ :**

| ૪. | વેગામ | હળપતિ | જમીનવગરના | ૧૧ | – | – | – | – | – | – |
| | | પો. પટેલ | જમીનવગરના | ૪ | – | – | – | – | – | – |
| | | નાયકા | જમીનવાળા | ૫ | – | – | – | – | – | – |
| | | | કુલ | ૨૦ | – | – | – | – | – | – |
| ૫. | સોનવાડી | હળપતિ | જમીનવાળા | ૨ | ૨ | ૨ | ૧ | ૨ | ૨ | ૨ |
| | | | જમીનવગરના | ૧૭ | – | – | – | – | – | – |
| | | | કુલ | ૧૯ | – | – | – | – | – | – |
| | | ઢોડિયા | જમીનવગરના | ૧ | – | – | – | – | – | – |
| | | | કુલ... | ૨૦ | ૨ | ૨ | ૧ | ૨ | ૨ | ૨ |
| | | | કુલ.. | ૧૦૦ | ૪ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ |

કોઠા નં. ૫.૬ માં જોતા જણાય છે કે કુલ ખેતી કરતા કુટુંબોમાંથી ૪ કુટુંબોએ નવો કૂવો કરાવવા, ૨ કુટુંબો એ કૂવો ઉંડો કરાવવા, ૨ કુટુંબોએ વિજળીનું જોડાણ, ૨ કુટુંબોએ ઓઇલ એન્જિન અને ઇલેક્ટ્રીક મોટર ૨ કુટુંબોએ કૂવાની મરામત અને બે કુટુંબોએ કોશ, રહેંટ ની માંગણી કરી હતી.

ખેતી કરતા કુલ કુટુંબો પાસે જમીન માં વનીકરણ ફળઝાડ, શાકભાજી, કરવા અંગે જાણવા પ્રયત્ન કર્યો હતો તો જાણવા મળ્યું હતું કે કેટલાક કુટુંબો એ શાકભાજી, ફળઝાડ નો ઉછેર, ફળઝાડ શાકભાજી અને વનીકરણ ની જરૂરિયાત દર્શાવવામાં આવ્યું છે.

કોઠો નં. ૫.૭

<u>ફળઝાડ, શાકભાજી, વનીકરણની જરૂરિયાત</u>

ફળઝાડ , શાકભાજી વનીકરણ ની જરુરીયાત



| ક્રમ | ગામનું નામ | જાતિ | વિગત | કુટુંબ સંખ્યા | શાકભાજિ વાવેતર | | ફળઝાડ ઉછેર | | ઘાસચારો | | વનીકરણ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા | ના | હા | ના | હા | ના | હા | ના |
| ૧. | રહેજ | હળપતિ | જમીનવાળા | ૧ | – | ૧ | – | ૧ | – | ૧ | – | ૧ |
| | | | જમીનવગરના | ૧૯ | – | ૧૯ | – | ૧૯ | – | ૧૯ | – | ૧૯ |
| | | | કુલ | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ |
| ૨. | પાથરી | હળપતિ | જમીનવાળા | ૧ | – | ૧ | – | ૧ | – | ૧ | – | ૧ |
| | | | જમીનવગરના | ૧૬ | – | ૧૬ | – | ૧૬ | – | ૧૬ | – | ૧૬ |
| | | | કુલ | ૧૭ | – | ૧૭ | – | ૧૭ | – | ૧૭ | – | ૧૭ |
| | | નાયકા | જમીનવગરના | ૨ | – | ૨ | – | ૨ | – | ૨ | – | ૨ |
| | | ઢોડિયા | જમીનવગરના | ૧ | – | ૧ | – | ૧ | – | ૧ | – | ૧ |
| | | | કુલ.. | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ |
| ૩. | દુવાડા | નાયકા | જમીનવાળા | ૪ | – | ૪ | – | ૪ | – | ૪ | – | ૪ |
| | | | જમીનવગરના | ૧૬ | – | ૧૬ | – | ૧૬ | – | ૧૬ | – | ૧૬ |
| | | | કુલ | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ |
| ૪. | xxxxxxવેગામ | હળપતિ | જમીન વગરના | ૧૧ | – | ૧૧ | – | ૧૧ | – | ૧૧ | – | ૧૧ |
| | | પો. પટેલ | જમીનવાળા વગરના | ૪ | – | ૪ | – | ૪ | – | ૪ | – | ૪ |
| | | નાયકા | જમીનવાળાવગરના | ૫ | – | ૫ | – | ૫ | – | ૫ | – | ૫ |
| | | | કુલ.. | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ |
| ૫. | સોનવાડી | હળપતિ | જમીનવાળા | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| | | | જમીનવગરના | ૧૭ | – | ૧૭ | – | ૧૭ | – | ૧૭ | – | ૧૭ |
| | | | કુલ | ૧૯ | ૧ | ૧૮ | ૧ | ૧૮ | ૧ | ૧૮ | ૧ | ૧૮ |
| | | ઢોડિયા | જમીન વગરના | ૧ | – | ૧ | – | ૧ | – | ૧ | – | ૧ |
| | | | કુલ | ૨૦ | ૧ | ૧૯ | ૧ | ૧૯ | ૧ | ૧૯ | ૧ | ૧૯ |
| | | | કુલ | ૧૦૦ | ૧ | ૯૯ | ૧ | ૯૯ | ૧ | ૯૯ | ૧ | ૯૯ |

કોઠા નં. ૫.૭ માં જોતા જણાય છે કે કુલ ખેતી કરતા કુટુંબોમાંથી શાકભાજી ૧ કુટુંબ, ફળઝાડ, ઉછેર ૧ કુટુંબ ઘાસચારો ૧ કુટુંબ, અને વનીકરણ ૧ કુટુંબ પોતાના ખેતરોમાં કરવાની જરૂરિયાત દર્શાવે છે. તે જોઇ શકાય છે.

સર્વેક્ષણ દરમ્યાન પશુપાલન અંગે માહિતી લીધી હતી. તો જાણવા મળયુ હતુ કે કુલ કુટુંબોમાંથી ૨૬ ટકા જુદા જુદા પશુની જરૂરિયાત હોય તેવુ લાગ્યુ હતુ તે અંગે કોઠા નં. ૫.૮ " પશુ પાલનની જરૂરિયાત " માં દર્શાવવામાં આવ્યુ છે.

કોઠા નં. ૫.૮

<u>પશુ પાલન ની જરૂરિયાત</u>

કોઠા નં. ૫.૮ માં જોતાં જણાય છે કે કુલ ૧૦૦ કુટુંબોમાંથી ૨૬ કુટુંબો પશુપાલન કરવાની ઇચ્છા ધરાવે છે. તેમાં ગાય, ભેંસ, બળદ, બકરા વગેરે ની માંગણી જાણવા મળી હતી. ૧૧ કુટુંબ ગાય, ૧૬ કુટુંબ ભેંસ, બળદ ૧ કુટુંબ બકરા ઘેટા ૫, અન્ય ૨ કુટુંબોની માંગણી હતી. વિશેષ માં ભેંસો માગે છે. ઓછામાં ઓછી જરૂરિયાત બળદ ની માલુમ પડી હતી.

| ક્રમ | ગામનું નામ | જાતિ | વિગત | કુટુંબ સંખ્યા | પશુપાલનની જરુરિયાત હા | ના | હા, તો વિગત ગાય | ભેંસ | બળદ | ઘેટાં બકરા | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | રહેજ | હળપતિ | જમીનવાળા | ૧ | ૧ | – | – | –૧ | – | – | – |
| | | | જમીનવગરના | ૧૯ | ૯ | ૧૦ | ૨ | ૭ | – | – | – |
| | | | કુલ.. | ૨૦ | ૧૦ | ૧૦ | ૨ | ૭ | – | – | – |
| ૨. | પાથરી | હળપતિ | જમીનવાળા | ૧ | ૧ | – | ૧ | ૧ | – | – | – |
| | | | જમીન વગરના | ૧૬ | ૯ | ૭ | ૨ | – | – | ૫ | ૨ |
| | | | કુલ | ૧૭ | ૧૦ | ૭ | ૩ | ૧ | – | ૫ | ૨ |
| | | નાયકા | જમીન વગરના | ૨ | – | ૨ | – | – | – | – | – |
| | | ઢોડિયા ક્ર | જમીન વગર ના | ૧ | – | ૧ | – | – | – | – | – |
| | | | કુલ | ૨૦ | ૧૦ | ૧૦ | ૩ | ૧ | – | ૫ | ૨ |
| ૩. | દુવાડા | નાયકા | જમીનવાળા | ૪ | ૧ | ૩ | ૧ | – | – | – | – |
| | | | જમીનવગરના | ૧૬ | ૩ | ૧૩ | ૩ | ૧ | – | – | – |
| | | | કુલ.. | ૨૦ | ૪ | ૧૬ | ૪ | ૧ | – | – | – |
| ૪. | વેગામ | હળપતિ | જમીનવગરના | ૧૧ | ૪ | ૭ | – | ૪ | – | – | – |
| | | | જમીનવગરના | ૪ | – | ૪ | – | – | – | – | – |
| | | | જમીન વગરના | ૫ | – | ૫ | – | – | – | – | – |
| | | | કુલ... | ૨૦ | | ૨૦ | – | ૪ | – | – | – |
| ૫. | સુનાવાડી | હળપતિ | જમીનવાળા | ૨ | ૨ | – | ૨ | ૧ | ૧ | – | – |
| | | | જમીનવગરના | ૧૭ | – | ૧૭ | – | – | – | – | – |
| | | | કુલ.. | ૧૯ | ૨ | ૧૭ | ૨ | ૧ | ૧ | – | – |
| | | ઢોડિયા | જમીનવગરના | ૧ | – | ૧ | – | – | – | – | [illegible] |
| | | | કુલ.. | ૨૦ | –૨ | ૧૮ | ૨ | ૧ | ૧ | – | – |
| | | | કુલ... | ૧૦૦ | ૨૬ | ૭૪ | ૧૧ | ૧૬ | ૧ | ૫ | ૨ |

આવશયકતા અંગે સર્વેક્ષણ દરમ્યાન મળેલી માહિતી કોઠા ના રૂપ માં મૂકવા પ્રયત્ન કર્યો છે. નિરિક્ષણ કરતાં ખ્યાલ આવે છે કે ઘણી બધી જીવન જરૂરિયાત ઉભી છે. છતાં તેની સામે માંગણી કે ઇચ્છા નહીવત માલુમ પડે છે. આ પાછળ કેટલાક કારણો સમાયેલા છે. પશુપાલન ની માંગણી કરે તો સ્હેજ લઘુ વિસ્તાર ના આદિવાસીઓના વિકાસ માટે આયોજન કરવુ હોય તો તેના માટે એક સિધ્ધાંત યાદ રાખવો જરૂરી બને છે. આ વિસ્તાર ના આદિવાસીની સામાજિક – આર્થિક પાસાને તથા લોકોના વ્યવસાય અંગે તેની કુશળતાઓ અંગે, આર્થિક સ્તર, સંસ્કૃતિ, શિક્ષણ અને નવાચાર એટલે કે નવા વિચારો મૂળભૂત પરિસ્તિતિ માં પરિવર્તન ની આતુરતા વગેરે બાબતોને ધ્યાન માં રાખવી પડે. કારણકે આ બધી બાબતો ધ્યાનચૂક થઇ જાય તો આયોજન શકય નથી.

આર્થિક અને સામાજિક એ એક બીજાના પૂર્વકપાસા છે. તેમાં પણ આર્થિક પાસુ એ ખાસ મહત્વ નુ હોય છે. સામાજિક વ્યવહારો માટે પણ આર્થિક પાસાની જરૂર જણાય છે. આર્થિક રીતે માણસ સધ્ધર હોય તો તેના સામાજિક વ્યવહારો પણ સારા અને વિશેષ જોવા મળશે. આ વિસ્તાર માં આદિવાસીઓના આર્થિક પાસાને મજબુત કરવા માટેના આયોજન માટે તેના વ્યવસાયો તેનામાં કેવી કુશળતાઓ છે તે પણ જોવી પડે, વલણો, શિક્ષણ વગેરે જોવૂ પડે.

આ વિસ્તારના આદિવાસીઓમાં જોયુ કે કુશળતાઓ છે પણ તેને તેના માટે તાલીમ અને નાણાં ની જરૂર છે. આર્થિક રીતે ઘણા જ નબળા છે. !ખોટા! બનાવટી દાગીના બનાવી શકે છે. સુથારી કામ કરી શકે છે. સાઇકલ ની રેપેરીગ કરી શકે છે. ડ્રાઇવીગ કરી શકે છે. ખેતીવાડીની સૂજ છે. એટલે આ રીતે તેમનામાં

ઘણી બધી કુશળતાઓ અને સૂઝ જોવા મળે છે. તેમનામાં શિક્ષણ નું પ્રમાણ ઓછુ છે. ખાસ હળપતિઓમાં જો શિક્ષણનું પ્રમાણ વધે તો તેનામાં ઘણી બધું પરિવર્તન આવે એટલે કે તેમાં સુધારો થાય તે સમજતો વિચારતાં ત્યારે શિક્ષણ ઘણો બધો ભાગ ભજવી શકે છે. માટે શિક્ષણ માટે આયોજન પણ કરવુ જોઇએ. ટુંક માં કહીએ તો આ બધી બાબતોને ધ્યાનમાં રાખવી જોઇએ.

રહેજ વિસ્તારમાં અજરાઇ માં તળાવ છે. એ રહેજ માં પણ તળાવ છે. આ તળાવો માં પણ ઘણો જ સુધારો કરવાની ખાસ જરૂર છે. જેનાથી આજુબાજુના વિસ્તારોમાં તેની સિંચાઇનો લાભ મળી શકવાની પણ શકયતાઓ છે. આ માટે પણ સુધારો કરવાની જરૂર છે.

આ વિસ્તારના લોકોની લઘુત્તમ આવશ્યકતાઓમાં ખાસ જમીન ઘર, પશુ નીલાગે છે. તેના માટે યોજના કરવામાં આવે તો આર્થિક પાસુ કઇક સારૂ થાય તેની સાથે શિક્ષણ ની વ્યવસ્થા કરવી પણ જરૂર છે. હળપતિ ઓમાં શિક્ષણ માટે અગ્રિમતા આપીને ખાસ યોજના કે આયોજન કરવુ જોઇએ. આ સાથે રોજી રોટી મકાન પીવાના પાણી અને તેના આરોગ્ય માટે પણ આયોજન કરવૂ જોઇએ કારણ કે રહેજ લઘુ વિસ્તારમાં તમામ આદિવાસીઓ ખેતમજૂરો જ છે. આ મજૂરી આખુ વર્ષ મળતી નથી. પણ સીજન મુજબ મળી રહે. બાકીના દિવસોમાં પુરચુરણ કામ મળે તેમાં પૂરતી રોજી મળતી નથી. અને રહેવાને મકાન એટલે કે સામાન્ય છાપરૂં ઘાસ – પાન નું હોય છે તો તમામ બાબતો આયોજન માટે ધ્યાનમાં લેવી જોઇએ.

આ વિસ્તારમાં આર્થિક રીતે નબળા અને સામાજિક રતે પણ પછાત હળપતિઓ જોવા મળયા હતા. ખાસ તેમનામાં શિક્ષણ નુ પ્રમાણ ઓછુ જોવા મળ્યુ શિક્ષણ માટે અલગ ખાસ વ્યવસ્થા

શિબિર સેમિનાર કરીને આ હળપતિઓમાં શિક્ષણ આવે તેવા પ્રયાસ કરવા જોઇએ. તેમના બાળકો ગામના ઝાંપે ધૂળ માં રખડતા હોય છે. કાંતો અનાબિલ ના ઢોર ! પશુ ! ચારતા હોય છે. જો તેમનામાં શિક્ષણ નું પ્રમાણ વધે તે માટે યોગ્ય આયોજન સ્થાન આપવું જોઇએ.

આ રહેજ લઘુ વિસ્તારમાં ખાસ હળપતિ આદિવાસીઓની વસતિ વિશેષ છે. તેઓનું ગેરકાયદેસર અનાવિલો, કોળી પટેલ પારસી હાલ પણ શોષણ કરે છે. પણ તે બહાર આવતું નથી. પૂછવાથી સ્પષ્ટ માહિતી મળતી નથી પણ તે વિસ્તારમાં નિરિક્ષણ કરવાથી અને આડકતરી રીતે પૂછવાથી આદિવાસીઓની સાથે ચર્ચા કરી હતી અને તેના તારણોમાં પણ નીકળી આવ્યું કે હળપતિ ઓનું શોષણ હાલમાં પણ અનાવિલો મારફતે થાય છે. તે નાબુદ થાય તેવું આયોજન કરવું જોઇએ. જેથી આ હળપતિઓ શોષણમાંથી મુકત થાય.

આદિવાસીઓના કોઇપણ જાતના વિકાસ ના આયોજન કરવું હોય તો જે તે સ્થળ હોય તેના સ્થાનિક આદિવાસીઓને આયોજનની શરૂઆત થી માંડીને અંત સુધીમાં સાથે રાખવા જોઇએ કે અગ્રિમતા આપવી જોઇએ. તો જ શચોટ અને ઉપયોગી શાર્થક આયોજન થશે. અને તે પણ સફળ બનશે.

સામાન્ય રીતે આદિવાસીઓના નિવાસ છૂટાછવાયેલા જોવા મળયા હતા. હાલમાં પણ તેઓ એક સાથે રહેવા તૈયાર નથી તો તેમનામાં સગઠન થાય કેવી રીતે તેના પર વિચાર કરવો જોઇએ જો તેઓ સગઠિત થશે તો તેમના વિચારોની આપલે થશે અને તેમના વિચારોમા જાણકારી કે નવી સૂઝ ઉભી થશે. તેમના સુવ્યવસ્થિત મંડળો રચવા જોઇએ. આ રીતે

તેમની સ્થાનિક સંસ્થાઓને પણ પગભર કરવા માટે આયોજન વિચારવું જોઇએ જેથી કરીને આ સંસ્થાઓ મારફતે પણ તેમના વિકાસ ની દિશા ખોલશે.

આ લઘુ વિસ્તારમાં હળપતિઓ અને નાયકા વિશેષ જોવા મળે છે. તેઓ મોટેભાગે ખેતમજૂરો છે. આ ખેતમજૂરી કરતા હોવાથી તેમનામાં સૂજ પણ સારી છે. અનુભવ છે. ગોચર ની કે બીજી કોઇપણ જાતની જમીન તેમને આપવી જોઇએ. અને ઉદ્યોગો કરતા ખેતીને વધુ પસંદગી માં ખગ્રિમતા આપવી જોઇએ. તે પણ લઘુ વિસ્તારની અંદર જ આ રોજી માટે વિચારવું જોઇએ. બહાર કોઇ અર્થ નથી.

રહેજ લઘુ વિસ્તારના કે બીજા કોઇપણ લઘુ વિસ્તાર માટે જ્યારે આયોજન કરતા પહેલા ખાસ જોવુ જોઇએ કે આ આયોજન મારફતે આદિવાસીઓને જે મદદ થશે તે મદદ લાંબાગાળાની છે કે થોડા વખત માટે છે. જો તેમનો ખરેખર વિકાસ માટે જ આયોજન કરવુ હોય તો લાંબા ગાળા સુધી મદદ મળે તે રીતે આયોજન કરવુ જોઇએ. અધ- વચ્ચે બંધ થાય અને તે આદિવાસી ના તો લાભ લઇ શકે ના તો છોડી શકે. દા.ત. પાથરી માં મરઘા ફાર્મ એક ચાલ્યુ પછી દાણા મરઘા માટે ના આવ્યુ આથી તે મરઘાફાર્મ માટે લીધેલી લોન પુરી કરવા માટે પણ મુશ્કેલી થઇ છે. ઉપર થી દેવામાં આવી ગયા છે. એટલે આ રીતે મુશ્કેલી ભર્યુ આયોજન થાય એના કરતા ના થાય તો વધારે સારૂ. જેથી કોઇપણ જાતનુ નુકશાન નહી ભલે લાભ તો ના મળે. એટલા માટે આયોજન એવુ કરવુ જોઇએ કે જેથી તેમની ગરીબી હમેશા ના માટે દૂર થાય લાંબા ગાળા સુધી મદદ મળી રહે. એવી રીતે ના આયોજન ના કાર્યક્રમો પણ ગોઠવવા જોઇએ.

આયોજન માં એવી યોજના મૂકવી જોઇએ તેઓ સ્વાયત્તા પ્રાપ્ત કરી શકે ને તેમાંથી તેમને જે નાણાં નુ ધિરાણ કર્યું હોય તે નાણાં પરત કરવા માટે શક્તિમાન થાય તેવા આયોજન મારફતે ઉત્પાદન અને અસ્કયામતો વધારે ઉભી થાય તેવા પ્રયાસ જરૂર કરવા જોઇએ.

લઘુ વિસ્તારનુ આયોજન દેશ રાજ્ય અને પ્રયોજનના વિસ્તારોમા આયોજન નો એક અભિગમ હોવો જોઇએ. કારણકે પછી આયોજનના અમલીકરણ કરવામાં કોઇ અવરોધક કે અંતરાય ન પેદા થાય માટે એક અભિગમની ખાસ જરૂર જણાય છે.

આયોજનમાં પંચવર્ષીય યોજનામાં કેટલા પૈસા ફાળવવામાં આવ્યો છે તેને ખાસ ધ્યાનમાં રાખવુ જોઇએ. ગમે તેટલુ મોટુ આયોજન કરવામાં આવે અને નાણા ની જોગવાઇ ના હોય તો મોટી મુશ્કેલી ઉભી થાય માટે કેટલી જોગવાઇ છે તે મુજબ જ આયોજન કરવુ જોઇએ.

કોઇપણ યોજના કરતાં પહેલાં તેના માટેનુ બજેટ તેના માટે સારા કે તરફેણ માં કે અવરોધાત્મક પરિબળો અંગે ખાસ વિચાર કરવો જોઇએ. અથવા તો તે અંગે માહિતી ની જાણકારી કરવી જોઇએ. જેથી યોજના ક્ષતિરહિત બનાવી બની શકે.

હેતુઓ :-

ઉપરોક્ત જુદા જુદા સિધ્ધાંતોની લઘુ વિસ્તારના આયોજનના હેતુઓ વધુ સ્પષ્ટ થાય છે. આ આયોજનથી લોકો ના જીવનમાં ગતિશિલતા લાવી અને ગુણવત્તા વધારાવામાટેનુ છે. અને આયોજનના વિકાસ થી તેઓનો આર્થિક વિકાસ જ નહી પણ સાંસ્કૃતિક અને સામાજિક પાસાઓ પણ વિકાસ થશે.

અને તેમની પ્રત્યેક વ્યક્તિનું અંતર વિકસિત થાય તે નિરલસ અને કાર્ય માટે બધા સાથે મુક્ત થાય.

આ આયોજન માં લઘુ વિસ્તાર ના આદિવાસીઓના ૫૦ ટકા કુટુંબો ગરીબી ની રેખા ઉપર લાવવાના પ્રયાસ ને ખ્યાલમાં રાખી આયોજન બનાવવું જોઇએ. કુટુંબો ની ગરીબી સાથે પાયાની સવલતો જેવી રહેઠાણ – પાણી, શિક્ષણ ની વધે તેવા પ્રયાસો કરવાના છે. આ યોજન માં આ જે જીવનની જરૂરિયાત કે આવશ્યકતા ને સંતોષી શકાય તે બાબત ખાસ ધ્યાનમાં રાખવાના હેતુ થી આ આયોજન કરવું જોઇએ. હેતુ બાજુ પર રહે તે તો તે નિર્થક આયોજન બને માટે તેના હેતુ ને ખાસ ધ્યાનમાં રાખવો જોઇએ.

ગામડાના લોકોમાં શિક્ષણ નું પ્રમાણ ઓછું છે. તેમાં પણ હળપતિ આદિવાસી માં તો ઘણું જ ઓછું જોવા મળે છે. સામાન્ય પ્રજાનું શિક્ષણ આદિવાસીઓનું સ્ત્રીઓનું શિક્ષણ માં વધારો થાય માટે શૈક્ષણિક સંસ્થાઓ મૂળ નાના પાયે થી ઊભી કરવી જોઇએ. જેવી કે બાલવાડી, પ્રૌઢશિક્ષણ શરૂ કરી બાળકો અને પૈઢાઓને લખતા વાંચતા કરી આજના પરિવર્તનશીલ વાતાવરણ અંગે જાણકારી આપવી જોઇએ. તેવી ખાસ જરૂર દેખાય છે.

-------------

## પ્રકરણ : ૧૬

### રહેજ લઘુ વિસ્તાર નું આયોજન (સૂચિત)

આયોજન અભ્યાસ ના લગભગ છેવટ ના ભાગમાં લઘુ વિસ્તાર ની ભૌગોલિક પરિસ્થિતિ, ધંધા રોજગાર હળપતિ કુટુંબોની આવશ્યકતા અને આકાંક્ષાઓ અને હળપતિઓના અને આ વિસ્તારમાં આવતા બીજા આદિવાસીઓના વિકાસલક્ષી આયોજન માટે જરૂરી સિધ્ધાંતો અને હેતુઓના આધારે આયોજન ની રૂપરેખા આપવાનો પ્રયાસ કર્યો છે. આ આયોજન ક્ષેત્રકાર્ય દરમ્યાન પ્રત્યક્ષ નિરિક્ષણ મુલાકાત કુટુંબ ના વડાઓ, સામાજિક કાર્યકરો ગામ આગેવાનો ની સાથે તેમના વિકાસ અંગે શું કરી શકાય અને કેવી રીતે વગેરે ની ચર્ચા કરવામાં આવી હતી. અને આગળ બતાવ્યું તેમ નિરિક્ષણ મારફતે કેટલુંક આયોજન માં સૂચવી શકાય તેવા વિચારોને પણ આયોજન માં મૂકવામાં આવ્યા છે. તેમ છતાં આ આયોજન ફક્ત સૂચિત છે. તેમાં સુધારા - વધારા ને પૂરતો અવકાશ છે. સૂચવ્યા સિવાય ની અનેકવિધ યોજનાઓ ઉમેરી શકાય તેવી પુરી સરળતા સમાયેલી છે.

આ આયોજન પંચવર્ષીય યોજના સાથે સંબંધકર્તા રહેશે તે અપેક્ષાએ પાંચ વર્ષનું બનાવવાનો પ્રયત્ન છે. તેમાં બે વર્ષ માં ઓછા લક્ષયાંકો રાખવામાં આવેલ છે. પછીના ત્રણ વર્ષ માં સરખા રાખવાનો પ્રયત્ન છે. નીચે આયોજન કરવા માટેના કાર્યક્રમ પ્રમાણે આયોજન વિચારી શકાય.

(૧) લઘુતમ આવશ્યકતાઓની પૂર્તિ- (કૂવા, વિજળી, ઘર, દવાદારૂ આરોગ્ય)
(૨) આર્થિક કાર્યક્રમો
(૩) લોકોની કુશળતા વધારવાના કાર્યક્રમો
(૪) ધીરાણ વ્યવસ્થાના કાર્યક્રમો
(૫) ખેતી ના કાર્યક્રમ
(૬) બીજા કાર્યક્રમો
(૭) સાંસ્કૃતિક આયોજન

લઘુતમ આવશ્યકતાઓની પૂર્તિ :

આ વિસ્તારના આદિવાસીઓના રસ્તાઓ પણ હોતા નથી પગદંડી કે ગોળ ગોળ ફરિને કાદવ, કીચડવાળા રસ્તાઓ હોય છે. તેમના નિવાસ દૂર દૂર હોવાથી ગામની સાથેના રસ્તા પણ ઘણાજ ખરાબ હોય છે. તો તેના માટે પણ વિચારવુ જોઇએ. ખાસ તેમની જરૂરિયાતમાં ઘર, વિજળી, પાણી અને દવાદારૂ ની છે. કૂવો પંચાયતે કરેલો હોય છે. પણ આ આદિવાસી ગામના ચારેક કિ. મી. માં ફેલાયેલ હોય છે. આથી પંચાયત કરેલો કૂવો ગામની નજીક ની હદ માં હોય છે. માટે ઘણા આદિવાસીઓને મુશ્કેલી પડે છે. વિજળીનુ જોડાણ પણ હોતુ નથી. ગામમાં વિજળી હોય પણ આદિવાસીઓના ઘરોમાં ઘણા ઓછા ઘરોમાં વિજળી જોવા મળે છે. આરોગ્ય માટે ગામની અંદર જ વ્યવસ્થા હોય છે. આદિવાસીને ચારેક કિ.મી. ના અંતરે નિવાસ હોવાથી તે વ્યવસ્થાનો લાભ મળતો નથી. તો તેની નજીક માં વ્યવસ્થા કરવી જોઇએ. લઘુ વિસ્તાર ના કુલ ગામ ૩૩ છે.

એક વર્ષમાં ૬ ગામોમાં કામગીરી કરવી.

પીવાનુ પાણી

| | | | |
|---|---|---|---|
| ૧૯૮૫ | વર્ષ | ૬ | ગામોની કામગીરી કરવી. |
| ૧૯૮૬ | વર્ષ | ૬ | પસંદ કરાયેલા મહત્વ ના ગામો |
| ૧૯૮૭ | વર્ષ | ૬ | ગામો |
| ૧૯૮૮ | વર્ષ | ૬ | ગામો |
| ૧૯૮૯ | વર્ષ | ૯ | ગામો ।છેલ્લા વર્ષે ૩ ગામ વધારે લેવા અને અધૂરી કામગીરી પૂરી કરવી। |

આવાસ – રહેઠાણ :

હેતુ લઘુ વિસ્તારના ગામોમાં ખાસ આદિવાસીના કુટુંબોને આવાસ – યોજનાનો લાભ આપવો. જેથી તેમને શકય

હોય તેટલો લાભ મળી શકે.

પંચવર્ષીય યોજનામાં ૨૦૦૦, રહેઠાણ ની યોજના કરવી કે લેવા. પાંચ વર્ષા માં સરખા ભાગે વહેંચણી કરીને કામ કરવુ તેનુ કુલ ખર્ચ અને ૧ મકાનનુ ખર્ચ પણ આવેલ છે. તેમાં વધતી જતી મોંઘવારી મુજબ વધઘટ કરવી.

| ક્રમ | વર્ષ | ૧ઘરની કિંમત અંદાજિત. | એક વર્ષ માં ઘર બનાવવા ની સંખ્યા | કુલ કિંમત |
|---|---|---|---|---|
| ૧. | ૧૯૮૫ | ૨૦૦૦ | ૪૦૦ | ૮,૦૦,૦૦૦ |
| ૨. | ૧૯૮૬ | ૨૦૦૦ | ૪૦૦ | ૮,૦૦,૦૦૦ |
| ૩. | ૧૯૮૭ | ૨૦૦૦ | ૪૦૦ | ૮,૦૦,૦૦૦ |
| ૪. | ૧૯૮૮ | ૨૦૦૦ | ૪૦૦ | ૮,૦૦,૦૦૦ |
| ૫. | ૧૯૮૯ | ૨૦૦૦ | ૪૦૦ | ૮,૦૦,૦૦૦ |
| | કુલ... | ૨૦૦૦ | ૨૦૦૦ | ૪૦,૦૦,૦૦૦ |

સાતમી પંચ વર્ષીય યોજનામાં ઉપરોક્ત દર્શાવવામાં આવેલા બંધાનાર રહેઠાણ માં તમામ પાયાની સુવિધા આપવા નો પણ સમાવેશ થાય છે.

<u>વિજળી ની સગવડ :</u>

૧૯૮૫ થી ૧૯૮૯ સુધી ની પંચવર્ષીય યોજનામાં નવીન થનાર ૨૦૦૦ આવાસોમાં દર વર્ષ ૪૦૦ ઘર માં સુવિધા કરવી.

| ક્રમ | વર્ષ | ઘરો | એક ઘરમાં થતું વિજળીનું ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧. | ૧૯૮૫ | ૪૦૦ | ૩૦૦ | ૧૨,૦૦૦ |
| ૨. | ૧૯૮૬ | ૪૦૦ | ૩૦૦ | ૧૨,૦૦૦ |
| ૩. | ૧૯૮૭ | ૪૦૦ | ૩૦૦ | ૧૨,૦૦૦ |
| ૪. | ૧૯૮૮ | ૪૦૦ | ૩૦૦ | ૧૨,૦૦૦ |
| ૫. | ૧૯૮૯ | ૪૦૦ | ૩૦૦ | ૧૨,૦૦૦ |
| | કુલ... | ૨૦૦૦ | ૩૦૦ | ૬૦,૦૦૦ |

! રૂપિયા ૩૦૦ નો ખર્ચ વિજળી નો સરસામાન અને ફીટીંગ ગણી થાય !

રહેજ લઘુ વિસ્તાર ના આદિવાસીઓ અત્યંત ગરીબ દશામાં જીવન જીવતા હોવાથી જીવન નિર્વાહ માટે સતત જીવન સંઘર્ષ માં જીવી રહયા છે. સતત પરિશ્રમ ને કારણે શકિત દિવસે દિવસે ક્ષીણ થાય છે. વિટામીનો ના અભાવ ને કારણે અનેક રોગો ના ભોગ બને છે.

આરોગ્યપ્રદ ઘરોના અભાવ ને કારણે નાના - નાના ઘરોમાં અનેક વ્યકિતઓ સાથે રહેતા હોવાથી તેમજ પુરતા કપડાં ના અભાવ ના કારણે તેજ કપડાં શરીર પર ભીંજાય અને સુકાય જેને લીધે અનેક પ્રકાર ની બિમારીઓ ના ભોગ બને છે. ચામડી ના દર્દો પણ એટલા જ પ્રમાણ માં થાય છે. આમાંય નાના બાળકો વૃધ્ધો અને સુવાવડી સ્ત્રીઓ પોષણક્ષમ ખોરાક નહી મેળવી શકતા હોવાથી નાની મોટી બિમારીઓ થી પિડાય છે. જે માટે આરોગ્ય ની પૂરેપુરી સુવિધાઓ તેમના માટે આવશ્યક બની જાય છે. પોકેટ નો વિસ્તાર ૬૫ ટકા આદિવાસી વસ્તિ છે. આરોગ્ય કેન્દ્ર ની પેટાશાળાઓ ખોલવી જોઇએ. ડોકટર, નર્સ ની વ્યવસ્થા કરવી જોઇએ, વૃધ્ધો -

બાળકો અને સગર્ભા સ્ત્રીઓ માટે પોષણ આહાર કેન્દ્રો ખોલવા જોઇએ.

| | પ્રથમવર્ષ | બીજાવર્ષ | ત્રીજાવર્ષ | ચોથાવર્ષ | પાંચમાવર્ષ |
|---|---|---|---|---|---|
| ૦-૬૦ પૈસા લેખે બાળકદીઠ દૈનિક ખર્ચ, ૩૬૦ દિવસ માટે ૫૦૦ બાળકો નુ ખર્ચ | ૧૦૮૦૦૦ | ૧૦૮૦૦૦ | ૧૦૮૦૦૦ | ૧૦૮૦૦૦ | ૧૦૮૦૦૦ |
| કુલ પાંચ વર્ષ નુ ૫,૪૦,૦૦૦ | | | | | |
| પોષણલક્ષી આહાર અને વિટામીનયુક્ત ગોળીઓ સગર્ભા- સ્ત્રીઓ, વૃધ્ધો માટે દૈનિક વ્યકિતદીઠ એક રૂપિયો લેખે ૫૦૦ વ્યકિતઓ માટે નુ ખર્ચ | ૧૦૮૦૦૦ | ૧૦૮૦૦૦ | ૧૦૮૦૦૦ | ૧૦૮૦૦૦ | ૧૦૮૦૦૦ |
| કુલ પાંચ વર્ષ નુ ૫,૪૦,૦૦૦ | | | | | |

કુલ બાળકો અને સગર્ભા નુ ખર્ચ ૯,૮૦,૦૦૦ આરોગ્ય માટે.

આર્થિક :

ખેતી :- આ વિસ્તાર ના આદિવાસીઓમાં ઘણા ઓછા પ્રમાણ માં જમીન ધરાવે છે. જેની પાસે જમીન ના હોય તેમને સરકારી ગૌચર કે ખરાબાની કે ગામતળ ની જમીન આપવી જોઇએ ખેતી અંગે સાદી સુજ ધરાવે છે. ખેતી ના સાધનો, બળદો અને સુધારેલા બીયારણો આપી પોતાની જાતપર પગભર થાય

તેવુ કરવુ જોઇએ. આ વિસ્તાર માં બગાયત ની ખેતી વિશેષ જોવા મળે છે. તો બગાયત ની ખેતી તરફ વાળવા જોઇએ.

ખેતી લાયક જમીનો આપવી અને જમીન સુધારણા કરવી તેમજ સુધારેલ બી ખાતર વગેરે આપવાની પાંચ વર્ષ માટેની યોજના.

જમીનો આપી તેની સુધારણા કરવી ૧૦૦ કુટુંબો ને ૫ વર્ષ ના તબક્કાવાર જમીન આપવી જેમાં દરેક કુટુંબ ને ૪ એકર જમીન આપવી. । ૪ એકર – ૧.૬ હેકટર । અને તેને સરખી કરીને સોંપવી । આ જમીનો જંગલ ની ગોચર સરકારી ખરાબા કે અન્ય રીતે પ્રાપ્ત થયેલી હોય તે આપવી ।

| | પ્રથમ વર્ષ | કુલ ખર્ચ |
|---|---|---|
| ।૧। | જમીનનું લેવલીંગ કરવું રૂપિયા ૨૦૦૦ હેક્ટરદીઠ ખર્ચ થાય તો ૨૦૦૦ ૧૦ કુટુંબ | ૨૦,૦૦૦ |
| ।૨। | સુધારેલ બીયારણ અને રસાયણિક ખાતરો વગેરે કુટુંબ દીઠ ૧૦૦૦ રૂપિયા ૧૦ | ૧૦,૦૦૦ |
| ।૩। | કુટુંબદીઠ ૧૦૦૦ રૂપિયા ખેતી ના સાધનો માટે આપવા ૧૦ કુટુંબ ૧૦૦૦ રૂપિયા | ૧૦,૦૦૦ |
| ।૪। | બળદો અને બળદો માટેનુ છ માસનું સુધીનુ ખર્ચ ૭૫ ટકા સબસીડી ના ધોરણે રૂપિયા ૨૦૦૦ કુટુંબદીઠ ૧૦ કુટુંબ | ૨૦,૦૦૦ |
| | | ૬૦,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| १. | प्रथम वर्ष | १० कुटुंब | ६०,००० |
| २. | बीजा वर्ष | २० कुटुंब | १,२०,००० |
| ३. | त्रीजा वर्ष | २० कुटुंब | १,२०,००० |
| ४. | चोथा वर्ष | २० कुटुंब | १,२०,००० |
| ५. | पांचमा वर्ष | ३० कुटुंब | १,८०,००० |
| कुल | पांचवर्षना | कुल १०० कुटुंब ना | ६,००,००० |

પશુપાલન :-

આ રહેજ લઘુ વિસ્તાર ના આદિવાસીઓ ને પગભર કરવા હોય તો આર્થિક રીતે અન્ય વ્યવસાયો તરફ તેમને લઇ જવા અગવશ્યક બને છે. તેમાં તેમની ઇચ્છા પશુપાલન છે. પણ તેને અમુક જમીન અને રાહત મળે તો પશુપાલન કરી શકે. આલમાં બકરાં, મરઘા કે ભાગની ભેંસ !પાડો! રાખતા હોય છે. તો તેમને પોતાના પશુ આપવામાં આવે તો તેઓ પૂરકરોજી મેળવી શકે તે માટે તેમને આર્થિક સહાય કરવામાં આવે તો પશુપાલન ધ્વારા પુરક રોજી પ્રાપ્ત કરવાની શકિત ધરાવે છે.

મરઘા ઉછેર :-

આ વિસ્તાર ના આદિવાસીઓને મરઘા આપવા જેમાં એક મરઘો અને બે મરઘી નુ યુનિટ રાખવું. । જેમાં ૫૦ ટકા સબસીડી ના ધોરેણે । ૧ મરઘી ૧ મહિના માં ખર્ચ બાદ કરતાં રૂા. ૧ નો નફો આપે છે. ૧૦૦ મરઘી રાખતાં મહિનો રૂા. ૧૦૦ નો ચોખ્ખો નફો મળે ૧૦૦ મરઘી નુ નાનુ ફાર્મ પૂરતુ રોજી માટે પુરતુ છે.

| ક્રમ | વર્ષ | કુટુંબો | ૫૦ ટકા સબસીડીને ધોરણે કિંમત ૧ રૂ. | |
|---|---|---|---|---|
| ૧. | પ્રથમ વર્ષ | ૨૦ | ૫૦ | ૧,૦૦૦ |
| ૨. | બીજા વર્ષ | ૨૦ | ૫૦ | ૧,૦૦૦ |
| ૩. | ત્રીજા વર્ષ | ૨૦ | ૫૦ | ૧,૦૦૦ |
| ૪. | ચોથા વર્ષ | ૨૦ | ૫૦ | ૧,૦૦૦ |
| ૫. | પાંચમા વર્ષ | ૨૦ | ૫૦ | ૧,૦૦૦ |
| કુલ | પાંચ વર્ષ માં | ૧૦૦ કુટુંબના | કુલ... | ૫,૦૦૦ |

બકરા :

આ આયોજનમાં બકરા ૫૦ ટકા સબસીડી ના ધોરણે ૧૦૦ કુટુંબો ને બકરા આપવામાં આવે તો અત્યંત ગરીબ પરિસ્થિતિ માં જીવતા આદિવાસી બાળકો ને દૂધ મળી શકે અને તે દ્વારા કેટલાક વિટામીનો પ્રાપ્ત કરી શકે આ માટે કુટુંબ દીઠ બે બકરીઓ આપવી બે બકરીઓનું યુનિટ કુટુંબવાર આપતાં રૂપિયા થાય.

| ક્રમ | વર્ષ | કુટુંબો | બે બકરીના યુનિટના ૯૦ટકા સબસીડીપ્રમાણે | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧. | પ્રથમ વર્ષ | ૨૦ | ૪૦૦ | ૮,૦૦૦ |
| ૨. | બીજા વર્ષ | ૨૦ | ૪૦૦ | ૮,૦૦૦ |
| ૩. | ત્રીજા વર્ષ | ૨૦ | ૪૦૦ | ૮,૦૦૦ |
| ૪. | ચોથા વર્ષ | ૨૦ | ૪૦૦ | ૮,૦૦૦ |
| ૫. | પાંચમા વર્ષ | ૨૦ | ૪૦૦ | ૮,૦૦૦ |
| | | | કુલ – | ૪૦,૦૦૦ |

ભેંસો આપવી :

ગ્રામ્ય વિસ્તારના આદિવાસીઓને ભેંસો આપવામાં આવે તો તે દૂધમાંથી પૂરક આવક પ્રાપ્ત કરી શકે જેમાં ૫૦ ટકા સબસીડી નુ ધોરણ રાખવામાં આવે અને આપેલ ભેંસો માટે નિભાવ ખર્ચ પણ ૫૦ ટકા સબસીડી ને ધોરણે આપવી.

| ક્રમ | વર્ષ | કુટુંબ | ૫૦ટકા સબસીડી ને ધારણે ભેંસની કિંમત | ૭૫ટકા સબ. નિ. ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧. | પ્રથમ વર્ષ | ૨૦ | ૧૧૦૦ | ૫૦૦ | ૨૭૦૦૦ |
| ૨. | બીજા વર્ષ | ૨૦ | ૧૧૦૦ | ૫૦૦ | ૨૭૦૦૦ |
| ૩. | ત્રીજા વર્ષ | ૨૦ | ૧૧૦૦ | ૫૦૦ | ૨૭૦૦૦ |
| ૪. | ચોથા વર્ષ | ૨૦ | ૧૧૦૦ | ૫૦૦ | ૨૭૦૦૦ |
| ૫. | પાંચમા વર્ષ | ૨૦ | ૧૧૦૦ | ૫૦૦ | ૨૭૦૦૦ |
| | કુલ પાંચ વર્ષ માં | ૧૦૦ કુટુંબ ના | | કુલ | ૧૩૫૦૦૦ |

પશુ પાલન ની યોજના નુ કુલ ખર્ચ

| | | |
|---|---|---|
| ।૧। | મરઘાં ઉછેર | ૫,૦૦૦ |
| ।૨। | બકરી આપવી | ૪૦,૦૦૦ |
| ।૩। | ભેંસો આપવી | ૧,૩૫,૦૦૦ |
| | કુલ ... | ૧,૮૦,૦૦૦ |
| | માછીમારીઉછ | ૨૦,૦૦૦ |
| | કુલ પશુપાલન નુ ખર્ચ | ૨,૦૦,૦૦૦ |

સામાન્ય રીતે આદિવાસીઓમાં માંસ તરફ કે માછલી તરફ સુગ નથી અને તેઓ માછલી ખાય છે. આ માછલી નદી તળાવોમાંથી પકડી લાવીને કે વેચાતી લાવીને ખાય છે. તો આર્થિક રીતે પુરક રોજી અને રોજ બરોજ ના ખોરાક માટે માછીમારી દ્વારા કેટલાક જથ્થો પ્રાપ્ત કરી શકે તે માટે ૧૦૦ કુટુંબોને માછલી પકડવાની જાળ આપવી જોઇએ. ૧૦૦ ટકા સબસીડી ના ધોરણે જેનો અર્થ કુટુંબદીઠ ૨૦૦ રૂપિયા થાય.

| ક્રમ | વર્ષ | કુટુંબો | કિંમત । કિંમતદીઠ । | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧. | પ્રથમ વર્ષ | ૨૦ | ૨૦૦ | ૪,૦૦૦ |
| ૨. | બીજા વર્ષ | ૨૦ | ૨૦૦ | ૪,૦૦૦ |
| ૩. | ત્રીજા વર્ષ | ૨૦ | ૨૦૦ | ૪,૦૦૦ |
| ૪. | ચોથા વર્ષ | ૨૦ | ૨૦૦ | ૪,૦૦૦ |
| ૫. | પાંચમા વર્ષ | ૨૦ | ૨૦૦ | ૪,૦૦૦ |
| | | | કુલ.. | ૨૦,૦૦૦ |

શિક્ષણ :-

આ લઘુ વિસ્તાર માં મોટેભાગે હળપતિ આદિવાસીઓની સંખ્યા જોવા મળી હતી. તેની સાથે સાથે નાયકા અને ધોડિયા પટેલ પણ હતા. આ રીતે જાતિમાં ખાસ હળપતિઓમાં શિક્ષણ નુ પ્રમાણ ઘણુંજ ઓછુ જોવા મળ્યું. આ માટે આયોજન જરૂરી છે. આમ તો બધાજ આદિવાસીઓમાં શિક્ષણ ની ખાસજરૂર છે. પણ તેમાં હળપતિ ને વિશેષ જોવા મળે છે. કારણ કે હળપતિઓ પહેલે થી જ અનાવિલો, દેસાઇઓ, અને કોળી પટેલ ના ત્યાં હાળી તરીકે કામ કરતા હોય છે. તેના દેવાદાર હોય છે. એટલે તેના બાળકો પણ ત્યાં જ ઢોર ચરાવવા કે નાના મોટા કામ કરવા જાય છે. ટુંક માં

આખુ ઘર જ તેના ત્યાં રોકાયેલુ રહે છે. એટલો કાયમ મળી રહે છે. એટલે તેને ભવિષ્ય ની ચિંતા હોતી નથી. પણ તેમનુ શોષણ આડકતરી રીતે થાય છે. તે તેમને પોતાને ખ્યાલ નહીં હો તો ગરજવાન ને અક્કલ ના હોય તેવુ આ હળપતિ ઓ માટે છે. આ માટે તો ખાસ યોજના બનાવવી જોઇએ. જેથી તેમના શિક્ષણ વધે તો તેમનામાં થોડીસમજ વધે તો તે શોષણ માંથી મુક્તિ પ્રાપ્ત થાય. માટે શિક્ષણ માટે તેમને પ્રોત્સાહન પણ આપવુ જોઇએ. હાલમાં સ્કોલરશીપ આપવામાં આવે છે. પણ તેથી વિશેષ પણ તેમને લાભ આપવો જોઇએ. તેમના માટે પ્રૌઢ શિક્ષણ ના વર્ગો ચાલુ કરવા જોઇએ અને શિબિરો કે સેમિનારો કરીને પણ તેમના જાગૃતિ લાવવી આ માટે પાંચ વર્ષ માં જુદા જુદા વિસ્તારોમાં સેમિનારો અને શિબિરો કરવી આવી જાગૃતિ લાવી શકાય. સામાન્ય રીતે તો સરકારી રીતે તો શિક્ષણ ની સગવડ સંપૂર્ણ મળે છે. પણ તેમાં સ્પેશ્યલ કેશ તરીકે આ માટે વિચારવાની જરૂર જણાય છે. આયોજન માટે ખાસ સરકારે ધ્યાન આપવામાં આવે તો જરૂરી આયોજન થઇ શકે.

## બીજા કાર્યક્રમો :-

### સંદેશા વ્યવહાર :

હળપતિઓમાં અને બીજા આદિવાસીઓમાં સામાન્ય શિક્ષણ તરફ રૂચિ વધે તેમની જાણકારી માં વધારો થાય એ માટે ગ્રામીણ માહિતી પ્રસારણ યોજના હેઠળ ગ્રામ પંચાયતો ને રેડિયો - ટી.વી. જાહેર માં રાખી શકાય. તેવી રીતે જો આપવામાં આવે તો તેમનામાં ઘણી જાણકારી મળી રહે તેમનામાં જાગૃત્તિ આવશે. આ આદિવાસીઓનો વસાહત ગામથી ઘણે દૂર હોય છે. તેવો વિસ્તાર પસંદ કરવા જોઇએ.

વાહન વ્યવહાર :-

ઉંડાણ વિસ્તારમાં વસતી સગવડ હોય તો આ સગવડ નો લાભ હળપતિઓને મળે તે જરૂરી છે. સાતમી પંચ-વર્ષીય યોજનામાં તમામ ગામોમાં સગવડ મળે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. જો કે હાલમાં મોટી સંખ્યામાં ગામોને સાંકળી લેવાય તે માટે જાહેર બાંધકામ ખાતુ અને ગુજરાત રાજ્ય માર્ગવાહન વ્યવહાર નિગમ મળીને હેતુ સિધ્ધ કરે.

ટપાલ સેવા :-

ખાસ કરીને ઉંડાણ ના વિસ્તારમાં ટપાલ સેવા નું માળખુ ખુબજ અપૂરતું હોવાથી લોકો ને નિયમિત ટપાલ મળતી નથી. તેમજ લોકોને પત્ર, ટિકિટો, પણ મળતી નથી.

આ સેવા મળી રહે તે માટે એવું સૂચન કરવામાં આવે છે કે ગામના શિક્ષિત આદિવાસી જે બેકાર હોય તેને પોસ્ટ ની ટિકિટો, કવર, પત્ર વગેરે વેચવાની પરવાનગી આપવી જોઇએ. તેમજ આદિજાતી વિસ્તાર પેટા યોજના ધ્વારા આ યુવાન ને સોંપવામાં આવે. આ ભાઇ દરરોજ બ્રાન્ચ પોસ્ટ ઓફિસ માંથી ટપાલ લાવશે. અને ગામોની પોસ્ટ લાવશે. આ યોજના પોસ્ટ એન્ડ ટેલિગ્રાફ વિભાગ ધ્વારા ચાલુ છે. પરંતુ એક ગ્રામ્ય ટપાલ પાસે ૪.૫ ગામો હોવાથી તેને ઘણી મુશ્કેલી પડે છે. તો તે વિચારવામાં આવે તો ઘણી બધી મુશ્કેલીઓ ઓછી થાય.

અન્ય :-

ક્ષેત્રકાર્ય દરમ્યાન આ આદિવાસી ઓમાં ખોટા દાગીના બનાવતા જોયા હતા. એનો અર્થ એ થાય છે કે આ આદિવાસીઓમાં દાગીના બનાવવા માટે કુશળતા છે. તો જો

આ કુશળતા ઓને વિકાસ થાય તો તેમને આર્થિક રીતે ફાયદો થાય અને તેમની કળા – કારીગરી ને વિકાસ થાય આ આદિવાસીઓ ફરસાણ જેવી વાનગીઓ બનાવે છે. તેના માટે પણ તેને પ્રોત્સાહન મળી રહે. આવુ આયોજન કરવુ અથવા તો આયોજન કરવા સૂચન ને પાત્ર છે.

આ મોટા દાગીના બનાવતા ફક્ત બે કુટુંબોના વડીલો ને જોયા હતા. આ માટે સર્વે કરી ને તાલુકા કક્ષા એ આ ઉદ્યોગ કરી શકાય. તો તેના માટે તાલીમ વર્ગ કે તાલીમ શાળા ઉભી કરીને સરકાર તરફથી લોન, સબસીડી આપીને આ ઉદ્યોગ ખરી રીતે કરી શકાય.

---

## પ્રકરણ : ૧૭

## તારણો :

ગુજરાત રાજ્યના પેટા વિસ્તારમાં ન આવવા છતાં જેની વસતિ ૫૦ ટકા જેટલી આદિવાસીઓની છે. તેવા જ લઘુ વિસ્તારો છે. તેમાં રહેજ લઘુ વિસ્તારમાં ૩૨ ગામો નો સમાવેશ કરેલ છે. વલસાડ જિલ્લાના ગણદેવી તાલુકામાં આ લઘુ વિસ્તાર આવેલો છે. આ ગામોના આદિવાસીઓ પેટા યોજનામાં આવતી નથી. તેથી આદિવાસી વિકાસ ના કેટલાક લાભથી વંચિત રહી જાય છે. અને તેમની આર્થિક સ્થિતી તો બીજા આદિવાસીઓ જેવી જ છે. ~~અને તેમની આર્થિક સ્થિતિ તો બીજા આદિવાસીએ જેવી જ~~ છે. તેમને ઉચા લાવવા આયોજનની જરૂર છે. એ રીતે આ અહેવાલ માં તેને લગતા વિષય, તેની પૃષ્ઠભૂમિકા, સામાજિક સરચના તેની અર્થ વ્યવસ્થા, આયોજન ના સિધ્ધાંતો અને હેતુઓ ધ્વારા આયોજન આપવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રસ્તુત અહેવાલ નો ઉદ્દેશ્ય લઘુ વિસ્તાર ની વિગતવાર, ઉંડાણપૂર્વકની તપાસ કરી તપાસ ના આધારે લઘુ વિસ્તારના લોકોની જરૂરિયાત સમજીને તેની વિગતો ની ચકાસણી કરી અનુસૂચિત જન જાતિ માટેનુ આયોજન કરવાનો છે.

આ અહેવાલ તૈયાર કરવા માટે કુટુંબ પત્રક મુલાકાત માર્ગદર્શિકા ધ્વારા ગામની પાયાની સગવડો તેમના સામાજિક સબંધો, તેની ગૃહ વ્યવસ્થા અને કૌટુંબિક માહિતી એકઠી કરી હતી. સમય મર્યાદાને કારણે નિદર્શન કરીને પાંચ ગામો પસંદ કર્યાં હતા. જે નીચે મુજબ છે. ૧. રહેજ, ૨. પાથરી, ૩. દુવાડા, ૪. વેગામ, ૫. સોનવાડી. આ પાંચ ગામોમાંથી ૧૦૦ કુટુંબોને સર્વેક્ષણમાં આવરી લેવામાં આવ્યા હતા.

આ સર્વેક્ષણ પરથી કેટલાક તારણો નીકળે છે. જે નીચે પ્રમાણે છે.

।૧। સમ્પર્કથી વ્યક્તિનું વલણ બદલાય છે. તેવી માન્યતા સમાજમાં પ્રવર્તે છે. પરંતુ લઘુ વિસ્તારના આ ગામોમાં આ ધારણા મહદ અંશે ખોટી પડે છે.

।૨। આ પોકેટ ના તમામ ગામોમાં પ્રાથમિક શાળાની સુવિધા છે. છતાં આદિવાસીઓમાં શિક્ષણ નું પ્રમાણ ઓછુ છે. સર્વેક્ષણ નો પાંચે ગામોમાં અભણ ની સંખ્યા વિશેષ હતી. આ ગામોના હળપતિ અને નાયકા જાતિમાં શિક્ષણ નું પ્રમાણ ઘણુંજ ઓછુ છે.

।૩। જે ગામોમાં આદિવાસી ખાતેદારો ઓછા છે. તે ગામમાં કુલ જમીન માં ખેડાણ ની જમીન વધુ છે. અને જયાં આદિવાસી ખાતેદારો વધુ છે. તે ગામોમાં કુલ જમીન માં ખેડાણ લાયક જમીન ઓછી છે.

।૪। ૧૯૭૧ થી ૧૯૮૧ ના ગાળા માં લઘુ વિસ્તારના ગામોમાં આદિવાસી વસતી નું પ્રમાણ કુલ વસતિ કરતાં વધારે છે.

।૫। અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબ માં જમીન વગર ના કુટુંબ વધારે છે. જયારે જમીનવાળા કુટુંબો ઓછા છે. લગભગ ૮ કુટુંબો જમીનવાળા અને ૯૨ કુટુંબો જમીનવગર ના છે.

।૬। જમીન વગર ના કુટુંબો માં શિક્ષણ નું પ્રમાણ જમીનવાળા કરતાં ઓછુ છે.

।૭। ધોડિયા કરતાં નાયકા અને હળપતિ જાતિમાં શિક્ષણ નું પ્રમાણ ઓછુ છે. તેમાં પણ સ્ત્રી શિક્ષણ નું પ્રમાણ નહીવત છે.

!८! આ વિસ્તાર ની આજુ બાજુ તાલુકા ના સ્થળો અને મોટા શહેરો જેવા કે ગણદેવી, બિલીમોરા, નવસારી અને ચીખલી આ શહેરોમાં સામાન્ય ! રોજી ! મજૂરી અને ઘરકામ પણ મળી રહે છે. એનો અર્થ એ થાય છે કે ખેત મજૂરી સિવાય અન્ય મજૂરી પણ ઉપલબ્ધ છે.

!૯! આ વિસ્તાર ના આદિવાસીઓની આર્થિક સ્થિતિ અને બીજા આદિવાસીઓની આર્થિક સ્થિતિ માં કોઇ ફરક જોવા મળતો નથી. તેમના વ્યવસાય અને રોજગારી મિલ્કત આવક ખર્ચ દેવુ જ બતાવે છે.

!૧૦! સર્વેક્ષણ માં આવરી લીધેલા કુટુંબોમાં ૮ જમીનવાળા અને ૯૨ જમીનવગર ના કુટુંબો છે. તેમાં ૬ ધોડિયા જાતિના !તમા જમીન વગરના! ૨૭ નાયકાજાતિ ના ! ૪ જમીનવાળા અને ૨૩ જમીનવગર ના ! અને ૬૭ હળપતિ જાતિના ! ૪ જમીનવાળા અને ૬૩ જમીનવગર ના ! હતા.

!૧૧! રહેજ લઘુ વિસ્તારમાં દરેક કુટુંબ પાસે એક એક રહેવા લાયક છાપરૂ હતુ. જે પોતાની જમીન માં હતુ. આમ કોઇને ભાડુ આપવુ પડતુ નહતુ.

!૧૨! અહિંયા આદિવાસીઓના મકાનો છૂટા છવાયેલા જોવા મળે છે.

!૧૩! અહી મોટાભાગ ના મકાનો ૧૦ X ૧૦ ના ક્ષેત્રફળ માં (૫) ૧૦ X ૧૫ ના (૨૧) ૧૧X ૨૨ ના (૧૭), ૧૨ X ૨૨ ના (૪૩) ૧૫ X ૨૦ ના (૧૨) અને ૨૦X૨૫ ના (૨) મકાનો હતા. મકાનની સરેરાશ ઉંચાઇ ૮ થી ૧૦ ફૂટ ની હતી. મોટાભાગ ના મકાનો એક રૂમવાળા હતા.

(ચાલુ)

।१४। આ દિવાસીઓના મકાનની ઇંટ દિવાલો વાંસ માટી અને ઉપર લીંપણવાળી જોવા મળી હતી. તેમાં વાંસ લીંપણવાળી [८६] માટી (७) અને ઇંટ ની (७) હતી.

।१५। આ મકાનોમાં છાજ ઘાસ, પાન વિલાયતી નળિયા વાળા હોય છે. તેમાં વિલાયતી નળિયા (८८) અને ઘાસ પાન ના १२ મકાન હતા.

।१६। १०० કુટુંબમાંથી १८ કુટુંબ પાસે પશુ માટેની છાપરી હતી. જ્યારે બાકીના ८१ કુટુંબ પાસે પશુ માટેની છાપરી નહતી.

।१७। તપાસના १०० કુટુંબ માં કુલ ५३२ વ્યૂક્તિ ઓ છે. જેમાં १८० પુરૂષ અને १६५ સ્ત્રીઓ કમાનાર છે. જ્યારે १०१ પુરૂષ અને ७६ સ્ત્રીઓ નહી કમાનાર છે.

।१८। ધોડિયા અને નાયકા માં બાળમજૂરી નુ પ્રમાણ ઓછુ છે. જ્યારે હળપતિ માં વિશેષ જોવા મળે છે.

।१८। હળપતિ માં બાળક નાનુ હોય ત્યાર થી જ મજૂરી કે જમીન માલિક ના ત્યાં ગોવાળ તરીકે જાય છે. તેથી તેમનામાં શિક્ષણ નુ પ્રમાણ ઓછુ છે.

।२०। સર્વેક્ષણ માં આવરી લીધેલ १०० કુટુંબોમાંથી તમામ કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેત મજૂરી જોવા મળી હતી. તેમાંથી १६ પુરૂષ અને १ સ્ત્રી નોકરી કરે છે, २ પુરૂષ ધંધો કરે છે. અને १ પુરૂષ ને ७ સ્ત્રીઓ અન્ય કામ કરે છે.

।२१। મુખ્ય વ્યવસાય તરીકે કોઇ પશુપાલન કે નોકરી કરતુ નથી. ખેતી કરતા કુટુંબો ગૌણ વ્યવસાય તરીકે કરે છે.

।૨૨। આ આદિવાસીઓના ગૌણ વ્યવસાયમાં છૂટક મજૂરી અને ઘરથાટી અને પશુપાલન કરે છે.

।૨૩। ખેતીના સાધનો જમીનવાળા પાસે વધુ જોવા મળે છે. જેમાં ૫ લાકડાના હળ, ૩ લોખંડ ના હળ, ૨ કરબ, ૩ સમાર, ૩ વાવણિયા, ૨ નાના ઓજારો, અને ૪ લાકડાના પૈડાવાળા ગાળા હતા. એન્જિન કે ટ્રેકટર જેવા અદ્યતન ખેતીના સાધનો આ વિસ્તાર ના આદિવાસીઓ પાસે જોવા મળતા નથી.

।૨૪। આ વિસ્તારમાં મોટેભાગે એલ્યુમિનિયમ ના અને માટીના વાસણો જોવા મળયા હતા.

।૨૫। આ વિસ્તારમાં સૌથી વધુ આંબાના જયારે સૌથી ઓછા મહુડાના વૃક્ષો જોવા મળયા હતા.

।૨૬। આ લઘુ વિસ્તારના તપાસ ના પાંચ ગામ ના આદિવાસીઓ જે જમીનવાળા છે. તેમાં કુલ જમીન ૧૩ એકર ને ૧૪ ગુંઠા છે. તેમાં ૧૨ એકર પિયત છે. જયારે ૧ એકર ને ૧૪ ગુંઠા બિનપિયત જમીન જોવા મળી હતી.

।૨૭। લઘુ વિસ્તારના આદિવાસીઓ વિવિધ વ્યવસાય માંથી આવક મેળવે છે. સૌથી વધારે આવક તેઓ ખેત મજૂરી માં થી રૂા. ૧૭૭૧૦૦ અને ખેતીમાંથી રૂપિયા ૧૨૭૦૦ વેપાર ધંધામાંથી રૂપિયા ૮૦૦૦ અને નોકરીમાંથી રૂપિયા ૨૬૯૦૦ આવક મેળવે છે.

આ ઉપર થી સ્પષ્ટ થાય છે કે આ લોકો સૌથી વધુ ખેત મજૂરી અને તેની જોડાયેલા છે. અન્ય ધંધા માટે જોઇએ તેવી સૂઝ નથી.

।२८। જેમની પાસે જમીન છે. તેઓને પણ બીજી આવક મેળવવા માટે અન્ય વ્યવસાય માં જવું પડે છે.

।२९। આ વિસ્તારના તપાસ ના * १०० કુટુંબો ની વાર્ષિક આવક રૂપિયા २२७२०० થાય છે. કુટુંબ દીઠ સરેરાશ આવક રૂપિયા २२७२ છે. તેમાંથી ખેતી, ખેતમજૂરી કે અન્ય ધંધા માટે ખર્ચ બાદ કરવામાં આવે તો તેની વાર્ષિક આવક ઘણી જ ઓછી થાય છે. એટલે કે વાર્ષિક ભરણ-પોષણ માટે ઘણી જ ઓછી જણાય છે. આમ આ વિસ્તાર ના આદિવાસીઓની આર્થિક સ્થિતિ ઘણી જ નબળી જોવા મળે છે.

।३०। આ આદિવાસીઓની માસિક કુટુંબદીઠ રૂા. १९०-२०० છે. એટલે કે વ્યક્તિદીઠ માસિક આવક રૂા. ५० જેવી થાય ભાવ સપાટી કરતાં નીચે ગણી શકાય.

।३१। આ વિસ્તારનું કુલ વપરાશી ખર્ચ રૂા. ३४४९५१ છે. અને આવક કરતાં ખર્ચ વધારે છે. આથી જોઇ શકાય છે કે તેઓને દેવું કર્યા વિના બીજો છૂટકો નથી.

।३२। મોટાભાગ ના કુટુંબો આવક ના પ્રમાણ માં ખર્ચ ને પહોંચી વળતા નથી. રોજ રોજ નું લાવી ને ખાવું પડે છે. કુટુંબ માં ક્યારેક લગ્ન કે અન્ય સામાજિક પ્રસંગ આવે ત્યારે આકસ્મિક ખર્ચ આવે તેમને માટે એ ખર્ચ કાઢવો મુશ્કેલ બને છે. આ ને કારણે આદિવાસીઓ દેવું કરતા હોય છે.

।३३। સર્વેક્ષણ માં આવરી લીધેલ १०० કુટુંબોમાંથી ६१ કુટુંબો દેવાદાર છે. બાકીના ३९ કુટુંબો દેવાદાર નથી. સૌથી વધુ ખાનગી દેવું છે. તેઓ ખાસ કરીને શાહુકાર વેપારી કે સગાસબંધી પાસેથી વ્યાજે અને ઉછીના પૈસા લે છે. આમ આદિવાસીઓ એક યા

।३४। દેવું કરવાને કારણે તમોને વ્યાજ પણ આપવું પડે છે. આ વ્યાજનો દર ૪ ટકા થી માંડીને ૧૫ ટકા સુધી નો હોય છે.

।३५। દેવું ભરપાઇ ન થવાના કારણો માં એક કરતાં વધુ કારણો મળતા હતા. તેમાં ૮ કુટુંબે ખેતી ની આવક ૯૨ કુટુંબ મજૂરીની આવક અને નોકરીની આવકમાંથી તેમજ અન્ય કામ કરીને દેવું ભરપાઇ કરશે એમ જણાવ્યું છે.

।३६। આ વિસ્તાર ના મોટાભાગ ના પુરૂષો ખેતી, ખેત મજૂરી અને મજૂરીનું કામ કરતાં હોય છે.

।३७। સ્ત્રીઓ ઘરકામ ઉપરાંત જરૂરિયાત ની ચીજવસ્તુઓ લાવવાનું તેમજ ખેત - મજૂરી અને અન્ય મજૂરી નું કામ કરતી હોય છે.

।३८। બાળકો ઢોર ચરાવવાનું, નાના ભાઇ–બહેનોને સાચવવાની અને તેમનાથી થઇ શકે તેવા કામમાં મદદ કરવાનું કાર્ય કરે છે. આમ દરેક કુટુંબ ના સભ્યો પોત પોતાનાથી થાય તેવું કામ કરતા હોય છે. એક યા બીજી રીતે મદદરૂપ બનતા હોય છે.

।३९। જેમની પાસે ખેતી છે. તેમને બીજી આવક મેળવવા માટે અન્ય વ્યવસાય માં જવું પડે છે.

।४०। આદિવાસીઓની આર્થિક સ્થિતિ નબળી હોવા છતાં પણ તેઓ જમીન ગીરો કે વેચાણ કરતા નથી.

।४१। આદિવાસીઓને જે તે યોજનાઓનો લાભ આપ્યા પછી લાભ લેનાર લાભાર્થી ને કેટલી રકમ કયારે આપવાની છે. તેની વિગતે માહિતી પ્રાપ્ત થતી નથી. તેથી લાભાર્થીઓને યોજનાના અમલીકરણમાં

રોકાયેલી વ્યક્તિઓને શંકા ઉભી થાય છે. તેથી ગામના અન્ય લોકો યોજનાનો લાભ લેવાની ઇચ્છા ઓછી દર્શાવે છે.

।૪૨। આરોગ્ય યોજનાનો લાભ કોઇ કુટુંબ ને મળયો નથી. આ લોકો આરોગ્ય અંગેની જાણકારી મળે તે માટેના પ્રયત્નો કરવા જોઇએ.

।૪૩। આ વિસ્તાર ના લોકો નવા ધંધો કરવાની ઇચ્છા તો રાખે છે. પરંતુ તે અંગે ની પૂરતી માહિતી તેઓ પાસે હોતી નથી. તેમજ તે ધંધા માટે તાલીમ, સાધનો અને નાણા નો લાભ તેમને અલ્પ પ્રમાણ માં મળયા છે.

।૪૪। આ વિસ્તારમાં પિયત ની સગવડ સારી છે. પણ આદિવાસીઓ પાસે આ સગવડ નહીવત છે. તેથી તેઓને ખેતી માટે કુદરત પર આધાર રાખવો પડે છે.

।૪૫। આ વિસ્તાર ના સર્વેક્ષણ વખતે મકાન, પ્લોટ ની જરૂરિયાત અંગે પૃચ્છા કરી હતી તો જાણવા મળયુ કે નવા પ્લોટો ની ૪૮ કુટુંબે કરી હતી. નવા મકાન માટે પણ અને મકાન ના સમારકામ માટે ૪૬ જણાએ ઇચ્છા દર્શાવી હતી.

।૪૬। આદિવાસીઓના વિકાસ માં બિન આદિવાસી ઓનુ વલણ પ્રતિકૂળ રહયુ છે.

।૪૭। સરકારશ્રી તરફથી વિકાસ માટે જે સહાય મળી છે. તેમાં નાયકા, હળપતિ જેવી જાતિઓ ને આ સમય નો લાભ અલ્પ પ્રમાણ માં મળયો છે.

૧૪૮। પોકેટ ના વિસ્તારના લોકો નુ મરઘા પાલન અંગે નુ વલણ દેખાતુ નથી. જો તેઓને આ વ્યવસાય અંગે પૂરતી માહિતી આપવામાં આવે તો અને તેના લાભથી સમજાવવામાં આવે તેમજ તેઓને પ્રોત્સાહિત કરવામાં આવે તો તેઓ જરૂર થી ગરીબોની રેખા ઉપર આવી શકે.

૧૪૯। આદિવાસી વિકાસ માટે જે યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાથી તેઓનો વિકાસ થશે તેવો આત્મસાન તેમને થયો નથી. તેથી દરેક વિકાસ લક્ષી યોજનામાં તેઓ જોઇએ તેટલા સહભાગી થયા નથી.

૧૫૦। આદિવાસી વિકાસ માટે જે યોજનાઓ અમલ માં છે. તે યોજનાથી લાંબા ગાળા નો ફાયદો થાય તેવો નથી.

આ બધા જે પ્રશ્નો છે. તેના અનુસંધાન માં આદિવાસીઓના વિકાસ માટે પાયાનુ સામાજિક સાંસ્કૃતિક અને આર્થિક આયોજન કરવુ જરૂરી છે. જેના સૂચનો પ્રકરણ – ૬ માં આપવામાં આવ્યા છે.

ટુંક માં આદિવાસીઓ ગરીબાઇ અને દયાજનક સ્થિતિમાંથી બહાર આવે તેમજ તે લોકો માં જાગૃતિ આવે અને પોતાની સ્થિતિ પ્રત્યે સભાન બને તેવા પ્રયાસો કરવા જોઇએ.

---

# પરિશિષ્ટ ૮

## રહેજ લ વિના ગ્રામો ની યાદી, એમાં અનુસૂચિત જનજાતિ ની વસતિ : ! લઘુ વિસ્તાર !

### ૧૯૮૧ મુજબ

| ક્રમ | ગામ ના નામ | અનુસૂચિત જનજાતિની વસતિ | | |
|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ |
| ૧. | રહેજ | ૩૭૩ | ૩૨૭ | ૭૦૦ |
| ૨. | અભેટા | ૫૭૨ | ૫૭૫ | ૧૧૪૭ |
| ૩. | પાટી | ૪૮૬ | ૪૭૬ | ૭૬૨ |
| ૪. | દેસાડ | ૪૫૨ | ૪૩૪ | ૮૮૬ |
| ૫. | ખેરગામ | ૩૭૦ | ૩૭૨ | ૭૪૨ |
| ૬. | વડસાંગલ | ૧૭૨ | ૧૭૪ | ૩૪૬ |
| ૭. | દુવાડા | ૨૯૩ | ૨૮૮ | ૫૮૧ |
| ૮. | ધનોરી | ૬૫૧ | ૬૨૩ | ૧૨૭૪ |
| ૯. | એધણ | ૧૩૧૮ | ૧૩૫૦ | ૨૬૬૮ |
| ૧૦. | પીપલધરા | ૪૬૮ | ૪૮૭ | ૯૫૫ |
| ૧૧. | ખાપરિયા | ૩૪૧ | ૩૩૪ | ૬૭૫ |
| ૧૨. | મટવાડ | ૩૩૮ | ૩૫૭ | ૬૯૫ |
| ૧૩. | ગણદેવા | ૨૦૮૧ | ૨૦૪૭ | ૪૧૨૮ |
| ૧૪. | પાથરી | ૩૩૯ | ૩૧૯ | ૬૫૮ |
| ૧૫. | તોરણગામ | ૩૩૦ | ૨૯૬ | ૬૨૬ |
| ૧૬. | દેવધા | ૩૦૪ | ૨૮૧ | ૫૮૫ |
| ૧૭. | ધમડાછા | ૭૩૧ | ૬૮૫ | ૧૪૧૬ |
| ૧૮. | કછોલી | ૧૦૯૪ | ૧૦૭૦ | ૨૧૬૪ |
| ૧૯. | ખખવાડા | ૨૦૨ | ૧૮૬ | ૩૮૮ |
| ૨૦. | સોનવાડી | ૪૧૬ | ૩૮૬ | ૮૦૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧. | સાલેજ | ૬૯૬ | ૬૩૯ | ૧૩૩૫ |
| ૨૨. | કોલવા | ૨૭૩ | ૨૨૪ | ૪૯૭ |
| ૨૩. | ઇરકતપોર | ૩૧૩ | ૨૫૧ | ૫૬૪ |
| ૨૪. | ગડત | ૨૯૩ | ૨૭૭ | ૫૭૦ |
| ૨૫. | માણેકપોર | ૩૬૨ | ૩૨૫ | ૬૮૭ |
| ૨૬. | પિંજરા | ૧૦૨ | ૧૦૧ | ૨૦૩ |
| ૨૭. | વેગામ | ૫૨૩ | ૪૭૭ | ૧૦૦૦ |
| ૨૮. | વગલવાડ | ૧૦૯ | ૮૪ | ૧૯૩ |
| ૨૯. | કલવાચ | ૨૪૨ | ૨૫૯ | ૫૦૧ |
| ૩૦. | ગંધોર | ૧૧૧ | ૧૧૧ | ૨૨૨ |
| ૩૧. | અરજાઇ | ૭૩૯ | ૭૦૯ | ૧૪૪૮ |
| ૩૨. | સરીખુર્દ | | | ૪૩૦ |
| ૩૩. | વલોટી | | | ૧૦૯૧ |
| | કુલ... | | | |

## પ રિ શિ ષ્ટ ૮

### મુલાકાત લીધેલ વ્યક્તિઓ ના નામ

| ક્રમ | મુલાકાતીનુ નામ | કામ–હોદ્દો | સરનામુ |
|---|---|---|---|
| ૧. | શ્રી મહેન્દ્રભાઇ દેસાઇ | સરપંચ | રહેજ ગ્રામ પંચાયત, તા. ગણદેવી, જીલ્લો – વલસાડ |
| ૨. | શ્રી મગનભાઇ હળપતિ | વકીલ | ગણદેવી, તાલુકો – ગણદેવી, જીલ્લો – વલસાડ |
| ૩. | શ્રી પાનવાલા સાહેબ | તાલુકા વિકાસ – અધિકારી | તાલુકા પંચાયત, ગણદેવી, જીલ્લો – વલસાડ |
| ૪. | શ્રી ભખુ ડાહ્યાભાઇ હળપતિ | સરપંચ | સોનવાડી, તા.ગણદેવી !વલસાડ! |
| ૫. | શ્રી ભગુભાઇ ઝીણાભાઇ હળપતિ | જિલ્લા પંચાયત સં. ન્યાય સમિતિના સભ્ય | સોનવાડી, તા.ગણદેવી !વલસાડ! |
| ૬. | શ્રી ખાલપભાઇ પરાગભાઇ | સામાજિક ન્યાય સમિતિ તાલુકા સભ્ય | વેગામ, તા.ગણદેવી, જી.વલસાડ |
| ૭. | શ્રી બળવંતભાઇ લલ્લુભાઇ દેસાઇ | પ્રમુખ | ગડત વિભાગ વિવિધ કાર્યકારી સહકારી ખેડૂત મંડળ, તા.ગડત. |
| ૮. | શ્રી મહેન્દ્રભાઇ નાયક | સરપંચ | પાથરી ગ્રામ પંચાયત તા.ગણદેવી, |

# પ રિ શિ ષ્ટ

## સંદર્ભ સૂચિ


(૧) ગુજરાતના આદિવાસીઓ શ્રી વિમલ શાહ

(૨) ગુજરાતના દુબળાઓ શ્રી પી. જી. શાહ

(૩) ટ્રાયબલ સબપ્લાન

(૪) આદિવાસી ગામોમાં સમૃધ્ધિ શ્રી ગીરીશભટ્ટ
અને ગરીબીની ગત્યાત્મકતા (એમ ફીલ નિબંધ)

## ક્ષેત્ર ડાયરી ના પાના – અનુભવ કથાઓ

રહેજ લઘુ વિસ્તારમાં મારે તાલુકાની અને ગામડાની માહિતી એકત્ર કરવાની હતી. પહેલા દિવસે સવારે અમદાવાદ થી નીકળી સાંજના પોણા પાંચ વાગે નવસારી ગયો ત્યાંથી બિલીમોરા રેસ્ટહાઉસ નુ રિઝર્વેશન લઇને સાંજે બિલીમોરા ગયો. બીજા દિવસે તાલુકા પંચાયત ગણદેવી ગયો રોસ્ટર હડતાળ હોવાથી માહિતી મળી નહીં આથી તાલુકા વિકાસ અધિકારીશ્રી પાનવાલા સાહેબ ની મુલાકાત બપોરે ૩ વાગે થઇ. તેમની સાથે કામગીરીની ચર્ચા કરી સાંજે બિલીમોરા પરત ગયો. પછી ત્રીજા દિવસ થી ગામડામાં માહિતી માટે જવાનુ ચાલુ કર્યું.

સૌથી પહેલાં રહેજ ગામની મુલાકાત લીધી. અહિંયા આદિવાસીઓમાં ફક્ત હળપતિ જ રહે છે. બાકીના કોળી પટેલ છે. આ ગામમાં આદિવાસીઓની પરિસ્થિતિ ઘણી જ ખરાબ છે. કોઇને પણ પોતાની ખેડવા માટેની જમીન નથી. તથા કોળી પટેલ ની વસતિ બિન આદિવાસીઓમાં છે. તેઓ મજૂરી કરાવવામાં ઓછુ માને છે. જાતે મહેનત વધારે કરે છે. આથી ખેતમજૂરી ની છૂટક મજૂરી નુ પ્રમાણ પણ ઘણુજ ઓછુ પણ બાજુમાં ગણદેવી તાલુકા સ્થળ હોય ત્યાં છૂટક કડિયાકામ, રોડ માં તથા ઘરકામ માર્કેટ ની છૂટક મજૂરી કરીને પોતાનુ નિર્વાહ ચલાવે છે. એક કુટુંબ ખોટા દાગીના પણ ઉચક મજૂરી એ બનાવવા લાવે છે. બનાવી ને લઇ જાય છે.

આ ગામના સરપંચશ્રી મહેન્દ્રભાઇ દેસાઇ ને મળયો હતો. તેમની સાથે પણ આદિવાસીઓની સ્થિતિ અંગે ઘણી જ ચર્ચા થઇ. મે તેમને ખેતી માટે જમીન અંગે વાત કરી તેમણે કહયુ કે અહિંયા કોઇ ગોચર કે એવી પડતર જમીન અમારી પંચાયતમાં

નથી. જેથી તેમને આપી શકાય. આ રીતે ઘણા વખત મજૂરી ના પણ મળે ત્યારે ભૂખ્યા પણ રહે છે. આ ગામમાં શિક્ષણનુ પ્રમાણ ઘણું જ ઓછુ છે.

રહેજ પછી દુવાડા ગામની મુલાકાત લીધી. આ ગામમાં પ્રવેશતાં જ દારૂની ગંધ ખૂબજ આવી. મુલાકાત દરમ્યાન જાણવા મળ્યું કે આ દિવાસીઓમાં દારૂનુ પ્રમાણ વિશેષ છે. બે કુટુંબ ને મળયો પણ ત્રીજા કુટુંબ માં ગયો તો કુટુંબ ના વડા દારૂમાં બેભાન અર્ધા ખાટલામાં અર્ધા ખાટલા બહાર પડયા હતા. મારી સામે ખૂબજ ગુસ્સો કર્યો મને થયુ કે જરૂર આજે માર ખાવો પડશે. પણ બચી ગયો. પણ દારૂ ખૂબજ આ નાયકા આદિવાસીમાં પિવાય છે. તે જોયુ મજૂરી ના ૫૦ ટકા કરતાં વધારે દારૂમાં જાય છે. તેવુ લાગ્યુ.

આ પછી વેગામની મુલાકાત લીધી. વેગામમાં ખાલપભાઈ હળપતિ તાલુકા પંચાયત માં સામાજિક ન્યાય સમિતિના સભ્ય છે. સારી માહિતી આપી અને કુટુંબમાંથી માહિતી લેવા માટે ખૂબજ મદદરૂપ થયા. આ ગામમાં સારો સહકાર મળયો. ખરાબ કોઇ અનુભવ નથી. આ પછી પાથરી ગામની મુલાકાત લીધી. આ ગામમાં સરપંચ ના બાપુજી ઘણા ઉત્સાહી અને મહેનતુ છે. હાલમાં પાંચ કાયુ સીમ્પાલની યોજના કરી રહયા છે. તેમાં દિવસ ના ૧૫ આદિવાસીઓને રોજી મળે છે. આ ગામમાં બાળમાટી (ખડી) નીકળે છે. અને તે બિલીમોરા બેંગ્લોરી નળિયા બનાવવા જાય છે. આ ગામમાં આદિવાસીઓની સ્થિતિ આર્થિક રીતે નબળી છે. છતાં પણ લગભગ મજૂરી મળી રહે છે.

આ પછી સોનવાડી ગામની મુલાકાત લીધી. સોનવાડી અંબિકા નદીના કાંઠા પરનુ ગામ છે. વિશેષતા એ છે કે ગામમાં બધી જ બગાયત ની જમીન છે. બીજું કે આ

ગામમા સરપચ હળપતિ આદિવાસી છે. અને તે પણ વર્ચસ્વવાળી વ્યકિત છે. થોડા આદિવાસીઓ અનાબિલો ની વાડીઓ મા રહે છે. ૪૫ નવા મકાન મા અને ૨૮ પણ સરકારી યોજના હેઠળ બનાવેલ મકાનો મા રહે છે. આ રીતે આ ગામ મા આદિવાસીઓનો સારો સહકાર મળયો હતો.

ઉપર જુદા જુદા । લઘુ વિસ્તાર ના । પાચ ગામો ની મુલાકાતો અંગે ચર્ચા કરી તેમા એક દારૂડિયા સિવાય કોઇ ખરાબ અનુભવ થયા નથી. ઘણી જગ્યાએ પગે ચાલીને જવુ પડયુ પણ તેનુ કોઇ દુ:ખ નથી. પણ આદિવાસી પોતાની રજુઆત કરતા કરતા અચકાતા હતા. આ પરિસ્થિતિ હોવાથી ઘણી વખત સરપચ કે ગામ આગેવાનો સહકાર કે મદદ લઇને કામ કરતો હતો. ખાસ મુશ્કેલી પડી નથી. ચોમાસાનો સમય હતો. કોઇકવાર વરસાદ પડતો તો કોઇ ઝાડ નીચે કે કોઇ આદિવાસી ના ઘરે ઉભો રહીને બંધ થાય ત્યારે આગળ નીકળતો આ રીતે આ ક્ષેત્રકાર્ય એકદરે સારૂ રહયુ.

cccccccccccc